આઠ ભાષાઓમાં બે લાખ કરતાં વધારે પ્રતોનું મુદ્રણ

## વિશ્વાસ માટે આહાર

બાઈબલ અનુસાર માર્ગદર્શિકા

**રિચાર્ડ એ. બેનેટે** અમેરિકા, કેનેડા, યુરોપ અને આફ્રિકામાં મુખ્યત્વે મંડળીઓ, કોન્ફરન્સો અને બાઈબલ કોલેજોમાં પિસ્તાળીસ કરતાં વધારે વર્ષો સુધી વ્યક્તિગત રીતે ધર્મસેવા કરી છે. તેમનું બાઈબલ શિક્ષણ ટ્રાન્સ વર્લ્ડ રેડિયો અને ફાર ઈસ્ટ બ્રોડકાસ્ટીંગ કોર્પોરેશન મારફતે વીસ વર્ષોના લાંબા સમય દરમિયાન પાંચ ખંડોમાં નિયમિત સ્વરૂપે બ્રોડકાસ્ટ થયું હતું. રિચાર્ડ અને તેમના પત્ની ડૉરોથી વ્યૂહાત્મક ધર્મસેવાઓ મારફતે ઉત્થાન પામેલા પ્રભુ ઈસુ ખ્રિસ્તને લોકો નીકટતાપૂર્વક ઓળખે તેવી સહાય કરવાની પ્રામાણિક ઈચ્છા ધરાવે છે.

વધુમાં વધુ લાભ પ્રાપ્ત કરવા માટે આ આધ્યાત્મિક ખોરાકની પ્રશંસા કરવી, ઉપભોગ કરવો, અને આત્મસાત કરવું આવશ્યક છે. આ પ્રક્રિયા કઈ રીતે સ્થાન પામે છે તે ડૉ. બેનેટ આપણને દર્શાવે છે.

**ડૉ. સ્ટીફન એફ. ઓલ્ફોર્ડ**

Authentic

ISBN : 978-81-7362-865-8
9788173628658 00350
Food for faith (*Gujrathi*)

વિશ્વાસ માટે આહાર રિચાર્ડ એ. બેનેટ

# વિશ્વાસ માટે આહાર



રિચાર્ડ એ. બેનેટ

## આરાધના

સાચી આરાધના (ભક્તિ) ઈશ્વરના વચનમાં સર્વોપરી જીવંત પ્રભુ ઈસુ ખ્રિસ્તને પ્રગટ કર્યાં છે તેમના ઉપર નમ્રપણે મન-વિચાર અને અંતઃકરણથી ધ્યાન કેન્દ્રિત કરે છે. જ્યારે પણ આમ બને છે ત્યારે સમર્પણ અને સ્તુતિમાં તેમની સમક્ષ આંતરિક રીતે નમવાનું વલણ હશે.

(પૃષ્ઠ નં. ૯૬)

## સાક્ષી

અસરકારક સુવાર્તાપ્રચાર છલકાવાના પરિણામે - આત્માથી ભરપૂર વિશ્વાસીના જીવનમાંથી પવિત્ર આત્માના છલકાવા દ્વારા થાય છે અને આ રીતે આંતરિક વાસો કરનાર ખ્રિસ્તની વાસ્તવિકતા અન્ય લોકો સમક્ષ પ્રગટ થાય છે.

(પૃષ્ઠ નં. ૧૨૫)

## યુદ્ધ

જ્યારે તમે ઈશ્વરના વચન પ્રમાણે પ્રાર્થના કરો છો ત્યારે તમે ઈશ્વરની ઇચ્છા પ્રમાણે પ્રાર્થના કરો છો અને તમે શેતાન ઉપર તથા આધ્યાત્મિક જીવનને અવળે માર્ગે લઈ જવાના તેના પ્રયત્ન ઉપર વિજય મેળવ્યો છે તે તમે જાણો તેવી ઈશ્વરની ઇચ્છા છે.

(પૃષ્ઠ નં. ૯૮)



www.ccim-media.com

# વિશ્વાસ માટે આહાર

# વિશ્વાસ માટે આહાર

**બાઈબલ અનુસાર**
**ઈશ્વર સાથે સતત અને જીવંત સંગત માટે**
**માર્ગદર્શિકા**

*લેખક*
*રિચાર્ડ એ. બેનેટ*

*અનુવાદક*
*રેવ. નેરીઅસ ધોળકિયા*



આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં ક્રોસ કરંટ્સ ઈન્ટરનેશનલ મિનિસ્ટ્રીઝ મારફતે સુવાર્તાની ધર્મસેવામાં મારી પત્ની અને મારી સાથે જેઓએ ખૂબ વિશ્વાસુપણે પરિશ્રમ કર્યો છે તેવા પ્રત્યેક સહ-કાર્યકરોને સ્નેહપૂર્વક આ પુસ્તક અર્પણ કરું છું.

**વિશ્વાસ માટે આહાર** પુસ્તક ક્રોસ કરંટ્સ ઈન્ટરનેશનલ મિનિસ્ટ્રીઝ અને ઈન્ટરનેશનલ પ્રિઝન મિનિસ્ટ્રીના મિશનરી અનુવર્ધન તરીકે અગાઉ અન્ય ભાષાઓમાં પ્રકાશિત થઈ છે. વધુ મિશનરી અનુવાદો અને છપામણીઓ પ્રતિક્ષા કરી રહ્યાં છે.

*Viswaasmate Aahaar*
(Gujarati)

**Food for Faith**
by Richard A. Bennett
Copyright © 1994, 1998 by Cross Currents Intl. Ministries

First Gujarati edition 2002
Revised edition 2008
ISBN-13: xxx-xx-xxxx-xxx-x
ISBN-10: xx-xxx-xxx-x

Published by Authentic India

| | |
|---|---|
| India | P. O. Box 2190, Secunderabad 500 003, Andhra Pradesh. www.authenticindia.in |
| UK | 9 Holdom Avenue, Bletchley, Milton Keynes, MK1 1QR, UK www.authenticmedia.co.uk |
| USA | 1820 Jet Stream Drive, Colorado Springs, CO 80921, USA. www.authenticbooks.com |


All rights reserved.
No part of this publication may be reproduced in any form or by any means, electronic, or mechanical, including photocopying, recording, or any information storage and retrieval system, without permission in writing from the publisher.

The sociological, political, doctrinal views of the author may not necessarily be those of the publisher.

Authentic Books is an imprint of Authentic India, the publishing division of STL OM Books India.



# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | આમુખ | 11 |
| | પ્રસ્તાવના | 13 |
| ૧. | **દૈનિક ઉલ્લાસ** | 21 |
| ૨. | **મન-વિચાર અને અંતઃકરણ** | 31 |
| | *મન-વિચાર* | |
| | *અંતઃકરણ* | |
| ૩. | **પ્રાર્થનાપૂર્વક તૈયારી** | 47 |
| | *તમે ઘૂંટણિયે પડો* | |
| | *તમારા અંતઃકરણને ખુલ્લું કરો* | |
| | *મારો સ્વર્ગીય દૃષ્ટિકોણ* | |
| ૪. | **ઈશ્વરની સમક્ષતામાં શાંત-મનન** | 83 |
| | *આધીનતાનું કાર્ય* | |
| | *વિશ્વાસનો પ્રતિભાવ* | |
| | *આરાધનામાં વાસ્તવિકતા* | |
| | *શત્રુ પ્રત્યેની સાવધાની* | |
| ૫. | **વિશ્વાસનું પરિબળ** | 107 |
| ૬. | **અન્યને જણાવવાનો સમય** | 121 |
| | *ઊભરાતો-છલકાતો સુવાર્તાપ્રચાર* | |

| | | |
|---|---|---|
| ૭. | **ફળ કે અગ્નિ** | 135 |
| | *કોરા કાગળો* | |
| | *વેડફેલા વર્ષો* | |
| | *સનાતન પ્રકાશ* | |
| ૮. | **આવો અને ભોજન લો** | 145 |
| | **પરિશિષ્ટ** | |
| | ક. બાઈબલ અભ્યાસ | 165 |
| | ખ. ઈશ્વરની સમક્ષતામાં શાંત-મનન | 166 |
| | ગ. દૈનિક પ્રાર્થના સૂચિ | 167 |




# આમુખ

ડૉ. રિચાર્ડ એ. બેનેટનું નવું પુસ્તક **''વિશ્વાસ માટે આહાર''ની** ભલામણ કરવાની આ તક છે. આ તેમના અગાઉના પુસ્તક **''ઈશ્વર માટે તમારી ઝંખના''**નું યોગ્ય અનુગામી છે. માનવી વિશ્વાસ દ્વારા ઈશ્વર પાસે આવી શકતો નથી (હિબ્રૂ ૧૧:૬)અને વિશ્વાસ વિના તે ઈશ્વર માટે જીવન જીવી શકતો નથી (રોમન ૧:૧૭). આમ કરવા માટે પ્રારંભિક રીતે (રોમન ૧૦:૧૭) અને અવિરતપણે (૧ પિતર ૨:૧-૩, હિબ્રૂ ૫:૧૨-૧૪) વિશ્વાસને **પોષણ** આપવાનું જરૂરી બને છે. પ્રભુ ઈસુએ આ વાતનો અંતિમ નિર્ણય કરતા જાહેર કર્યુ હતું, ''માણસ એકલો રોટલીથી નહિ, પણ હરેક શબ્દ જે ઈશ્વરના મોંમાંથી નીકળે છે તેથી જીવશે'' (માથ્થી ૪:૪). યર્મિયાએ અગાઉ આ સિદ્ધાંતને દઢ કરતાં લખ્યું હતું, ''તારાં વચનો મને પ્રાપ્ત થયાં ને મેં તેઓને ખાધાં અને તારાં વચનોથી મારાં હૃદયમાં આનંદ તથા હર્ષ ઉત્પન્ન થયો, કેમકે હે યહોવા, સૈન્યના ઈશ્વર, તારા નામથી હું ઓળખાઉં છું'' (યર્મિયા ૧૫:૧૬).

વધુમાં વધુ લાભ પ્રાપ્ત કરવા માટે આ આધ્યાત્મિક ખોરાકની **પ્રશંસા કરવી, ઉપભોગ કરવો** અને **આત્મસાત કરવું** આવશ્યક છે.

આ પ્રક્રિયા ઈશ્વર સાથેના આપણા "એકરૂપતાના" સમયોમાં કઈ રીતે સ્થાન પામે છે તે વિશે ડૉ. બેનેટે દર્શાવ્યું છે. આ સંબંધી પ્રકરણ-૮ વિશેષ રીતે ખૂબ મહત્ત્વનું છે.

સામાજીક મનુષ્યવાદના સમયમાં જ્યારે સામાન્ય ખ્રિસ્તી વ્યક્તિના વિચારોને એ રીતે પ્રભાવિત કરવામાં આવે છે કે આંતરિક વસવાટ કરનાર (ગલાતી ૨:૨૦) ખ્રિસ્ત ઉપર સંપૂર્ણપણે **વિશ્વાસ આધારિત** બન્યા વિના તે ઈશ્વર માટે જીવન જીવી શકે છે ત્યારે આ **"વિશ્વાસ માટે આહાર"** પુસ્તક આપણ સર્વને માટે સ્વર્ગમાંથી આવેલા સંદેશા સમાન બને છે. આ પુસ્તક લોકોના હાથોમાં પહોંચે ત્યારે ઈશ્વર તેની ધર્મસેવાને આશિષથી ભરપૂર કરે.

**ડૉ. સ્ટીફન એફ. ઓલ્ફોર્ડ**
મેમ્ફીસ, ટેન્નેસ્સી

# *પ્રસ્તાવના*

**વિ**શ્વાસ માટે આહાર'' પુસ્તક ખરેખર **''ઈશ્વર માટે તમારી ઝંખના''** જે પુસ્તકનું લેખન મારી પત્ની અને મારા લગ્નના પચ્ચીસ વર્ષની ઉજવણીના સમયે મેં કર્યું હતું તેનું અનુગામી છે. તે સમયે અમે સુવાર્તાના સંદેશની આ પ્રારંભિક રજૂઆત લેખન, મુદ્રણ અને પ્રકાશન દ્વારા ઈશ્વર પ્રત્યેનો અમારો આભારીભાવ અભિવ્યક્ત કરવાને ઈચ્છતા હતા.

''ઈશ્વર માટે તમારી ઝંખના'' નું પ્રથમ મુદ્રણ પચ્ચીસ હજાર પ્રતનું થયું હતું. ત્યાર પછી તો ઈશ્વરે તેમના પ્રત્યે કરેલા અમારા આ સરળ પ્રેમ-સમર્પણને ખૂબ નોંધપાત્ર રીતે આશીર્વાદિત કરવાને યોગ્ય ગણ્યું છે.

આજે તો સમગ્ર વિશ્વમાં પચાસ કરતાં વધારે ભાષાઓમાં તેની લગભગ ત્રીસ લાખ પ્રતોનું વિતરણ થયું છે અને આ પુસ્તકની માંગમાં સતત જંગી વધારો થતો રહ્યો છે. આ પુસ્તકના વાંચન મારફતે વિશ્વના અનેક ભાગોમાં લોકો નવા જન્મના અનુભવમાં આવ્યાં છે. તેના અહેવાલો સાંભળવા તે અમારા સૌથી મહાન આનંદોમાંનો એક છે.

તે પછી અમારા લગ્નની ત્રીસ વર્ષની ઉજવણીનો સમય આવ્યો





હતો ! આ વચ્ચેના વર્ષો દરમ્યાન સુવાર્તા માટે દ્વાર ખુલ્લા થયા હતા અને તેથી **''ઈશ્વર માટે તમારી ઝંખના''** નું જે રીતે વિતરણ થયું તેનો વિચાર દસ વર્ષ અગાઉ અમે કદી જ કરી શક્યા નહોતા. પરિણામ સ્વરૂપે **''વિશ્વાસ માટે આહાર''** પુસ્તકનું મુદ્રણ અને પ્રકાશન કર્યા સિવાય બીજી કોઈ ઉત્તમ રીતે અમે આપણા સ્વર્ગીય પિતા પ્રત્યેના અમારા વૃદ્ધિ પામતા પ્રેમ અને આભારને અભિવ્યક્ત કરી શકતા નથી. ઈશ્વરે જેમ **''ઈશ્વર માટે તમારી ઝંખના''** પુસ્તકનો ઉપયોગ કર્યો છે તેમ આ બીજા પુસ્તકને પણ અહીં અને સમગ્ર વિશ્વના દેશોમાં જેઓએ ખ્રિસ્તમાં નવું જીવન મેળવ્યું છે તેઓની સહાય કરવામાં ઉપયોગી બનાવે.

તેમ છતાં **''વિશ્વાસ માટે આહાર''** એ કેવળ **''ઈશ્વર માટે તમારી ઝંખના''** પુસ્તકનું અનુગામી નથી. ડૉરોથી અને હું ભરોસો રાખીએ છીએ કે જેઓ પ્રભુ સાથે વધુ નિકટતમ સંબંધ રાખવાની ઈચ્છા રાખે છે તે પ્રત્યેક વિશ્વાસીને તે ચોક્કસપણે મદદરૂપ બનશે. તેનું લેખન એવી પ્રામાણિક પ્રાર્થના સાથે થયું છે કે તેનું વાંચન કરનાર પ્રત્યેક વ્યક્તિ ભાઈ કે બહેન પોતાના ખ્રિસ્તી જીવનમાં વિશેષ સહાય અને ઉત્તેજન પામી શકે.

***''વિશ્વાસ માટે આહાર''*** **પુસ્તક ખરેખર સહજ રીતે વાંચવાનું પુસ્તક નથી કે પછી એકવાર વાંચન કર્યા પછી તેને બાજુ પર મૂકી દેવામાં આવે તેવું પુસ્તક નથી. એકવાર કાળજીપૂર્વક તેનું વાંચન કર્યા પછી તેને સંદર્ભ માર્ગદર્શિકા તરીકે હાથવગું રાખવું જોઈએ. આ પુસ્તકમાં રજૂ કરેલા સિદ્ધાંતોનું અમલીકરણ આપણા જીવનોમાં વિશ્વાસુપણે કરવામાં આવે તો આપણે ઈશ્વર સાથે નિકટતમ અને સાતત્યપૂર્ણ સંબંધ કઈ રીતે વિકસાવી શકીએ તેનું શિક્ષણ મેળવી શકીશું.**

આપણામાંના ઘણા પ્રસંગોપાત વૈદકીય ''તપાસ'' (Check-up) કરાવવાનું ડહાપણભર્યું માને છે. આમ કરવા માટે આપણે નાણાં અને થોડો સમય ફાળવીએ છીએ. કોઈ પણ શારીરિક સમસ્યાઓનું યોગ્ય નિદાન અને તે પછીની સારવાર માટે ડૉક્ટરે પૂછેલા પ્રારંભિક પ્રશ્નો ઉપર જ મુખ્યત્વે અવલંબે છે. ખ્રિસ્તીઓ માટે પણ પ્રસંગોપાત આધ્યાત્મિક ''તપાસ'' કરાવવાનું ડહાપણ ભરેલું છે. અને આ સર્વ માટે આપણે એકાંતમાં ઈશ્વર પાસે આવીએ છીએ ત્યારે પ્રામાણિક પારદર્શક્તા અને સમયની ફાળવણી માગી લે છે! પ્રત્યેક પ્રકરણના અંતે તમારી પોતાની વ્યક્તિગત ''આધ્યાત્મિક તપાસ'' ના આધારરૂપે કેટલાએક સહાયક પ્રશ્નો સૂચવવામાં આવ્યા છે. આમાંનાં કેટલાએક પ્રશ્નો તમને મૂંઝવણમાં મૂકી શકે છે. પણ યાદ રાખો કે શારીરિક તપાસમાં જે સ્થળે વધુ પડતો દુઃખાવો થાય છે તે જ સ્થળે પ્રશ્નની જડ રહેલી હોય છે !

આ પુસ્તકનું લેખન કરતા મારા મિત્ર સ્વ. ડૉ. જે એડવિન ઓરૈએ મને કહ્યું હતું તે પ્રસંગ મને યાદ આવે છે. તેમણે કહ્યું કે વિશેષ રીતે મધ્યસ્થીની પ્રાર્થનાના એકમાત્ર હેતુ સાથે એક મહત્ત્વના રાષ્ટ્રીય અધિવેશનમાં તેમની સાથે એક સુપ્રસિદ્ધ વક્તાને તથા અન્ય પસંદિત આગેવાનોને સહભાગી થવા આમંત્રણ મોકલવામાં આવ્યું હતું. તેમ છતાં એડવિને ઉલ્લેખેલા આ સુપ્રસિદ્ધ અનામી વક્તાએ વિનયપૂર્વક આમંત્રણનો અસ્વીકાર કર્યો હતો અને પોતાની ઘણી વ્યસ્તતાને કારણે તેઓ આ લંબાવેલી પ્રાર્થના સભાઓમાં હાજરી આપી શકતા નથી તેવો ખુલાસો કર્યો હતો. વળી આ સાથે અસ્વીકારના તેમના પત્રમાં તેમણે ઉમેરો કરતાં લખ્યું હતું કે તેમની પાસે પ્રાર્થના સંબંધી ખૂબ ઉત્તમ સંદેશો છે અને બીજી કોઈક વખત આવી





સભાઓમાં હાજર રહીને ઉપદેશ આપવામાં તેમને આનંદ થશે ! મારા અંતઃકરણમાં હું ખૂબ સભાન છું કે ખરેખર પ્રાર્થના કરવી તેના કરતાં પ્રાર્થના વિશે લેખન કરવું અથવા ઉપદેશ આપવો તે કેટલં બધું સરળ હોય છે. તેથી હું કોઈ નિષ્ણાંત તરીકે નહિ પરંતુ એક ભૂખ્યો વ્યક્તિ બીજા ભૂખ્યાઓને ક્યાંથી તેઓને આહાર મેળવી શકે છે તેવું કહેનાર વ્યક્તિ તરીકે લેખન કરું છું.

મારી પત્ની ડોરોથીએ ''વિશ્વાસ માટે આહાર''ના મારા લેખનકાર્યમાં ઘણું ઉત્તેજન પૂરું પાડ્યું છે. એટલું જ નહિ પણ તેણીએ ઈશ્વર સાથેના મારા એકાંત સમયનું સતત ક્ષણ કર્યું છે અને પ્રોત્સાહન આપ્યું છે. ડોરોથી સાથે મારી મુલાકાત થઈ તે અગાઉ મેં પ્રાર્થના કરી હતી તેવી સી. ટી સ્ટડની પ્રાર્થનાઓમાંની એક વાંચ્યાનું મને સ્પષ્ટપણે યાદ આવે છે. તેના શબ્દો કાંઈક આ પ્રમાણે હતા, ''પ્રભુ, જો મારા માટે તમારી પાસે પત્ની છે તો જ્યારે બાંધછોડ કે છૂટછાટ લેવાનું મને પ્રલોભન થાય ત્યારે મને પ્રેરણા પૂરી પાડનાર તેને અગ્નિથી તપાવેલા લાલ સળિયો ભોંકાવનારી બનાવજો !'' આ પ્રકારની પત્ની સાથે લગ્ન સંબંધ બાંધવાની કેવી ઉમદા તક મને મળી છે. પ્રભુની સ્તુતિ થાઓ !

ખ્રિસ્તમાં મારા પિતા ડૉ. સ્ટીફન ઓલ્ફોર્ડ મને તારનાર પાસે દોરી લાવ્યા તેના હવે તો પચાસ કરતાં વધારે વર્ષો પસાર થઈ ગયા છે. તેમણે તે સમયે બાઇબલ વાંચન અને પ્રાર્થનાના નિયમિત સમયની સર્વોપરી અગત્યતા વિશે મને જણાવ્યું હતું તે માટે હું ઘણો જ આભારી છું.

આ પુસ્તકમાં અભિવ્યક્ત કરેલા અનેક વિચારો ઈશ્વરના વચન ઉપર કરેલા મારા વ્યક્તિગત મનન-ચિંતનમાંથી ઉદ્ભવેલા છે. અન્ય

સત્યો ઈશ્વરના અનેક પસંદિત સેવકો જેઓને પ્રભુ પોતાની કૃપામાં મારા જીવનપથમાં દોરી લાવ્યા તેઓની બાઈબલ અનુસારની આંતરસૂઝમાંથી તારવેલા છે. જો કે આ વિશ્વાસુ પુરુષો અને સ્ત્રીઓની સંખ્યા ઘણી છે એટલે મારા આવા સંક્ષિપ્ત અને વ્યવહારિક પ્રકાશનના સંદર્ભમાં તેઓનો ઉલ્લેખ કરવો સંભવિત નથી તોપણ તેઓ પ્રત્યેક માટે હું પ્રભુની સ્તુતિ કરું છું.

હવે ''વિશ્વાસ માટે આહાર'' ના પ્રકાશન મારફતે પાઉલે વિશ્વાસમાં પોતાના દીકરા તિમોથીને આધિન થવા આજ્ઞા આપી હતી તેમ હવે હું જણાવી શકું, ''જે વાતો ઘણા સાક્ષીઓ સમક્ષ તેં મારી પાસેથી સાંભળી છે તે બીજાઓને શીખવી શકે એવા વિશ્વાસુ માણસોને સોંપી દે'' (૨ તિમોથી ૨:૨).

જો કે આ પુસ્તકનું લેખન પ્રભુ ઈસુ સાથે સતત સંગતનો આનંદ માણવા વિશ્વાસીઓની સહાય કરવા માટે કરવામાં આવ્યું છે. તોપણ જેઓએ પાપોની ક્ષમા અને અનંતજીવનની અદ્‌ભુત ખાતરીનો આનંદ હજુ સુધી જાણ્યો નથી તેઓ પણ આ પુસ્તકનું વાંચન કરશે. જો તમે એવી વ્યક્તિ છો તો બાઈબલમાં યોહાનની સુવાર્તા તરફ તમે ફરો એવું હું તમને આગ્રહભરી વિનંતી કરું છું. ત્યાં આ સુવાર્તા તમને કઈ રીતે તમને વિશેષ સહાય કરી શકે છે તે વિશે તમે વાંચશો. *''પ્રભુ ઈસુ તે જ ખ્રિસ્ત, ઈશ્વરનો દીકરો છે એવો તમે વિશ્વાસ કરો અને વિશ્વાસ કરીને તેના નામથી જીવન પામો માટે આટલી વાતો લખેલી છે'' (યોહાન ૨૦:૩૧).*

**રીચાર્ડ એ. બેનેટ**



# વિશ્વાસ માટે આહાર

*મારી રુચિને તારાં વચન કેવાં મીઠાં લાગે છે !*
*તેઓ મારા મોંઢાને મધ કરતાં વધુ મીઠાં છે !*
*તેથી હું સોના કરતાં, ચોખ્ખા સોના કરતાં પણ*
*તારી આજ્ઞાઓ પર વધારે પ્રેમ રાખું છું.*

*ગીતશાસ્ત્ર ૧૧૯ : ૧૦૩, ૧૨૭.*

**પ્રકરણ ૧**

# દૈનિક ઉલ્લાસ

થોડા સમય અગાઉ જ એ વિનમ્ર ખ્રિસ્તી બહેને પ્રામાણિકપણે વિનંતી કરતા કહ્યું હતું, ‘‘પ્રભુ સાથે હું ખૂબ નિકટનો સંબધ રાખી શકું તે માટે આગ્રહપૂર્વક પ્રાર્થના કરશો.’’ હા, એકબીજા સાથેના અન્ય સંબંધોમાં વિવિધ પ્રકારની નિકટતા હોય છે. અને આ હકીકત ખ્રિસ્તીઓ માટે પણ તેઓના પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથેના સંબંધમાં સત્ય છે.

માનવી સંબંધોમાં પણ લાગણીની સાચી નિકટતાના બંધનો જ્યારે ઈચ્છાઓ એકરૂપ બને, મૂલ્યોની આપ-લે થઈ શકે, સામાન્ય અભિરૂચિ આનંદવામાં આવે, પારદર્શક વાતચીત વ્યવહાર પ્રામાણિકપણે પ્રગટ થશે ત્યારે વિકાસ પામી શકે છે.

ઉદાહરણ તરીકે મારી પત્ની ડૉરોથી અને મને તાજેતરમાં એક પત્ર મળ્યો જે અમારા બંનેના અદ્‌ભુત આનંદનું કારણ બની ગયો. તે બે આફ્રિકનો તરફથી મળ્યો હતો. તેમાં લખ્યું હતું, ‘‘ગઈકાલે અમે બેબી ડોરોથીને હોસ્પિટલમાંથી ઘરે લાવ્યા હતા. તેણીએ પોતાના નામની જેમ નિયમિત બનાવવાનું નક્કી કર્યું હતું. બેબી ડોરોથીનું આગમન સલામત રીતે થયું અને તેનું વજન લગભગ ત્રણ કિલો જેટલું હતું.’’ તેઓ માટે અને તેઓના કુટુંબ માટે કેવો અવાચ્ય આનંદ હતો !

પોતાના નવા આગંતુકને કાળજીપૂર્વક લાવવામાં આવે ત્યારે માતાપિતાના ગર્વને આનંદ સાથે ઓળખવું કેટલું સરળ છે. અને બાળક વૃદ્ધિ પામે છે તેમ આનંદમાં પણ વધારો થતો જાય છે. બાળક પ્રથમ વખત પગ ઉછાળે કે હસવાનો પ્રયત્ન કરે ત્યારે આપણે ઉલ્લાસ સાથે તાકી રહીએ છીએ. નાજૂક આગળીઓ, મૂઠદાર ઘૂંટણો, પહેલું પગલું અને પછી આપણે પ્રથમ શબ્દ “દાદા” કે “મામ્મા” સાંભળીએ છીએ તે અતિ આનંદસભર ક્ષણો !

વૃદ્ધિ માટેની સઘળી ક્ષમતા ધરાવનાર નાનું બાળક ચોક્કસપણે માનવીની સમજણની પર એવો ચમત્કાર છે. અને જેણે હમણાં જ નવા જન્મનો અનુભવ કર્યો છે – આત્મિક જન્મ પામીને આત્મિક પરિપક્વતા તરફની મુસાફરીનું પ્રથમ પગલું ભર્યું છે તે વ્યક્તિ પણ વધુ આશ્ચર્યજનક છે.

તેમ છતાં સંજોગોવસાત જીવન હંમેશાં જન્મથી લઈને પુખ્તતાની પરિપક્વતા પામવાના આનંદના માર્ગનું અનુસરણ કરતું નથી. મારી પત્ની ડોરોથી અને મેં બાળકના જન્મના સમાચાર આપતો પત્ર મેળવ્યો હતો તે જ અઠવાડિયામાં સિનસિનાટી, ઓહિયોમાં રહેતા જૂના મિત્રોની એકવીસ વર્ષની દીકરી મૃત્યુ પામી હતી તેના સમાચાર પણ સાંભળ્યા હતા. એકવીસ વર્ષની ઉંમર સુધી તેણી પોતાની બાળક અવસ્થામાંથી માનસિક, શારીરિક કે સામાજિક રીતે પણ કદી જ વૃદ્ધિ પામી શકી નહોતી તે દુઃખજનક હતું. જો કે તેના માતાપિતાએ તેણીનું નામ કેરલ જોય (આનંદનું ગીત) પ્રેમપૂર્વક રાખ્યું હતું – તોપણ કેરલ મૃત્યુ પામી ત્યારે તે બાળક જ હતી – એકવીસ વર્ષની ઉંમર ધરાવતી બેબી ! પોતાના માતાપિતા સાથે વાતચીત કરવાની તેણીની ક્ષમતા





રૂંધાઈ ગઈ હતી. માનવી દષ્ટિકોણ પ્રમાણે તેણીના જીવનની મુસાફરી ભયંકર રીતે ક્ષતિજનક બની હતી.

અને જેવી રીતે કેરલ બાલ્યાવસ્થામાંથી કદી જ પ્રૌઢત્વ પામી નહોતી તેમ આજના દિવસોમાં મંડળીના લોકો પણ બાલ્યાવસ્થામાંથી પ્રૌઢત્વ તરફ આગળ વધ્યા નથી તેમ લાગે છે. જો કે તેઓ ઘણા વર્ષોથી ખ્રિસ્તી તરીકે ઓળખાય છે તેઓ પ્રભુમાં ખરેખર કદી જ વૃદ્ધિ પામ્યા નથી. છતાં ઈશ્વરે આધ્યાત્મિક પોષણ પૂરું પાડ્યું છે, જો તેનું યોગ્ય વાચન કરવામાં આવે તો દરેક નવો જન્મ પામેલા ઈશ્વરના બાળકના જીવનમાં આધ્યાત્મિક વૃદ્ધિ ઉત્તેજિત થઈ શકે.

બાઇબલ તમારા ખ્રિસ્તી જીવનને આધ્યાત્મિક રીતે રૂંધાતું અટકાવવા માટે ઈશ્વરનો આહાર છે. જો તમે બાળકની આધ્યાત્મિક આતૂરતામાંથી યુવાનીની આધ્યાત્મિક સ્થિરતા સુધી અને અંતે પ્રૌઢત્વની આધ્યાત્મિક પરિપક્વતા સુધી વૃદ્ધિ પામવા ઇચ્છો છો તો તમે ઈશ્વરનું વચન, બાઇબલમાંથી દરરોજ પોષણ મેળવો તે આજ્ઞા છે અને બાઈબલનું વાંચન કેવળ ફરજ બજાવવાના હેતુ કરતાં કાંઈક વધારે બને તેવો ઈશ્વરનો ઈરાદો છે. ઈશ્વરે તૈયાર કરેલા આહારમાં જેઓ સહભાગી બને છે તેવા પ્રત્યેક ભૂખ્યા ખ્રિસ્તીના જીવનમાં તે આનંદસભર તાજગી આપનાર બની રહે તે તેનો હેતુ છે.

હા, જ્યારે તમે ઈશ્વરના વચનને તમારા પોતાના આધ્યાત્મિક પોષણ તરીકે તેનું પાચન કઈ રીતે કરવું તેની સમજણ મેળવશો ત્યારે તે સાચે જ તમારા સતત અને વૃદ્ધિ પામતા સ્રોત સમાન બની રહેશે.

યશાયા પ્રબોધક મારફતે ઈશ્વરે આધ્યાત્મિક ખોરાક માટે જેઓ ભૂખ્યા અને તરસ્યા છે તેઓને તેમની પોતાની મેજ ઉપર તેમની સાથે ભોજન લેવાનું કૃપાવંત આમંત્રણ સઘળાંને આપ્યું છે :

*"હે તૃષિત જનો, તમે સર્વ પાણીની પાસે આવો, જેની પાસે કંઈ પણ નાણું નથી તે તમે આવો; વેચાતું લો અને ખાઓ..જે ખોરાક નથી તેને માટે નાણું શા માટે ખરચો છો ? જેથી તૃપ્તિ થતી નથી તેને માટે તમારી કમાઈ (શા માટે ખરચી નાખો છો) ? કાન દઈને મારું સાંભળો, અને સારું જ ખાઓ, ને સ્વાદિષ્ટ ભોજનથી તમારો જીવ **સંતોષ** પામે. **કાન દો**, મારી પાસે આવો; **સાંભળો** એટલે તમારો આત્મા જીવશે..." (યશાયા ૫૫:૧-૩).*

કારણ કે ઘણા લોકો જ્યારે પ્રત્યક્ષ રીતે ઈશ્વરનું વચન વાંચે છે ત્યારે તેમના વિશ્વાસ માટે તેઓ કઈ રીતે આહાર મેળવી શકશે તેની સમજણ ધરાવતી નથી તેમ લાગે છે. તેથી ખરેખર બાઈબલ વાંચવાને બદલે તેઓને બાઈબલ સંબંધીના પુસ્તકોનું વાંચન કરવું વધારે સરળ લાગે છે. તમારા હાથમાં આ પુસ્તક બાઈબલનો ખુલાસો કરવાનો ઈરાદો રાખતું નથી. પરંતુ તેના બદલે તમે બાઈબલનું વાંચન એ રીતે કરો કે તે પોતે જ તેનો ખુલાસો આપી શકે તેવું ઉત્તેજન આપવાનો છે. પરિણામ સ્વરૂપે તમને પોતાના સ્વર્ગીય પિતા સાથેના પારદર્શિ અને પ્રગાઢતાના જીવનના આનંદમાં વધારો થશે.

મેં અનેક વખત પોતાના વિશ્વાસ માટે આહાર તરીકે બાઈબલના વાંચનનો પ્રારંભ જ કરતા લોકોને કહ્યું છે :

**તમે સમજણ મેળવી શકો તેનું વાંચન કરો અને થોડા જ સમયમાં તમારી સમજણમાં નહિ આવે તેવું કાંઈક તમાર સમક્ષ આવશે. છતાં વાંચન કરો. તે પછી થોડા જ સમયમાં તમે સમજી શકો**





**છો તેવું કંઈક તમારી સમક્ષ આવશે. એમ ધીમે ધીમે તમે જે સમજણ ધરાવો છો તે તમને જેની સમજણ નથી તેની સમજણ આપવામાં સહાયરૂપ બનશે !**

શું આ વાત તમને અર્થપૂર્ણ લાગે છે ? બીજા શબ્દોમાં કદી જ હિંમત હારશો નહિ.

સમગ્ર વિશ્વમાં - વર્ગખંડમાં, લેક્ચર હોલમાં, લાયબ્રેરીઓમાં - લોકો કેળવણીજનક માહિતીનું પાચન કરે છે જે તેઓને "વિચારો માટેનો ખોરાક" પૂરતા પ્રમાણમાં પૂરો પાડે છે. આ રીતે જ જો આપણે બાઈબલને અનેક ધાર્મિક પાઠ્યપુસ્તક તરીકે લઈએ તો આપણને **વિચારો માટેનો ખોરાક** સિવાય બીજું કાંઈ જ પ્રાપ્ત થશે નહિ. તેમ છતાં બાઈબલ પોતે આપણને ચેતવણી આપે છે : "જ્ઞાન (માણસને) ગર્વિષ્ઠ કરે છે, પણ પ્રીતિ (તેની) ઉન્નતિ કરે છે" (૧ કરિંથી ૮:૧).

હા, ઈશ્વરના વચનનું યોગ્ય પાચન કેવી રીતે કરવું તેની સમજણ આપણે મેળવીએ નહિ તો બાઈબલના સત્યનું જ્ઞાન આપણા આધ્યાત્મિક જીવનને સુદઢ કરવાને બદલે બૌદ્ધિક અભિમાન સાથે ગર્વિષ્ઠ બનાવી શકે છે. આપણા પ્રભુ સાથે વ્યતિત કરેલા આપણા દૈનિક સમય દરમ્યાન કેવળ જ્ઞાન મેળવવાને બદલે આપણે તેમની મેજ પાસેથી પોષણ પ્રાપ્ત કરવાની જરૂર છે કે જે આપણને **"વિશ્વાસ માટે આહાર"** પૂરો પાડે.

શૈક્ષણિક હેતુ માટે જ જેઓ બાઈબલનું વાંચન કરે છે તેઓની વિરુદ્ધમાં અનેક આનંદિત વિશ્વાસીઓ છે જેઓએ પોતાના જીવનોમાં સાચું આધ્યાત્મિક પોષણ મેળવવાના વ્યવહારિક અને જીવંત સ્રોત સમાન બની રહે તે માટે ઈશ્વરના વચનના વાંચનનું રહસ્ય શોધી કાઢ્યું

છે તે નોંધપાત્ર છે. આ ખ્રિસ્તીઓ ઈશ્વર સાથે સંગતના જીવનની વધતી જતી વાસ્તવિક્તાનો અનુભવ કરે છે અને તે પ્રક્રિયામાં પ્રામાણિક આરાધના અને ફળવંત ધર્મસેવાનો માર્ગ શોધી કાઢે છે. આ પ્રકારના લોકો સ્વ-સભાનતાના બંધનમાંથી મુક્ત થઈને ઈશ્વર-સભાનતાના આશીર્વાદો માટે માર્ગ મોકળો કરે છે.

પ્રતિદિને ખુલ્લા બાઈબલ અને ખુલ્લા મન-વિચાર સાથે ખાતરીપૂર્વક અને વ્યક્તિગત રીતે ઈશ્વરની સમક્ષતામાં આવવું તે ઈશ્વરના પ્રત્યેક નવો જન્મ પામેલા બાળકની અદ્ભુત તક છે.

તમે સંભવિતપણે આ પ્રશ્ન પૂછી રહ્યાં છો : બાઈબલ વાંચનનો ઉત્તમ માર્ગ કયો છે કે જેથી તે મારા આત્માને પોષણ આપી શકે અને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેમ અને જ્ઞાનમાં વૃદ્ધિ પામવા મને સમર્થ બનાવી શકે ? તેનું રહસ્ય જેને આપણે "સાથે વ્યતિત કરેલા સમય" (Together Time) તરીકે ઓળખાવીએ છીએ. એટલે કે પ્રભુ સાથે વ્યતિત કરેલો સમય તેમાં મળે છે.

"સાથે વ્યતિત કરેલો સમય" ખરેખર તો આપણા જીવંત પ્રભુ સાથે દ્વિમાર્ગી વાર્તાલાપ છે. પોતાના વચન, બાઈબલ મારફતે ઈશ્વર પોતાના બાળકો સાથે વાતચીત કરે છે. ઈશ્વર જે કહે છે તેનો જ્યારે આપણે યોગ્ય અને વ્યક્તિગત પ્રતિભાવ આપીએ છીએ ત્યારે આપણે બાઈબલ પ્રમાણે અને અપેક્ષિત વિશ્વાસ સાથે કઈ રીતે પ્રાર્થના કરવી તે શીખી શકીશું.

જ્યારે હું "બાઈબલ પ્રમાણે પ્રાર્થના કરવી" એમ કહું છું ત્યારે એ અર્થમાં કહું છું કે પ્રાર્થનામાં આપણા પ્રભુને પ્રતિભાવ આપીએ છીએ ત્યારે આપણે વાંચન કરેલા બાઈબલના ખરેખર શબ્દોનો જ આપણે ઉપયોગ કરીએ છીએ. બાઈબલ પ્રમાણે પ્રાર્થના કરવી એટલે





ઈશ્વરની ઈચ્છા સાથે સુસંગત રહીને પ્રાર્થનાની વૃદ્ધિ પામતી ખાતરીનો અનુભવ કરવો.

પવિત્ર આત્મા જ્યારે ઈશ્વરના વચનને આપણી સમક્ષ જીવંત બનાવે છે ત્યારે આપણે બાઈબલના તે શબ્દોનો ઉપયોગ કરીએ છીએ અને આપણા અંતઃકરણમાં જે બોજ હશે તેઓને તે સ્પર્શે છે. આ રીતે પ્રાર્થના કરવા દ્વારા આપણને એક જ પ્રકારની પ્રાર્થનાઓ કરવાથી છુટકારો મળશે એટલું જ નહિ પણ જ્યારે આપણે બાઈબલ પ્રમાણે પ્રાર્થના કરીશું ત્યારે આપણા જીવનમાં તેમના પોતાના હૃદયના વિચારોની અને હેતુઓની વધારે સમજણ મેળવીશું અને પ્રભુ સાથેની સંગતનો આનંદ મેળવી શકીશું.

સાચી પ્રાર્થના ઈશ્વરની ઈચ્છાને પોતાની ઈચ્છામાં ઢાળવાનો પ્રયત્ન કરતી નથી પણ પોતાની ઈચ્છાને ઈશ્વરની ઈચ્છામાં ઢાળવાનો પ્રયત્ન કરે છે. યહોશુઆએ બંને કાંઠે વહેતી યર્દન નદીને પાર કરવા ઈઝરાયલી લોકોને ચમત્કારીક રીતે દોરવણી આપી પછી તેણે એક અજાણ્યા "પુરુષ"નો સામનો કર્યો હતો. યહોશુઆ જાણતો હતો કે કનાન દેશને જીતવા અને તેના વિદેશી રીતરિવાજોમાંથી તેને શુદ્ધ કરવા માટે ઈશ્વર તરફથી તેને આજ્ઞા મળી હતી. તેથી યહોશુઆએ આ અજાણ્યા પુરુષ કે જેના હાથમાં તરવાર હતી તેને પૂછયું હતું, "તું અમારા પક્ષનો છે કે અમારા શત્રુઓના પક્ષનો ?" અજાણ્યા પુરુષ તરફથી મળેલો પ્રત્યુત્તર હતો, 'ના !' આ અજાણ્યા પુરુષના પ્રત્યુત્તરથી યહોશુઆએ અનુમાન કર્યું કે તે તટસ્થ રહેશે . પછી અજાણ્યા પુરુષના અન્ય શબ્દોએ પ્રત્યુત્તરને સ્પષ્ટ કર્યો હતો કે "પણ યહોવાના સૈન્યના સરદાર તરીકે હું આવેલો છું."

તે સમયે યહોશુઆએ યોગ્ય જ સમજણ મેળવી હતી કે અજાણ્યો

પુરુષ કોઈનો પક્ષ લેવાને બદલે સંપૂર્ણ નિયંત્રણ કરનાર હતો! શરણાગતિ-આધિનતાનો નિર્દેશ કરતા પોતાનું મુખ જમીન તરફ નમાવીને યહોશુઆ જાણતો હતો કે તે પ્રભુના સૈન્યોના સરદારની સમક્ષતામાં હતો, કેમકે જે ઠેકાણે તું ઊભો છે તે પવિત્ર છે.' (યહોશુઆ ૫ : ૧૩-૧૫).

એ જ પ્રમાણે આપણી પોતાની પ્રાર્થનાના સમય દરમ્યાન આપણી પોતાની વ્યક્તિગત વિનંતીઓ ઈશ્વર પાસે લાવીને તેમની સમક્ષતા આપણી સાથે રહે તેવી માગણી કરવી જોઈએ નહિ. પણ તેના બદલે આપણે તેમની યોજનાઓ, તેમના હેતુઓ અને તેમના પરાક્રમ સાથે પોતાને એકરાગ કરતા તેમની પવિત્ર હજૂરમાં નમવું જોઈએ.

આ રીતે બાઈબલ પ્રમાણે પ્રાર્થના કરવી એટલે ઈશ્વરના હેતુઓ અને ઈચ્છા સાથે સુસંગત રહીને પ્રાર્થના કરવી. જ્યારે પણ આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણે ઈશ્વરના વચન સાથે પોતાને એકરાગ કરવાનું શીખીએ છીએ, અને તેમની ઈચ્છા સમક્ષ આપણી ઈચ્છાઓને પડતી મૂકવાનું વલણ આપણા પ્રત્યેકનો વૃદ્ધિ પામતો અનુભવ બની શકે છે.

હા, જ્યારે તમો પ્રાર્થનાપૂર્વક બાઈબલનું વાંચન ઈશ્વરની વાણી સાંભળવાની પ્રામાણિક ઈચ્છા સાથે કરો છો ત્યારે તમે 'આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તની કૃપામાં તથા જ્ઞાનમાં' વૃદ્ધિ પામશો (૨ પિતર ૩:૧૮).

***આપણે અગાઉ ધ્યાનમાં લીધું છે કે યશાયા પ્રબોધકે કહ્યું કે જ્યારે આપણે ઈશ્વરની વાણી સાંભળવા આપણા કાનોને ખરેખર એકાગ્ર કરીશું તો પછી ઈશ્વરને જે કહેવું છે તેમાં આપણે સાચેજ આનંદ મેળવી શકીશું.***



## આધ્યાત્મિક તપાસ

૧. મેં નવા જન્મનો અનુભવ કર્યો તેને કેટલો સમય થયો ?

૨. ઈશ્વર સાથેની નિકટની સંગત હમણાં મેળવું છું તેના કરતાં વધુ નિકટતાનો શું મેં કદી આનંદ મેળવ્યો છે ?

૩. અગાઉના પાંચ વર્ષો સાથે મારા આજના જીવનની સરખામણીમાં :

શું હું ઈશ્વર સાથે એકાંતમાં વધુ સમય વ્યતિત કરું છું ?

શું હું મારી પોતાની ઈચ્છાઓમાંથી ઈશ્વરની દોરવણીની સ્પષ્ટપણે પરખ કરી શકું છું ?

*પ્રભુ ! મને શીખવ સાંભળતા;*
*સમય છે ઘોંઘાટિયો અને*
*અનેક સહસ્ર ઘોંઘાટ; મમ કર્ણોને*
*ભેદતા સ્વરો થકીથી મમ કર્ણો છે થાકેલા.*
*કહ્યું છોરા સેમ્યુઅલે તને*
*'બોલ આ સેવક કાજે' દે મને*
*તે ભાવના. મમ અંતરે વદતો*
*સતત હું ય તે સુણી શકું - શક્તિ દે.*
*તપ સ્વરના નાદથી*
*દેખાડ કે જેથી ધરા સ્વર વિનાશે*
*ત્યારે એ જ સ્વર પરિચિત હો, અને નાદ*
*તેહનો તવ વાણીનો જ માત્ર નાદ હો.*
*આમેન.*

*એ. ડબલ્યુ. ટોઝર*



**પ્રકરણ ૨**

# *મન-વિચાર અને અંતઃકરણ*

કેટલાએક વર્ષો અગાઉ કેન્યાના ઉત્તર ભાગમાં પ્રાદેશિક પાળકો અને તેઓની પત્નીઓની એક સભામાં ઈશ્વરનું વચન શીખવવાની તક ડોરોથી અને મને મળી હતી. સાંજના સમયની સભામાં સાંજે ૭.૦૦ કલાકે સહભાગી થવા આ કેટલાએક પાળકોએ તે સવારે ૪.૦૦ વાગ્યાથી મુસાફરીનો આરંભ કર્યો હતો. બાઈબલ વિશે વધુ શીખવાની તેઓની દૃઢ ઈચ્છા દ્વારા અતિ પ્રોત્સાહિત થઈને તેઓએ સૂર્યની પ્રખર ગરમીમાં કે જેને લીધે તેઓની ભૂમિ સૂકાપણા અને દુકાળને કારણે નષ્ટ થઈ હતી તેમાં ચાલીને કઠોર પરિશ્રમભરી યાત્રાનો આરંભ કર્યો હતો.

આ પ્રાદેશિક પાળકોમાંથી સાઈઠથી સિત્તેર ટકા લોકો પાસે પોતાનું બાઈબલ નહોતું તે જોઈને અમે આંચકો અનુભવ્યો હતો. જો કે આ સમર્પિત આગેવાનોમાંના કેટલાએકે તો તાજેતરમાં જ એટલે બે કે ત્રણ વર્ષ અગાઉ જ પ્રભુનો સ્વીકાર કર્યો હતો. તોપણ તેઓના પોતાના લોકો મધ્યેની તેઓની જ્વલંત સાક્ષીઓનો ઈશ્વરે ઉપયોગ કર્યો હતો અને તે દ્વારા આફ્રિકાના જંગલોમાં અનેક નાની

મંડળીઓ સ્થપાઈ હતી.

અમારી સભાના પ્રારંભમાં જ અમે આ પ્રત્યેક પાળકોના હાથમાં બાઈબલ આપવાને સમર્થ બન્યા હતા. તે પછી ઘણા દિવસો સુધી મેં શિક્ષણ આપ્યું હતું. મારો મુદ્રાલેખ આ હતો : "હવે તમારા **હાથોમાં** તમારી પાસે બાઈબલ છે. પણ તમારા હાથોમાંથી તે તમારા **મન-વિચારમાં** પ્રવેશ પામે નહિ ત્યાં સુધી તે તમારા માટે આશીર્વાદ સમાન બની શકશે નહિ ! અને તે પણ તે દિવસોમાં ઈશ્વર તમારા માટે જે ઈરાદાઓ રાખે છે તેનો પૂરેપૂરો આશીર્વાદ તમને આપી શકશે નહિ. કેવળ બાઈબલ ઈશ્વરના વચન તરીકે આ કોન્ફરન્સમાં તમારા **અંતઃકરણમાં** જીવવાની શરૂઆત કરશે ત્યારે જ તે તમારા માટે સનાતન આશીર્વાદ સમાન બનશે. તમારા હાથમાં રહેલું બાઈબલ કઈ રીતે તમારા મન-વિચારમાં સ્થાન પામે અને ત્યાર પછી તમારા મન-વિચારમાંથી કઈ રીતે તમારા અંતઃકરણમાં સ્થાન પામે તે વિશે તમે શીખો તેવો આદેશ છે."

જ્યારે મારી તરૂણાવસ્થાના અંત ભાગમાં મેં નવા જન્મનો અનુભવ કર્યો ત્યારે જ્યાં હું વસવાટ કરતો હતો તે ઈંગ્લેન્ડમાં આવેલા મારા ઘરને મેં તાજેતરમાં જોયું હતું. અમારા ઘરથી થોડે દૂર બત્તીના થાંભલા નીચે ચૌદ વર્ષની ઉંમરનો છોકરો, બોબ ફ્લિન્ટે પણ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો. બોબના નવા જન્મના અનુભવે તેના સમગ્ર જીવનનું ધરમૂળમાંથી પરિવર્તન કર્યું હતું. કારણ કે તેણે સ્કૂલમાં અભ્યાસ કરવાનું પડતું મૂક્યું હતું અને બાંધકામ કરવામાં આવતા સ્થળે મજૂર તરીકે તે કાર્ય કરતો હતો. તેના જીવનના તે સમયે યુવાન બોબ ચોક્કસ કોઈ જ રીતે વિદ્વાન નહોતો !

તેમ છતાં બોબે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો તે પછી થોડા જ સમયમાં





મેં તેને પ્રતિદિન તે કામ ઉપર જાય તે અગાઉ તેને પોતાનું બાઈબલ વાંચવા માટે સમજાવ્યો હતો. જો કે તે પ્રતિદિન 'ઈશ્વર સાથે વ્યતિત કરેલા સમય' માં ઈશ્વરના વચન સાથે વ્યક્તિગત વિચારવિમર્શ દ્વારા પોતાના આધ્યાત્મિક જીવનને કેવી રીતે પોષણ આપવું તે સંબંધી ઝડપભેર શીખી ગયો હતો.

સત્તર વર્ષની ઉંમરે બોબે પોતાનું નામ બાઈબલ કોરસપોન્ડન્સ કોર્સમાં નોંધાવ્યું હતું અને દાનિયેલના પુસ્તકના તેના અભ્યાસમાં સૌથી વધુ માર્કસ મેળવ્યા હતા તે થોડું આશ્ચર્ય પમાડે તેવું હતું ! અઢાર વર્ષની ઉંમરે તે મિલેટરીમાં ભરતી થયો હતો અને પ્રભુ માટેની તેની ધગશમાં વધતો રહ્યો હતો તે સાંભળીને મને કેટલો આનંદ થયો હતો. હકીકતમાં તેના "બુટ કેમ્પ" ના પ્રથમ આઠ અઠવાડિયાઓ દરમિયાન તેના સૈનિકગારના અન્ય સત્તર સૈનિકો સાથે તેણે વ્યક્તિગત રીતે પ્રાર્થના કરી હતી અને તેઓને ખ્રિસ્તની પાસે દોરી લાવવામાં સફળ થયો હતો. અને પછી જ્યારે તેણે પોતાની મિલેટરી સેવાને પૂરી કરી ત્યારે બોબને મિશનરી તાલીમ શરૂ કરવાનું તેડું મળ્યું હતું. તેમ છતાં જ્યારે જર્મનીમાં તે પોતાના અંતિમ સેવાકાર્ય માટે વિમાનમાં સફર કરી રહ્યો હતો ત્યારે તેના મિલેટરી વિમાનને અકસ્માત નડ્યો હતો અને બોબને તેના મૃત્યુ સાથે સદાકાળના વિસામામાં તેડી લેવામાં આવ્યો.

વિમાનના અકસ્માતના સ્થળે બોબના ખીસ્સામાંથી સુવાર્તાનાં ચોપાનિયાંઓ જર્મન ગામની સીમમાં વિખેરાયેલા પડેલા જોવા મળ્યા હતા ! ખરેખર, ઈશ્વરનું વચન બોબના હાથોમાંથી તેના મન-વિચારમાં વૃદ્ધિ પામ્યા હતા અને ત્યાર પછી તેના મન-વિચારમાંથી અંતઃકરણમાં અને અંતે તેના અંતઃકરણમાંથી અન્યોના અંતઃકરણમાં વિકાસ પામ્યા હતા. અને જ્યારે બોબ મૃત્યુ પામ્યો ત્યારે પ્રભુ સાથેના

તેના જીવંત, પૃથ્વી પરના સંબંધમાંથી ઈશ્વરની સમક્ષતામાં વધારે ઉત્તમ સંગત માટે તેને તેડી લેવામાં આવ્યો હતો!

બોબની જેમ ઘણા લોકોને વિધિબદ્ધ બાઈબલ અભ્યાસનાં સ્રોતો તથા તાલીમો ઉપલબ્ધ બનેલાં છે, જે તેઓના ખ્રિસ્તી જીવનમાં તેઓને પ્રેરણા આપી શકે છે. અને આતૂર એવા આફ્રિકાના પાળકોની જેમ આપણામાંના મોટા ભાગના લોકોએ ઈશ્વરના વચનનું શિક્ષણ સાંભવવા માટે પ્રખર ગરમીમાં પંદર કલાક પગપાળા મુસાફરી કરવી પડતી નથી. પરંતુ આપણી પરિસ્થિતિ ગમે તેવી હોય તોપણ આપણા બાઈબલના જ્ઞાનને આપણે અંતઃકરણના અનુભવમાં કેવી રીતે રૂપાંતરિત કરવું - હા, રૂપાંતરિત કરવું તે સઘળાએ જાણી લેવું જોઈએ.

વ્યક્તિગત રીતે હું પ્રભુનો આભાર માનું છું કે મારા ખ્રિસ્તી જીવનના પ્રારંભમાં તેમણે મને વિધિબદ્ધ બાઈબલ અભ્યાસ અને ‘ઈશ્વર સાથે શાંત સમય’ વચ્ચેના તફાવતને દર્શાવ્યો હતો. ઈશ્વરના વચન પાસે જવામાં આપણાં મન-વિચાર અને અંતઃકરણ બંને સામેલ હોવા છતાં આપણે જાણી લેવું મહત્ત્વનું છે કે અંતઃકરણના સમર્પણ વિના મન-વિચારનું જ્ઞાન આપણને આધ્યાત્મિક વૃદ્ધિ તરફ દોરી જશે નહિ.

## મન-વિચાર

### બાઈબલ અભ્યાસ : તેનો હેતુ અને તેની સમસ્યાઓ

“જેને શરમાવાનું કંઈ કારણ ન હોય એવી રીતે કામ કરનાર સત્યનાં વચન સ્પષ્ટતાથી સમજાવનાર અને ઈશ્વરને પસંદ પડે એવો સેવક થવાને પ્રયત્ન કર.” (૨ તિમોથી ૨:૧૫). બાઈબલનો વિધિબદ્ધ





અભ્યાસ કરવા અને તે દ્વારા તેના વિષયવસ્તુનો પરિચય કેળવવા પ્રત્યેક ખ્રિસ્તી માટે પ્રેરણાત્મક અને આવશ્યક સમયનું રોકાણ માગી લે છે. જ્યારે પણ શક્ય હોય ત્યારે ઈશ્વરની બીક રાખનાર પાળક અથવા બાઈબલ શિક્ષકની ભક્તિસભાઓ અને શિક્ષણનો પૂરેપૂરો લાભ લો અને ઈશ્વરના વચન સાથે માનસિક રીતે પરિચિત બનવા ઉપલબ્ધ એવાં બાઈબલ વિવેચનો તમને સહાયરૂપ બનશે. આ પ્રમાણે એકત્રિત કરેલી માહિતી જ્યારે તમે પોતે વ્યક્તિગત રીતે ‘ઈશ્વર સાથે શાંત સમય’ વ્યતિત કરશો ત્યારે તમને મોટા આશીર્વાદનું કારણ બની રહેશે.

આખરે તો પાળકો-શિક્ષકો તેમની મંડળીને આપેલી ઈશ્વરની બક્ષિસના ભાગરૂપે છે. પાળકોની સર્વોત્તમ ધર્મસેવા તો વિશ્વાસીઓને બાઈબલનાં પુસ્તકો, પ્રત્યેક અધ્યાયો અને પુસ્તકોના વિષયવસ્તુ, તેના સંદર્ભ અને તેની પરિસ્થિતિઓ શીખવવાની છે. અને તે માળખામાં પાળકે ઈશ્વરની બીકમાં જીવન જીવવાનું, આંતરિક સમર્પણ કરવાનું અને નાશમાં જતાં આત્માઓની કાળજી લેવાનું ઉત્તેજન પોતાનાં સભાજનોને આપવાનું છે.

આ પ્રકારના પાળક દ્વારા ઉપદેશવામાં આવ્યા હતા તેવા પાંચ સંદેશાઓની નોંધ મારી સમક્ષ છે. કેટલાએક વર્ષો અગાઉ પાસ્ટર વિલ્યમ સ્ટીલે આ ઉપદેશો ઈન્ટર-વર્સિટી થિયોલોજીકલ સ્ટુડન્ટ્ઝ કોન્ફરન્સમાં રજૂ કર્યાં હતાં. સ્કોટલેન્ટના એબરડીનમાં આવેલી એક જ મંડળીમાં પીસ્તાળીસ કરતાં વધારે વર્ષો સુધી પોતાની ધર્મસેવા આપવા છતાં હજુ પણ તે પહેલાંના જેવી જ જ્વલંત અને ભવ્ય રહી હતી. અને તેમની પાળક તરીકેની ધર્મસેવા સ્કોટલેન્ડની તે મંડળી કરતાં કંઈક વિશેષ વ્યાપક્તા પામી હતી. તેમના ઉપદેશ અને શિક્ષણ દ્વારા અસર પામેલા આજે પણ કેટલાએક વિશ્વાસીઓ અને અન્ય

લોકો છે જેઓ શાબ્દિક રીતે સમગ્ર વિશ્વભરમાં સેવાઓ આપી રહ્યા છે. ઈન્ટર-વર્સિટી સ્ટુડન્ટઝને આપેલા ઉપદેશમાં પાસ્ટર સ્ટીલે કહ્યું :

> ઘેટાંને ખોરાક આપવા માટે પાળકને તેડવામાં આવ્યો છે પછી ભલેને ઘેટાંને ખોરાક લેવાની ઈચ્છા ન થતી હોય. તેણે ચોક્કસપણે બકરાંઓને પ્રોત્સાહન આપનાર બનવું જોઈએ નહિ. બકરાંઓને બીજા બકરાંઓને પ્રોત્સાહન આપવા દો અને બકરાંઓના વાડાઓમાં તેઓને તેમ કરવા દો. તમે તેઓના બકરાપણાની કાળજી લેવા દ્વારા તેઓને ઘેટાં તરીકે ચોક્કસપણે રૂપાંતરિત કરી શકશો નહિ...પાળક તરીકેની સૌથી ફળવંત ફરજ સર્વ પ્રકારના વિચિત્ર ઘેટાંને એકસાથે જીવન જીવવામાં સહાય કરવાની છે અને બકરાં જેવા બન્યા સિવાય બકરાંઓ મધ્યે જગતમાં કેવી રીતે જીવન જીવવું તે દર્શાવવાનું છે.

તમે નવા જન્મનો અનુભવ કર્યો છે ત્યારે તમે મંડળી કે જ્યાં તમે આવા વિશ્વાસુ પાળક તરીકેની ધર્મસેવા મારફતે આશીર્વાદ પામી શકો તેના ભાગરૂપ બનો તે અતિ મહત્ત્વનું છે.

સંજોગોવશાત્, તમારામાંના કેટલાએક જેઓ આ પુસ્તકનું વાંચન કરે છે તેઓને આ પ્રકારના પાળક તરીકેના શિક્ષણનો લાભ મળી શકે તેમ નથી. તેમ છતાં જો તમને વિશ્વાસુ પાળક-શિક્ષકની સહાય મળી શકે તેવી તક હોય અને તૈયાર કરેલાં બાઈબલ વિવેચનો વાંચી શકો તેમ હોય તો પણ ઈશ્વર સાથે વ્યતિત કરેલા ''શાંત સમય''માં ઈશ્વર તમને આપવાની ઈચ્છા રાખે છે તે આત્મિક ખોરાક અવેજ તરીકે તમારા મન-વિચારમાં તમે જે શીખ્યા છો તેને સ્થાન





આપવાના અવિરત ભયસ્થાન વિશે તમારે હંમેશાં સાવધ રહેવું જોઈએ.

ના, આપણે અવશ્યપણે જાણી લેવાની જરૂર છે કે વિશ્વાસુ પાળક-શિક્ષક પાસેથી આપણે મેળવેલું બાઈબલનું જ્ઞાન કે પછી ઈશ્વરના વચનના આપણા બૌદ્ધિક અભ્યાસ દ્વારા આપણે પ્રાપ્ત કરેલી સમજણ તે આપણે ઈશ્વર સાથે વિશેષ રીતે ''શાંત સમય'' માં જોડાઈએ છીએ ત્યારે પવિત્ર આત્મા જે લાગુકરણ આપણા અંતઃકરણ અને જીવનોમાં કરશે તે આત્મિક ખોરાકનું સ્થાન લઈ શકે છે.

અલબત, જેમ બાઈબલ શિક્ષક, વ્યક્તિગત ''શાંત સમય'' માટે અવેજીરૂપ નથી તેમ વ્યક્તિગત ''શાંત મનન'' કરવામાં ઈશ્વર તેમના વચનનો અભ્યાસ કરવાની તક આપણને આપે છે તેનો નકાર કરવા માટે તથા બાઈબલમાં વિશ્વાસ કરનાર મંડળીની ધર્મસેવાના ભાગરૂપ બનવાની નિષ્ફળતા માટેના કારણની અવેજરૂપ નથી.

તમારી પરિસ્થિતિ ગમે તે હોય પણ નીચે દર્શાવેલાં સૂચનો વિધિબદ્ધ બાઈબલ અભ્યાસની વધારે ફળવંત પદ્ધતિ વિક્સાવવામાં તમને મદદ કરી શકે છે.

ઘણા લાંબા વર્ષો અગાઉ માઈલ્સ કોર્વડાલે ઈશ્વરના વચનના અર્થપૂર્ણ અભ્યાસને સરળ બનાવવા આ પ્રશ્નોના ઉપયોગનું સૂચન કર્યું હતું. તેમના લેખનનો આ સંક્ષિપ્ત સાર છે :

જો તમે જેના વિશે કહેવામાં કે લેખન કરવામાં આવ્યું છે તેની નોંધ કરો એટલું જ નહિ પણ

ફકરામાં **કોના વિશે** કહેવામાં આવ્યું છે ?
**કઈ વ્યક્તિઓનો** આ ફકરો ઉલ્લેખ કરે છે ?

લેખક **કયા ચોક્કસ શબ્દોનો** ઉપયોગ કરે છે ?

**કયા સમયે** આ ફકરાનું લેખન થયું ?

આ ફકરાનું લેખન **કયા સ્થળેથી** કરવામાં આવ્યું ?

**કયા હેતુ** માટે આ ફકરાનું લેખન થયું ?

**કઈ પરિસ્થિતિમાં** આ ફકરાનું લેખન થયું ?

આ ફકરો તેના અગાઉના અને તેના પછીના લેખનમાં કઈ રીતે બંધબેસે છે ? તો તે તમને બાઈબલની સમજણ મેળવવામાં વધુ સહાયરૂપ બનશે.

જ્યારે તમે પોતાના વિધિબદ્ધ બાઈબલ અભ્યાસમાં (માર્જીનલ રેફરન્સ બાઈબલનો શક્ય હોય તો ઉપયોગ કરીને) આ પ્રશ્નો પ્રત્યે સ્વભાવિક રીતે પ્રતિભાવ આપવાની આદત વિકસાવશો તો સમગ્ર બાઈબલમાં શરૂઆતથી લઈને અંત સુધી આપેલા સત્યના અદ્‌ભુત મૂલ્યની એકસૂત્રતા જોઈને તમારી ઉત્તેજનામાં વધારો થશે. ઈશ્વરના પ્રકટીકરણ બાઈબલમાં રજૂ થયેલા ભવિષ્યવચનો, જેમાંનો કેટલોક ભાગ પરિપૂર્ણ થઈ ચૂક્યો છે અને કેટલોક ભાગ પરિપૂર્ણતાની પ્રતિક્ષા કરી રહ્યો છે, તેની વ્યાપકતા (Panorama)ને ધીમે ધીમે ખુલ્લી થતી નિહાળીને તમે પ્રોત્સાહિત (fascinated) થશો.

**તમારા અનંતકાળિક ઈશ્વર પ્રત્યે :** સર્જનમાં તેમના હેતુઓ, ઈતિહાસમાં તેમનું સ્થાન, ઉદ્ધારનો તેમનો સિદ્ધાંત, પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરીકે આ જગતમાં તેમનું દેહધારી આગમન અને તમારા અને મારા જેવા ખ્રિસ્તીઓ માટે આજના દિવસો માટે પણ તેમનું વિગતવાર માર્ગદર્શન વિશે જેમ તમારી દૃષ્ટિ અદ્‌ભુત રીતે ખુલ્લી થશે તેમ તમને વધુને વધુ આશીર્વાદ પ્રાપ્ત થશે. આ પ્રકારનું બાઈબલનું જ્ઞાન સાચે જ પ્રેરણાત્મક છે અને પ્રત્યેક વિશ્વાસીએ તે મેળવવાનો પ્રામાણિક પ્રયત્ન કરવો જોઈએ.





## અંતઃકરણ

### 'શાંત મનન'નો સમય : તેની સુધારણાઓ અને તેનું માર્ગદર્શન.

ઈશ્વરના પોતાના પ્રત્યેક બાળકો માટે તેમની ઈચ્છા એ છે કે આપણે "આત્માથી અને સત્યતાથી" (યોહાન ૪:૨૪) તેમની ભક્તિ કરીએ. આપણા **મન-વિચારથી** (Head) અને આપણા **અંતઃકરણ** (Heart) **થી** એમ બંનેના જોડાણની ઐક્યતામાં તેમની સાથેની વ્યક્તિગત સંગત માણીએ.

જો તમારો અગાઉનો બાઈબલ અભ્યાસ તમને બાઈબલનું કેવળ હેતુલક્ષી જ્ઞાન આપનાર બન્યો હોય તો આવું જ્ઞાન તમને ખૂબ ઓછું લાભકારક બનશે ! હકીકતમાં પ્રામાણિક જીવન સાથે લાગુકરણ વિનાનું કેવળ મન-વિચારવાળું જ્ઞાન આજના દિવસોના અનેક ખ્રિસ્તીઓની મોટી સમસ્યા છે.

દુઃખદ રીતે એવા ઘણા છે કે જેઓ ઈશ્વરના વચન સંબંધી ઘણું બધું જાણે છે પરંતુ તે અદ્‌ભુત જ્ઞાનના પ્રકાશમાં તેઓ જીવન જીવતા નથી. તેના બદલે તેઓ પોતાના બાઈબલના જ્ઞાનને પોતાના મન-વિચારોમાં સંઘરી રાખે છે અને દુનિયાના મૂર્ખાઈભર્યા માર્ગોને સ્વીકારે છે. ઈશ્વરનું વચન વર્તમાન વિચાર અને જીવનશૈલીઓને કદી જ આકાર આપતું નથી તે કેવું દુઃખજનક છે !

દુનિયાના વિચાર-ધોરણ સાથે ઈશ્વરના વચન પાસે આવવું અને પછી માનવતાવાદી સંસ્કૃતિના તત્ત્વજ્ઞાન કે મનોવિજ્ઞાન સાથે બાઈબલના વચનને સુસંગત (Synchronize) કરવાનો પ્રયત્ન કરવો તે બૌદ્ધિક નિખાલસતા અને નૈતિક પ્રામાણિક્તાના પ્રત્યેક સિદ્ધાંતોનો વિરોધ કરવા બરાબર છે. આ વર્તમાન દુષ્ટ જગતમાંથી આપણો છૂટકારો કરવા પ્રભુ ઈસુ ખ્રિસ્તે અમૂલ્ય કિંમત ચૂકવી છે અને ઈશ્વરનું

વચન ખ્રિસ્તનો નકાર કરનાર પેઢીની વિચારધારાઓ સાથે ચોક્કસપણે વિરોધાભાસ ઊભો કરે છે.

ઈશ્વરનું વચન માનવતાવાદી સંસ્કૃતિનું રૂપ કદી જ ધારણ કરતું ન હોવાને લીધે આપણે કેવા બનવા જોઈએ તે વિશે ઈશ્વર જે ઇચ્છે છે તે બનવાની સર્વોચ્ચ ઇચ્છા સાથે આપણે બાઇબલનો અભ્યાસ કરીએ છીએ ત્યારે તે ખરેખર ક્રાંતિકારી જીવન પરિવર્તન કરનાર અનુભવ બની રહેશે ! કેવળ મન-વિચારનું જ્ઞાન નહિ પણ આ અંતઃકરણપૂર્વકની સહભાગિતાની અપેક્ષા ઈશ્વર પોતાના પ્રત્યેક બાળકો પાસેથી માગે છે.

ગીતકર્તાએ એમ કહ્યું નથી કે, "મેં તારું વચન મારા મન-વિચારમાં રાખી મૂક્યું છે." તેણે એમ કહ્યું છે, "હું તારી વિરુદ્ધ પાપ ન કરું માટે મેં તારું વચન મારા **હૃદયમાં** રાખી મૂક્યું છે" (ગી.શા. ૧૧૯:૧૧). પોતાના જાહેર પ્રવચનોમાં એડોલ્ફ હિટલરે પણ કેટલીક સખત બાઇબલનાં વચનો ટાંક્યાં હતાં. પરંતુ બાઇબલની કેટલીક કલમોનું આ જ્ઞાન તેની પોતાની નૈતિક પસંદગીઓમાં કે તેના પોતાના અનંતકાળિક લક્ષ્યાંકમાં તેને કોઈ રીતે મદદરૂપ બન્યું નહોતું. તેનું જ્ઞાન તેના અંતઃકરણમાં ઊંડું ઉતર્યું નહોતું તે વાત સ્પષ્ટ હતી.

પરંતુ તમે પ્રશ્ન પૂછી શકો, "દાઉદે પોતાના હૃદયમાં ઈશ્વરનું વચન રાખી મૂક્યું હતું તે દ્વારા તે શું કહેવા માગતો હતો ?" પોતાના અવયવોને ધમનીઓ દ્વારા લોહીનું પરિભ્રમણ કરાવતા માંસના હૃદય વિશે ચોક્કસપણે તે વાત કરતો નહોતો. અલબત, ત્યાં કોઈ પણ વ્યક્તિ ઈશ્વરના વચનને રાખી શકે નહિ ! દાઉદે જ્યારે **હૃદય** શબ્દનો ઉપયોગ કર્યો ત્યારે તેણે પોતાના આચરણમય જીવનનો - પોતાના આંતરિક વ્યક્તિત્વના કેન્દ્રનો ઉલ્લેખ કર્યો હતો. આપણા આંત-રિક મનુષ્યત્વના કેન્દ્રમાં ઈશ્વરનું વચન સંઘરી રાખવા આપણે બાઇબલ





વાંચીએ છીએ. ત્યાર પછી આંતરિક વસવાટ કરનાર ખ્રિસ્તના સામર્થ્ય દ્વારા આપણે શુદ્ધ કરનાર, સમર્થ બનાવનાર અને પોષણ આપનાર ઈશ્વરના વચનની ભરપૂરીનો આનંદ સતત અનુભવીશું.

જ્યારે મને અગાઉ બાઇબલ અભ્યાસ કરવાની અને પૂર્ણસમયી વિદ્યાર્થી તરીકે ઈશ્વરવિદ્યાનો અભ્યાસ કરવાની તક મળી ત્યારે મને શીખવા મળ્યું કે બાઇબલના સત્યોનું જ્ઞાન મેળવવું તે શાંત સમયમાં ઈશ્વર પોતાના વચન મારફતે મારી સાથે જે વાતચીત કરે છે તે સાંભળવા માટેના વિકલ્પરૂપે નથી. મને એ પણ શીખવા મળ્યું કે ઈશ્વરનું વચન મારો ન્યાય કરે તે કરતાં ઈશ્વરના વચનનો હું ન્યાય કરું તે વધારે સહેલું હતું.

કોલેજના તે દિવસોમાં વર્ગખંડના પ્રવચન માટે અમારી (Flippant) વ્યાખ્યાઓનો વિચાર કરીને અમને હસવું આવતું હતું. અમે કહેતા, "પ્રવચન એક માધ્યમ છે કે જે દ્વારા વિષયવસ્તુ બંનેમાંથી એકપણના મન-વિચારને સ્પર્શ કર્યા વિના પ્રોફેસરની નોંધપોથીમાંથી વિદ્યાર્થીની નોંધપોથીમાં હસ્તાંતર થાય છે !"

આના કરતાં પણ દુઃખદ પરિસ્થિતિ એ છે કે જેમાં બાઇબલનું શિક્ષણ બંનેમાંથી એકપણના હૃદયને હચમચાવ્યા વિના પાળકના મન-વિચારમાંથી સભાસદોના મન-વિચારમાં હસ્તાંતર થાય છે. તમને યાદ હશે કે ઈશ્વર સ્પષ્ટપણે જણાવે છે :

*"પણ સાંભળેલી વાત તેઓને લાભકારક થઈ નહિ,*
*કેમકે જેઓએ (ધ્યાન દઈને) સાંભળ્યું તેઓની સાથે*
*તેઓ વિશ્વાસમાં એક થયા નહિ." (હિબ્રૂ ૪:૨).*

પ્રબોધક યર્મિયાની સાક્ષી સાથે આપણે પોતાને ઓળખાવી શકીએ ત્યારે જ ઈશ્વરનું વચન આપણા જીવનો માટેના અપેક્ષિત

આશીર્વાદો લાવનાર બની શકે. યર્મિયાએ કહ્યું, "... મારા હાડકામાં બળતો અગ્નિ સમાયેલો હોય એવી મારા હૃદયમાં પીડા થાય છે ..." (યર્મિયા ૨૦:૯). આજના દિવસોમાં અનેક વિશ્વાસીઓના જીવનોમાં ઈશ્વરના વચન સંબંધીની આવી દહનકારી સમજણની અત્યંત ઊણપ જોવા મળે છે. મન-વિચાર અને અંતઃકરણ વચ્ચે - ઈશ્વરવાણી અને વિશ્વાસીના જીવન વચ્ચે કોઈ જ વાસ્તવિક સંપર્ક-જોડાણ નથી. પરિણામે આપણે જે જાણીએ છીએ અને આપણે જે કરીએ છીએ તે વચ્ચે ખૂબ નહિવત્ સંબંધ હોય છે.

જ્યારે બાઈબલનું શિક્ષણ ખરેખર તમારા અંતઃકરણમાં ઉત્તેજના પેદા કરે છે ત્યારે તે ચોક્કસપણે તમારું જીવન પરિવર્તન કરે છે. આમ બને છે ત્યારે તમે ફેમિલી કાઉન્સેલર અને સુવ્યવસ્થિત સેમિનારો જેવી માનવી સહાયક વ્યવસ્થાઓ ઉપર ઓછા આધારિત બનવાનો અનુભવ કરશો. કારણ કે પોતાના વચનમાં ઈશ્વરે તમારા માટે વ્યક્તિગત રીતે જે યોગ્ય વચનો તમને જણાવ્યાં છે તેમાં તેમનો ઈરાદો શું છે તે તમે શોધી કાઢ્યું હશે. તે પછી તમારામાં વાસો કરનાર પવિત્ર આત્માના સામર્થ્ય દ્વારા તમે પ્રભુ ઈસુ ખ્રિસ્તની સ્પષ્ટ આજ્ઞાઓને આધિન થવા સમર્થ બનશો.

અનેક પ્રસંગોએ ઉપદેશ કર્યા પછી સભાજનોમાંથી કોઈકે મને ઉત્તેજન આપતાં એમ કહ્યું હશે કે "તમે ચોક્કસપણે મને વિચારવા જેવું કંઈક આપ્યું છે." જ્યારે આ શબ્દો મેં સાંભળ્યાં છે ત્યારે મેં જે આશા રાખીને સંદેશો આપ્યો હતો તે હેતુ ખરેખર સિદ્ધ થયો નથી તેવું મને લાગ્યું છે ! ઈશ્વરના વચનની બૌદ્ધિક ઉત્તેજના તરીકે પ્રશંસા કરવી અને જીવન પરિવર્તન કરનાર સત્ય તરીકે તેનું લાગુકરણ કરવું તે બંને વચ્ચે તફાવત રહેલો છે. સાચે જ સંદેશા કે ઉપદેશોએ લોકોને કેવળ કાંઈક વિચારવા માટે જ નહિ પણ **કાર્ય કરવા માટે** આપવું જોઈએ.





તેવી જ રીતે "શાંત-મનનનો સમય" જો વિશ્વાસના સક્રિય પ્રતિભાવ તરફ અને/અથવા આધિનતા, પાપની કબૂલાત કે આરાધનાના વલણ તરફ દોરી જતો નથી તો તે ફળવંત શાંત સમય **નથી** !

તેની બીજી બાજુ એ છે કે જ્યારે પણ ઈશ્વરનું બાળક ઈશ્વરના વચનના જ્ઞાન વડે પોતાના મન-વિચારને ભરપૂર કરે છે અને પવિત્ર આત્માની માયાળુ હલચલ સાથે પોતાના અંતઃકરણમાં કંપન અનુભવે છે ત્યારે તે તારનાર સાથે જીવંત સંગતનો સાચે જ આનંદ મેળવી શકશે. આજે પણ જ્યારે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે બાઈબલ કોલેજોમાં હું જાઉં છું ત્યારે હું મારા વિદ્યાર્થીઓને જણાવું છું :

**તમે કેવળ બાઈબલ સંબંધી જાણવા માટે અભ્યાસ કરવા અહીં આવ્યા નથી ! તમે બાઈબલના ઈશ્વરને જાણવા માટે બાઈબલ અભ્યાસ કરવા અહીં આવ્યા છો !**

વિશ્વાસીઓ મધ્યે કેટલાએક (Slick) શબ્દસમૂહો અને સુંદર રીતે તૈયાર કરેલી બાઈબલની રૂપરેખાઓનું મહત્ત્વ આધ્યાત્મિક પરિપક્વતાની મુક્ત સાક્ષી છે. ઈશ્વરના પક્ષે અને તમારા ખુલ્લા બાઈબલ પાસે તમને વ્યક્તિગત રીતે દોરી જવાના અજોડ અનુભવના સ્થાને જો તમે બીજી કોઈ પણ વાતને સ્થાન આપશો તો તે ઈશ્વર સાથેની તમારી નિકટ અને વ્યક્તિગત સંગતમાં ઘટાડો કરશે અને સંભવિતપણે તેનો વિનાશ પણ કરી શકશે.

જ્યારે ખ્રિસ્તી વ્યક્તિ ઈશ્વરની પવિત્ર હાજરીના પારદર્શક પ્રકાશના સંપર્કમાં આવે છે ત્યારે જ પ્રભુ સાથે સાચી સંગત શક્ય બને છે. આવો પ્રકાશ ખૂબ જ પ્રગટ કરનાર છે. અને તમારી અને તમારા સ્વર્ગીય પિતા વચ્ચેની મુક્ત વાતચીતમાં પ્રામાણિક્તા અને

નિખાલસતાની અપેક્ષા રાખે છે.જો એ પ્રમાણે થાય છે અને તમે તેમના વચનનું વાંચન કરો છો અને તમારું અંતઃકરણ તેમના સત્યને આધિન થાય છે અને જે સત્ય તમારા આત્માને પોષણ આપનારું બનશે તો તમે પોતાના પ્રભુના જ્ઞાન તથા ડહાપણમાં વૃદ્ધિ પામશો. ગીતકર્તાએ સાક્ષી આપી : ''તમારા અજવાળામાં અમે અજવાળું જોઈશું.'' (ગી.શા. ૩૬:૯), જૂની કહેવત હજુ પણ એટલી જ સાચી છે :

> અજવાળા પ્રત્યેની આધિનતા વધુ અજવાળું લાવે છે.
> અજવાળા પ્રત્યેની અનાધિનતા ઘેર અંધકાર લાવે છે.

હું માનું છું કે મારી જેમ તમે પણ અનુભવ્યું હશે કે તમારી પોતાની સલાહને અમલમાં મૂકવી તે કરતાં અન્ય કોઈને સલાહ આપવી તે વધારે સહેલું હોય છે. તેમ છતાં પ્રભુ ઈસુ જેમનું વર્ણન યશાયાએ ''અદ્‌ભુત મંત્રી'' (યશાયા ૯:૬) તરીકે કર્યું છે તે અજોડ છે. કારણ કે તે કેવળ સલાહ આપનાર નથી પણ તે સલાહને અમલમાં મૂકવા આપણી સહાય કરનાર પણ તે જ છે.

પ્રત્યેક સવારના સમયનું તમારું ''શાંત-મનન'' આવનાર દિવસમાં તમારી પ્રતિક્ષા કરનાર સર્વ કામો માટે તૈયાર થવામાં મહત્ત્વનો હિસ્સો આપી શકે છે. તેમના વચનનું વાંચન કરવા મારફતે ઈશ્વર તમને તેમની પોતાની સલાહ આપે છે અને તમે ખાતરી રાખી શકો કે પ્રભુ ઈસુ આવનાર પ્રત્યેક કાર્યો માટે તમારામાં વાસો કરનાર પર્યાપ્તતા અને માર્ગસૂચિ સમાન પણ બની રહેશે.



## આધ્યાત્મિક તપાસ

૧. જ્યારે હું બાઈબલ વાંચન કરું છું ત્યારે મારા મન-વિચારની જેમ શું મારું અંતઃકરણ પ્રતિભાવ આપવાને તત્પર હોય છે ?

૨. જ્યારે હું પ્રાર્થના કરું છું ત્યારે શું હું સાચે જ ઈશ્વર સાથે દ્વિમાર્ગી વાતચીત વ્યવહાર કરું છું ?

૩. મારા આધ્યાત્મિક જીવનમાં શું હું માણસોની કે ઈશ્વરની (તેમના વચન મારફતે) પ્રથમ સલાહ મેળવવાનો પ્રયત્ન કરું છું ? (ચેતવણી : ''તેની સલાહ સાંભળવાને તેઓએ ધીરજ રાખી નહિ ...'' (ગી.શા. ૧૦૬:૧૩).

૪. મારી ખ્રિસ્તી સેવામાં અન્ય લોકોને આપેલી સલાહ શું હું ઈશ્વરના પ્રેમથી પ્રજ્વલિત થયેલા અંતઃકરણથી અને તેમના વચનથી ભરપૂર થયેલા મન-વિચારથી આપું છું ?

(ચેતવણી : ''તેઓ પોતાની મરજી પ્રમાણે ચાલીને **તેની** સામા થયા ...'' (ગી.શા. ૧૦૬:૪૩).

**આવાં પાપો**

*અસંખ્ય પાપો કબૂલું;*
*અતિશય પાપાચારનાં-*

*ઉપાસના ટાણે ચિંતા ભૌતિક;*
*ઉન્નત કાર્યે, સ્વાર્થી ધ્યેય;*
*ઈશ્વર હો નિકટ ત્યારે જ ગર્વ;*
*તિમિરે ડૂબે આત્મા ત્યારે સુસ્તી;*

*પ્રભુ ! સૌમ્ય ધારું તોય,*
*ઉરે વિષમય અન્નની ઉત્કંઠા;*
*આકાશોના ફુવારા પાસે*
*ઝંખના ભૌતિક વસ્તુઓની.*

*આવાં મારાં પાપો છેતરે તમને,*
*પ્રભુ, જે જાણે પીડા દેતાં તેમને!*

*દૈનિક દુઃખોને રડ્યાં વિના*
*કેટલું ઓછું નિંદતો જ હું,*
*પાવનતાની પરિશ્રમે જાગું હું;*
*મારા હાર્દે ઉપાધિ ચિહ્ન સાથી;*

*તોયે નિષ્ફળ ના તવ રાહત હજી,*
*તોય તવ રૂઝવતો સ્પર્શ પ્રાપ્ત હજી,*
*પ્રભુ ! તારા ભણીની મમ પીડા,*
*તથા તું દયાભર્યા મમ કાજ.*

*પિતા, કર્યા જે પાપ,*
*તારી લાગણી સામે, તારા પુત્ર મારફતે,*
*કર ક્ષમા, કર ક્ષમા.*

*વિલ્યમ મેકલાર્ઝ બન્ટીંગ (૧૮૦૫-૧૮૬૬)*





# *પ્રાર્થનાપૂર્વક તૈયારી*

**પ્ર**થમ જ્યારે મારું બદલાણ થયું હતું ત્યારે મને બાઈબલનું જ્ઞાન ઘણું ઓછું હતું. પરંતુ તેનાં પૃષ્ઠોનું વાંચન કરતો ત્યારે તે સાચે જ **ઈશ્વરનું વચન** હતું તેની અનુભૂતી થતાં મને વધારે વાર લાગતી નહોતી. આજના દિવસે પણ હું એટલો જ આનંદ અનુભવું છું કે જ્યારે હું તેમના વચનનું વાંચન કરું છું ત્યારે પ્રભુ ઈસુ મારા અંતઃકરણ સાથે સતત વાતચીત કરતા રહે છે.

નવા ખ્રિસ્તી તરીકે પણ મને શીખવવામાં આવ્યું હતું કે જ્યારે હું બાઈબલને ખુલ્લું કરું છું ત્યારે પવિત્રઆત્મા તેને મારા અંતઃકરણ માટે જીવંત બનાવવાની ઈચ્છા રાખે છે. તેથી અનેક વખત મારા શાંત -મનનનો આરંભ કરતાં હું એક નાની પ્રાર્થના જે મને એક કોરસ તરીકે શીખવા મળી હતી તે પ્રાર્થના કરીને કરતો :

ઈશ્વરના આત્મા, તમે બનો મારા શિક્ષક
ખ્રિસ્ત વિશેની વાતો મને પ્રગટ કરો.
અદ્‌ભુત ચાવી મારા હાથમાં મૂકો
જે મને છોડાવે અને મુક્તિ અપાવે.

સ્વર્ગમાંના પોતાના પિતા પાસે પાછા જતા અગાઉ પ્રભુ ઈસુ

ખ્રિસ્તે શિષ્યોને વચન આપ્યું હતું : "તો પણ જે સત્યનો આત્મા, તે જ્યારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે" (યોહાન ૧૬:૨૩). આખરે તો પવિત્ર આત્મા - એક જ શિક્ષક છે.

**આપણા જીવનોમાં કાર્ય કરવાની સ્વતંત્રતા જો પવિત્ર આત્માને મળે નહિ તો ઈશ્વરનાં વચનોનું આપણું વાંચન નિરસ અને અર્થહિન બનશે.**

જોન વેસ્લી (જેમનો અઢારમી સદીમાં બ્રિટનમાં ધર્મજાગૃતિ લાવવા ઈશ્વરે ભરપૂર ઉપયોગ કર્યો અને ઇંગ્લેન્ડને ક્રાંતિમાંથી ઉગારનાર તરીકે જેમને અનેક ઇતિહાસકારોએ ઓળખાવ્યા) પણ પોતાના શાંત-મનનનું મૂલ્ય જાણતા હતા. તે ખૂબ અમૂલ્ય બોધપાઠ શીખ્યા હતા જેનું અનુસરણ આપણે સર્વ કરી શકીએ છીએ. વેસ્લીએ સવારમાં શક્ય હોય તેટલા વહેલા ઊઠવા માટે સાંજે વહેલા સૂવાની ટેવ પાડી હતી. વહેલી સવારે ૪.૦૦ વાગે પોતાના પ્રભુની વેસ્લી મુલાકાત કરતા હતા. તે જગ્યાએ હું એકાંતમાં ઘૂંટણે પડ્યો. અને તે દરેક પ્રાર્થનાના સ્થળે મેં તાજેતરમાં પ્રાર્થના કરી હતી ! એ જ ઓરડીમાં તેમની ડાયરીમાંથી ટાંકેલું વિધાન મેં વાંચ્યું ત્યારે હું ખૂબ પ્રભાવિત થયો હતો : "હું એકલો જ બેસું છું ... માત્ર ઈશ્વર અહીં છે. તેમની હાજરીમાં હું ખુલ્લુ કરું છું અને હું પુસ્તક વાંચું છું અને હું જે વાંચું છું તે શીખવું છું."

નવા વિશ્વાસીઓને ઉત્તેજન આપવા પ્રેરિત યોહાને તેઓને બાઈબલનાં વચનોની સમજણ આપવા અન્ય લોકો નહિ હોય પણ પવિત્ર આત્મા ઈશ્વરના વચન મારફતે તેઓના અંતઃકરણોને સ્પર્શ કરશે તેવી તેમની પર્યાપ્તતાની ખાતરી આપી હતી.તેઓને તેણે લખ્યું હતું, "વળી તેણે તમને જે અભિષેક કર્યો તે તમારામાં રહે છે અને કોઈ તમને શીખવે એવી કંઈ અગત્ય નથી ('કોઈ પણ વ્યક્તિ' નહિ





પણ 'સ્વનિયૂક્તિ પામેલ શિક્ષક') પણ જેમ તેનો અભિષેક તમને સર્વ બાબતો શીખવે છે ને તે સત્ય છે, જૂઠો નથી, ને જેમ તેણે તમને શીખવ્યું, તેમ તમે તેનામાં રહો" (૧યોહાન ૨ : ૭). તમે ઈશ્વરનું પુસ્તક વાંચો છો ત્યારે તમે પવિત્ર આત્માના પ્રક્ટીકરણ ઉપર સભાનપણે આધારિત છો તો તે તેના સત્યને તમારા અંતઃકરણમાં જીવંત બનાવશે.

જો તમે સાચે જ ફળવંત, ભરપૂર અને નિયમિત શાંત-મનનના સમયની ઇચ્છા રાખો છો તો શાંત સ્થળ શોધવાનો પ્રયત્ન કરો અને તમારું બાઇબલ ખુલ્લું કરવાનો અને ઈશ્વર સાથે સંગત કરવાનો ચોક્કસ સમય જુદો હશે. ઈશ્વર સાથેના આવા એકાંત સમયની સંભાવના અનેક વખત આનંદિત સહભાગિતામાં તમારા અંતઃકરણને ઉત્તેજિત કરશે. એવા પણ દિવસો આવશે જ્યારે તમારું કુટુંબ કે તમારી નોકરી-ધંધો કે અન્ય પ્રવૃત્તિઓ તમારું ધ્યાન ખેંચવાની હરીફાઈ કરશે અને ઈશ્વર સાથે એકાંતમાં સમય વ્યતિત કરવો તમારા માટે મુશ્કેલ બનાવશે. જો તમે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પ્રત્યેના પ્રેમમાં અને તેમના જ્ઞાનમાં વૃદ્ધિ પામવાની ઇચ્છા રાખો છો તો આવા દિવસોમાં ચોક્કસ પ્રકારના શિસ્તની આવશ્યક્તા રહેશે. યાદ રાખો કે બાઈબલનો નકાર કરવો જાણે કે એ તમારી પાસે બાઈબલ જ નથી તેના જેવું જ તે અર્થ વિનાનું છે.

ઈઝરાયલી લોકોએ પણ વચનના દેશમાં જવાના માર્ગામાં તેઓને શારીરિક પોષણ માટે ઈશ્વરે જે માન્ના દિવ્ય રીતે પૂરું પાડ્યું હતું તે એકત્રિત કરવા દરરોજ તૈયારી કરવી પડતી હતી. એ જ રીતે ઈશ્વરનું વચન લેવા આપણે પોતાને તૈયાર કરવાં જોઈએ.

**પ્રથમ :** તમે ઈશ્વર સમક્ષ એકાંતમાં પોતાનું બાઈબલ ખુલ્લું કરો

ત્યારે તમે ખરેખર ઘૂંટણે પડો તે તમને સહાયરૂપ બની શકે છે.

**બીજું :** અનંતકાળિક પ્રકાશ સમાન ઈશ્વરની પાસે તમે આવો ત્યારે તેમની પવિત્ર હાજરીમાં તમારા અંતઃકરણને ખુલ્લું કરવું હંમેશાં આવશ્યક છે. તમે તેમનાથી કાંઈ જ છૂપાવી શકતા નથી. તેથી તેવો પ્રયત્ન શા માટે કરવો ?

ઈશ્વર સાથે મુલાકાત કરવા એક વખત તમે પોતાને તૈયાર કરી લીધા છે તે પછી બાઈબલ ઉષ્માસભર વાસ્તવિક્તા સાથે જીવંત બનશે અને ઈશ્વરનું વચન તમારા મન-વિચારમાંથી તમારા અંતઃકરણમાં કઈ રીતે સ્થાન પામતું જાય છે તે નિહાળવાનું શરૂ કરશો.

## તમે ઘૂંટણિયે પડો.

### જીવંત સંગત અભિમાની આત્મા સાથે સહઅસ્તિત્વ ધરાવતી નથી.

બાઈબલમાં આપણને ઈશ્વરની બીક રાખનારા અનેક લોકો વિશે વાંચવા મળે છે કે જેઓએ ઘૂંટણિયે પડવા દ્વારા ઈશ્વર પ્રત્યેનો પોતાનો આદર અને આધિનતા અભિવ્યક્ત કરતા હતા. નિયત સાંપ્રદાયિક ભજન પધ્ધતિનું અનુસરણ કરતા ખ્રિસ્તી અને મુસ્લિમો પોતાની જાહેર પ્રાર્થનાઓમાં ઘૂંટણિયે પડવાની આદત અનુસરે છે. પણ આ અભિવ્યક્તિ ઈશ્વર સાથેની જીવંત સંગતને મૂળભૂત રીતે દર્શાવતી નથી. તેમ છતાં જ્યારે આપણે પોતાના અનંતકાળિક અને સર્જનહાર એવા ઈશ્વર પાસે આવીએ છીએ ત્યારે જો આપણે તેમની સમક્ષ ઘૂટંણિયે પડીએ તો તે આપણા પોતાના મન-વિચાર અને અંતઃકરણના વલણમાં મોટી સહાય કરી શકે છે.

ગેથસેમાની વાડીમાં જ્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાના ક્રૂસારોહણના ભારે યાતનાજનક સમયની પાસે આવી રહ્યા હતા ત્યારે તેમણે જોયું





કે તેમના શિષ્યો નિદ્રાધિન થયા હતાં. તેઓથી થોડે અંતરે દૂર ગયા પછી ઈસુએ "ઘૂંટણ ટેકવીને પ્રાર્થના કરી" (લૂક ૨૨:૪૧). પ્રભુ ઈસુ પોતાના પિતા સમક્ષ એકલા હતા. ત્યાં પ્રાર્થના કરવા તે **ઘૂંટણિયે** પડ્યા હતા. એ જ રીતે જ્યારે આપણે ઈશ્વર સાથે એકાંતમાં સમય પસાર કરવા આપણા મિત્રોથી અને કુટુંબથી પોતાને અલગ કરીએ છીએ ત્યારે પ્રાર્થના કરતા ઘૂંટણિયે પડવા દ્વારા તેમના પ્રત્યેનો આદરભાવ અને તેમની ઈચ્છા પ્રત્યેની આપણી આધિનતા અભિવ્યક્ત કરવામાં તે આપણને સહાયરૂપ માલૂમ પડશે.

પ્રેરિત પાઉલ જ્યારે પોતાની જાહેર ધર્મસેવાના અંત સમય પાસે આવી પહોંચ્યા હતા ત્યારે એફેસસમાં તેમણે સ્થાપેલી મંડળીને છેલ્લી પ્રેમી સલામ તેમણે પાઠવી હતી. આપણને વાંચવા મળે છે કે તેમણે "ઘૂંટણિયે પડીને તેઓ સર્વેની સાથે પ્રાર્થના કરી." (પ્રે. કૃ. ૨૦:૩૧) બીજા એક પ્રસંગે સમુદ્ર કિનારે શિષ્યો અને તેઓની પત્નીઓ તથા બાળકોને પાઉલે સલામ પાઠવી હતી. બાઈબલ નોંધ કરે છે કે "સમુદ્રકાંઠે ઘૂંટણે પડીને પ્રાર્થના કરી" (પ્રે. કૃ. ૨૧ : ૫). આજના દિવસોમાં અનેક લોકો વિચારે છે કે જાહેર સ્થળે સ્ત્રીઓ અને બાળકો પ્રાર્થના કરવા ઘૂંટણિયે પડે તે જોનારાઓમાં ગેરસમજ ઊભી કરી શકે છે. આજના દિવસોમાં આપણને ધર્માંધ હોવાના આરોપની બીક લાગે છે ત્યારે આપણે પણ ખાનગી પ્રાર્થના સભામાં સામાન્ય આરામની અનેક વખત આશા રાખીએ છીએ પાઉલના સમયમાં પોતાની પત્નીઓ અને બાળકો સાથે શિષ્યોને ઘૂંટણિયે પડવાની આવી કોઈ સમસ્યા નહોતી તે સ્પષ્ટ છે. આપણને પણ તે સમસ્યારૂપ બનવું જોઈએ નહિ. પછી તે જાહેર પ્રાર્થના સભા હોય કે ઈશ્વર સાથે એકાંતમાં હોય.

તેમ છતાં આપણે અવશ્યપણે યાદ રાખવું જોઈએ કે આપણે ઊભા રહીને, બેસીને કે ચાલતા પ્રાર્થના કરતા હોઈએ ત્યારે ઈશ્વર

સાથેની આપણી ખાનગી વાતચીત વ્યવહાર સંબંધી આપણા મન-વિચારનું વલણ વધારે મહત્ત્વનું છે. હા, આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે યોગ્ય માનસિકતા વલણ અપનાવવા સંબધી બાઈબલ આપણને જણાવે છે, કારણ કે *"ઈશ્વર ગર્વિષ્ઠોની વિરુદ્ધ છે, પણ તે નમ્ર માણસો પર કૃપા રાખે છે. માટે તમે ઈશ્વરને આધિન થાઓ, પણ શેતાનની સામા થાઓ, એટલે તે તમારી પાસેથી નાસી જશે. તમે ઈશ્વરની પાસે જાઓ એટલે તે તમારી પાસે આવશે." (યાકૂબ ૪ : ૬-૮).*

શારીરિક કેટલીક સમસ્યાઓને કારણે ઘૂંટણિયે પડીને લાંબા સમય સુધી પ્રાર્થના કરવી તે કેટલાકને માટે અશક્ય હોય છે. પણ આનંદની વાત એ છે કે ઈશ્વર આપણા પ્રત્યેકના અંતઃકરણને નિહાળે છે. આપણા હાવભાવ કે દેખાવ કરતાં આપણાં અંતઃકરણનું વલણ ચોક્કસપણે વધારે મહત્ત્વનું છે. પરંતુ આપણામાંના જેઓ ઘૂંટણિયે નમી શકે છે તેઓ માટે તે હકીકત આપણી સમજણને આકાર આપવામાં સહાયરૂપ બને છે કે જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે એક મિત્ર બીજા મિત્રની સાથે વાતચીત કરે તેમ આપણા સર્જનહાર સાથે આદરભાવ સાથે વાતચીત કરવાની આપણને તક છે. કારણ કે આપણ સર્વ માટે બાઈબલની સૌથી મહત્ત્વની આજ્ઞા છે : "પ્રભુની આગળ તમે દીન થાઓ" અને જેમ આપણે આ આજ્ઞાને આધિન થઈએ છીએ તેમ ઈશ્વર અદ્‌ભુત વચન આપતા રહે છે "એટલે તે તમને ઉચ્ચ પદે મૂકશે" (યાકૂબ ૪:૧૦).

## તમારા અંતઃકરણને ખુલ્લું કરો

**જીવંત સંગત હંમેશાં ઈશ્વરના દયાસન પાસેથી શરૂ થાય છે. જેને નવા કરારના શબ્દો પ્રમાણે પ્રભુ ઈસુ મરણ પામ્યા હતા તે વધસ્તંભ પાસેથી તેનો પ્રારંભ થાય છે.**





હા, પ્રભુ ઈસુ વધસ્તંભ ઉપર મરણ પામે તે અગાઉ પોતાની મહાન દયા અને પ્રેમમાં ઈશ્વરે પાપની કિંમત તરીકે પોતાના નિષ્પાપ દીકરાના મરણને સ્વીકરવાનું પસંદ કર્યું હતું. જેથી હઠીલી માનવજાત તેમની સાથે ફરીથી સંગત બાંધવા શક્તિમાન બની શકે. આપણા તારનારને વધસ્તંભે જડવામાં આવે તેના ઘણા સમય અગાઉ ઈશ્વરે જાહેર કર્યું હતું કે તે પોતાના બાળકોની મુલાકાત દયાસન પાસે કરશે : "અને ત્યાં હું તને મળીશ... દયાસન ઉપરથી, બે કરૂબોની વચમાંથી હું તારી સાથે વાત કરીશ" (નિર્ગમન ૨૫:૨૨).

આપણા પાપ માટેનું બલિદાન આજે ઈતિહાસનો ભાગ છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તનું મૂલ્યવાન રકત આપણા બદલે વહેવડાવવામાં આવ્યું અને એ રીતે ઈસુના મરણ મારફતે તેમની સાથે વાતચીત કરવા આપણે માટે એક નવો અને જીવંત માર્ગ પૂરો પાડવામાં આવ્યો. તેમનો અમાપ્ય પ્રેમ આપણને આનંદ સાથે એમ કહેવા દોરી જાય છે; "એ માટે દયા પામવાને તથા અગત્યને પ્રસંગે સહાયને સારુ કૃપા પ્રાપ્ત કરવાને આપણે હિંમતથી કૃપાસનની પાસે આવીએ" (હિબ્રૂ ૪:૧૬).

**દયા એટલે ઈશ્વર આપણે જેને માટે લાયક છે તે આપતા નથી, કૃપા એટલે ઈશ્વર આપણને જેને માટે લાયક નથી તે આપણને આપે છે. દયા અને કૃપાના આપણા ઈશ્વર સાથે સંગતમાં ચાલવું કેટલું બધું અદ્‌ભુત છે.**

ફૂંકાતા પ્રત્યેક તોફાની વાયુમાંયે,
પ્રત્યેક વેદનાની ઉપસતી ભરતીમાંયે,
સદા વસે શાંત, નિશ્ચિંત તે સુરક્ષા;
તે થાય પ્રાપ્ત ક્રૂસ કેરાં અધિષ્ઠાનમાં જો.

એવું છે એક સ્થાન, જ્યાંતી નીતારે ઈસુ
સુખ તેલ આપણાં શીરે,
આ છે સ્થાન અતિપ્રિય મને;
તે તો છે રક્તે આણ્યું દયા અધિષ્ઠાન.

એવું છે સ્થાન જ્યાં ચેતના હળેભળે,
જ્યાં મિત્રો કે મિત્રસહ સોબતે ઘૂમતાં કઈ;
પાડ્યાં જાય વિખૂટા, વિશ્વાસે તેઓ મળે
એક જ, એક જ સમાન દયા અધિષ્ઠાને.

ઓહ ! ક્યાં જવું સહાય કાજ આપણે,
જ્યારે લાલચ, તારાજી, નાહિંમત એકે ત્યારે ?
કે પછી પરાજિત કરે નર્કથી ઝૂંડ ત્યારે ?
જો સહિષ્ણુ સંત ધારે ન દયા અધિષ્ઠાન !

જૂઓ, ગરૂડ પાંખે આપણે તો વ્યથિત;
મને - દેહે અને સૂઝ-સમય ભાસે નહિ જ્યાં,
ત્યારે અભિનંદવા આપણાં આત્માને,
આવે સ્વર્ગ-પ્રભુ અને બને રહેમવંશ
તેજે ભર્યું છે દયા અધિષ્ઠાન.

*એચ. સ્ટોવેલ*

**જીવંત સંગત અશુદ્ધ અંતઃકરણ સાથે સહઅસ્તિત્વ ધરાવતી નથી.**

કુટુંબમાં જન્મેલું નર બાળક હંમેશાં તેના માતાપિતાનો પુત્ર રહેશે. તે પુત્ર નથી તેવું કદી જ કહેવાશે નહિ. પરંતુ જો તે પુત્ર અવિનયી હોય તો કેટલીક વખત પોતાના માતાપિતા સાથેનો જાહેર વ્યવહાર આપ-લે સંબંધ ખંડિત થશે. સંબંધ તો રહે છે પરંતુ નિકટની સંગત દુઃખદાયી બને છે. એ મહાન પીડાકારક વાત છે !





જે ક્ષણે આપણો નવો જન્મ થયો તે જ સમયે સ્વર્ગમાંના આપણા પિતા સાથે અનંત સંબંધ પ્રસ્થાપિત થયો હતો તે જાણવું આપણા માટે કેટલું અદ્‌ભુત છે. જો આપણે પ્રામાણિકપણે પ્રભુ ઈસુ ખ્રિસ્તને આપણા અંતઃકરણોમાં સ્વીકારીએ છીએ તો આપણે ઈશ્વરના બાળકો બનીએ છીએ અને તે સંબંધ અનંતકાળ સુધી રહેશે. તેમ છતાં જ્યારે આપણે પાપ કરીએ છીએ ત્યારે આપણા પિતા સાથે આપણી સંગત દુઃખદ રીતે ખંડિત થાય છે.

આપણી અનાધિનતાને કારણે અગાઉ આપણા જીવનો ઉપર તેમની પ્રશંસાના આશીર્વાદો હતા તેનો અનુભવ હવે આપણે કરી શકીશું નહિ. અને પારદર્શક સંબંધનો આ વિચ્છેદ ભલેને ટૂંકા સમયનો કે લાંબા સમયનો હોય પણ તે માટે ઈશ્વરને કે તેમની કાળજીની ઊણપને ચોક્કસપણે આપણે જવાબદાર ઠરાવી શકતા નથી. આ પતન હંમેશાં આપણા પોતાના અંતર આત્માની અશુદ્ધતાને લીધે છે. ઈશ્વર સાથે સંગતમાં આવેલી કોઈ પણ ખલેલ માટે આપણે પોતે સંપૂર્ણપણે જવાબદાર છીએ.

**અશુદ્ધ અંતરઆત્મા :** જોન બન્યને એક વખત કહ્યું, ‘‘પાપ મને બાઈબલથી દૂર રાખશે અને બાઈબલ મને પાપથી દૂર રાખશે.’’ જ્યારે કોઈ વ્યક્તિએ પવિત્ર આત્માને ખિન્ન કર્યા છે અને પોતાના જીવનમાં સમાનપણે પાપનું આચરણ કર્યું છે ત્યારે તે ઈશ્વરના વચનની તેની ભૂમિ પણ ગુમાવી દેશે. ખ્રિસ્તી વ્યક્તિ ઈશ્વરના વચન તરફ ફરે છે ત્યારે જ્વલંત અને અપેક્ષા રાખનાર વિશ્વાસ ધરાવવા માટે શુદ્ધ અંતર આત્મા હોવો તે સંપૂર્ણપણે આવશ્યક છે. બાઈબલ જણાવે છે : ‘‘પણ વિશ્વાસ વગર (ઈશ્વરને) પ્રસન્ન કરવો એ બનતું નથી; કેમકે ઈશ્વરની પાસે જે કોઈ આવે, તેણે તે છે અને જેઓ

ખંતથી તેને શોધે છે તેઓને તે ફળ આપે છે એવો વિશ્વાસ કરવો જોઈએ'' (હિબ્રૂ ૧૧:૬).

પરંતુ જો આપણે પોતાના પાપની અજ્ઞાનતામાં સતત જીવન જીવીશું અને બાઈબલનું વાંચન કરીશું તો આપણો વિશ્વાસ મંદ પડી જશે કારણ કે આપણો અંતરઆત્મા પવિત્રઆત્માની વાણી પ્રત્યે એકરાગ થયેલો રહેશે નહિ.

**શુદ્ધ આંતરઆત્મા :** આપણે પાપનું આચરણ કર્યું તે પછીથી ઈશ્વર સાથે પુનઃ સંગત કરવા માટે આપણા અપરાધી, પાપના ભારથી દબાયેલા અંતરઆત્માને શુદ્ધિ કરવામાં આવે તે અગત્યનું છે. અપરાધના પોતાના આ બોજાથી મુક્ત થવા અશુદ્ધ થયેલા ખ્રિસ્તી વ્યક્તિએ ઈશ્વરની સમક્ષ પોતાના પાપની કબૂલાત કરવા પોતાના અંતઃકરણને ખુલ્લું કરવું જરૂરી છે. પ્રેરિત યોહાને લખ્યું:

> *"જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે" (૧ યોહાન ૧:૯).*

મારા બાઈબલના તે વિભાગમાં મેં એફ. ડબ્લ્યુ ક્રૂમેકર દ્વારા જે પ્રાર્થના કરવામાં આવી હતી તે પ્રાર્થનાની નોંધ કરેલી છે. જ્યારે હું મારી પોતાની નિષ્ફળતા અને પાપ વિશે સભાન બનું છું ત્યારે હું ઈશ્વરના દયાસન સમક્ષ તે ચોક્કસ પાપોના નામ લેવાનો પ્રયત્ન કરું છું. તે પછી પ્રભુ સમક્ષ મારી કબૂલાતના આધાર તરીકે ક્રૂમેકરની પ્રાર્થના કેટલીક વખત હું કરું છું :

> હે પ્રભુ, મારા ઈશ્વર, મેં ફરીથી તમારી વિરુદ્ધ પાપ કર્યું છે અને તે દ્વારા હું ખૂબ દુઃખી થયો છું, હું મૂલ્યાંકન કરું છું અને પોતાને દોષિત ઠરાવું છું, પરંતુ





> તમારી દયા મહાન છે અને તેમાં જ મને ભરોસો છે. પ્રાયશ્ચિતના રક્તનો છંટકાવ મારા અંતરઆત્મા ઉપર કરો અને મારા માટે તમે સહન કરેલાં દુઃખોથી મારા આ પાપ માટે સીધું કરવા વિશ્વાસ મારફતે મારી મદદ કરો.

આપણે પોતાનાં પાપોને જથ્થામાં સોંપતા નથી, તેથી શા માટે આપણે દોષ કે અપરાધનો એક સામાન્ય ઉલ્લેખ કરીને તેઓને કબૂલ કરવાનો પ્રયત્ન કરીએ ? એક જથ્થામાં "આપણાં સર્વ પાપોની" સંપૂર્ણ ક્ષમા મેળવવા ઈશ્વરને વિનંતી કરવી તે પશ્ચાતાપની પ્રામાણિક અભિવ્યક્તિ અને ઈશ્વરની ઈચ્છા તરફ પાછા ફરવાની ઝંખના હોવી તે કરતાં જાણે આપણાં અભિમાની અંતઃકરણો માટે એક સરળ માર્ગ શોધવાનો પ્રયત્ન જેવો લાગે છે. આ રીતે બધી જ વાતોના એક સામાન્ય ઉલ્લેખ સાથે કરેલી કબૂલાત તેના દોષિતપણાથી અંતર આત્માને શુદ્ધ કરવામાં આછી કામ લાગે છે. જ્યારે પવિત્ર આત્મા પાપ તરીકે જાણતી એવી કોઈ પણ વસ્તુને મન-વિચારમાં લાવે છે ત્યારે આપણે અનાધિનતાના તે કાર્યને બાઈબલ જે રીતે તેને પાપ તરીકે વર્ણવે છે તે શબ્દો સાથે જ નામ આપવું આવશ્યક બને છે એટલે કે જૂઠને બદલે સફેદ જૂઠ તરીકે નહિ, વ્યભિચારી મન-વિચારને બદલે મન-વિચારની કલ્પનાશક્તિ તરીકે નહિ; ખૂની ધૃણા સાથે ભરેલા અંતઃકરણને બદલે ઉતાવળ કરનારા જગત તરીકે નહિ.

કેવળ દોષ કે અપરાધની જટિલતા નહિ પણ વાસ્તવિક દોષ કે અપરાધ આપણી વાસ્તવિક સમસ્યા હોવાને લીધે ઈશ્વરની સમક્ષતાના પ્રકાશમાં આપણે આવીએ છીએ ત્યારે આપણે કોઈ પણ રીતે મનોવૈજ્ઞાનિક દ્વિઅર્થી વાતો કે માનવી બહાનાઓ કાઢવા જોઈએ નહિ. તેથી નમ્રતા અને પ્રામાણિકતા સાથે તમે તેમની સમક્ષ તમારા

પાપનું નામ આપો ત્યારે ઈશ્વર પોતાની મહાન દયામાં તમારી કબૂલાતનો પ્રતિભાવ આપશે. ઈશ્વરની કૃપા આ રીતે અદ્‌ભુત છે.

દાઉદે પોતાના દુઃખદ પાપની કબૂલાત કરી તે પછી તે "તારી (ઈશ્વરની) કૃપા પ્રમાણે ..... પુષ્કળ રહેમ પ્રમાણે" (ગી.શા. ૫૧:૧) ને આનંદ સાથે અભિવ્યક્ત કરી શક્યો. બાઈબલમાં ગી.શા. ૫૧ની નોંધ દર્શાવે છે કે જ્યારે દાઉદ ઈશ્વર તરફ પાછો ફર્યો ત્યારે ભંગિત અને ખિન્ન હૃદયવાળો આ માણસ પોતાની કબૂલાતમાં કેવળ પ્રામાણિક જ નહિ પણ તે પોતાના પશ્ચાતાપમાં નિખાલસ હતો. જો તમે પશ્ચાતાપ કરો (તમે ઈશ્વરના બદલે પોતાનો માર્ગ પસંદ કર્યો છે તેવું અનુભવીને હવે તમે ઈશ્વરના શુદ્ધ અને પવિત્ર રસ્તા તરફ પાછા ફરવાની ઇચ્છા રાખો છો) અને પછી તમારા સભાન પાપોની નમ્રતાપૂર્વક અને પ્રામાણિકપણે કબૂલાત કરો છો અને ઈશ્વર સમક્ષ ચોક્કસ શબ્દોમાં તેઓનું નામ આપો છો તો તમે પણ ઈશ્વરની પુષ્કળ રહેમ અને કૃપામાં આનંદ કરી શકશો. તે પછી જ તમારો અંતરઆત્મા શુદ્ધ બનશે કે જેથી તમે ફરીથી એક વખત પવિત્ર ઈશ્વર સાથે સંગતનો પ્રારંભ કરવાને સમર્થ બનશો.

પ્રેમાળ ઈશ્વરની રહેમ અને કૃપાના કાર્ય દ્વારા તમારા અંતરઆત્માને શુદ્ધ કરવામાં આવે ત્યારે પ્રાર્થના કરવામાં તમને નવી હિંમત મળી છે તેવું તમે અનુભવશો.

> *"ઈસુના રક્ત દ્વારા પરમ પવિત્રસ્થાનમાં પ્રવેશ કરવાને આપણને હિંમત છે... માટે દુષ્ટ અંતઃકરણથી છૂટવા સારૂ આપણા હૃદયો પર છંટકાવ પામીને ... આપણે શુદ્ધ હૃદયથી અને પૂરેપૂરા નિશ્ચયથી વિશ્વાસ રાખીને (ઈશ્વરની) સન્નિધ જઈએ" (હિબ્રૂ ૧૦:૧૯, ૨૨).*





હા, ઈશ્વર સમક્ષની સાચી હિંમત શુદ્ધ અંતઃકરણમાંથી આવે છે તે પછી પારદર્શક સાચું અંતઃકરણ ઈશ્વર સાથેની જીવંત સંગતનો ભરપૂર આનંદ મેળવવા માટેના લક્ષણની પૂર્વશરત છે તે હિંમતપૂર્વકના વિશ્વાસને પ્રગટ કરશે.

તમારું અંતઃકરણ શુદ્ધ છે તે તમે જાણો છો ત્યારે ભૂતકાળના પાપનું શરમજનક સંભારણું તમારા અંતરઆત્માને વધુ ખેદિત કરી શકશે નહિ. અલબત શેતાન તમને દોષિત ઠરાવવાનો પ્રયત્ન કરશે પરંતુ તેના સમર્થ આક્રમણનો સામનો કરવા તમે તેને એ જ પ્રત્યુત્તર આપશો જે તમારા દોષિત અંતરઆત્મા વિશે ઈશ્વરે આપ્યો હતો એટલે કે ઈસુના મૂલ્યવાન રક્તનું સામર્થ્ય. પ્રક્ટીકરણના પુસ્તકમાં ઈશ્વરે ક્ષમા આપી હતી તે જ પાપો માટે શેતાન દ્વારા જે સંતો ઉપર આરોપ મૂકવામાં આવતો હતો. તેઓ મૂલ્યવાન રક્તના અદ્‌ભુત સામર્થ્યને સમજી ગયા હતા. તેઓ વિશે નોંધવામાં આવ્યું છે, "તેઓએ **હલવાનના રક્તથી** તથા પોતાની સાક્ષીના વચનથી તેને (ભાઈઓ પર દોષ મૂકનાર શેતાનને) જીત્યો છે." (પ્રક્ટીકરણ ૧૨:૧૧). તેઓએ શુદ્ધ અંતરઆત્માના આશીર્વાદનો આનંદ મેળવ્યો હતો એટલું જ નહિ પણ તેઓ ખલેલ નહિ પહોંચાડનાર અંતરઆત્માનું રહસ્ય પણ શીખ્યા હતા. હાલેલૂયા !

**જીવંત સંગત અયોગ્ય રીતે ગોઠવાયેલા મન-વિચાર સાથે સહઅસ્તિત્વ ધરાવતી નથી.**

ઈશ્વરના વચનના પોષણયુક્ત દૂધ માટે કેમ લોકોને ઇચ્છા થતી નથી તેનું કેટલીક વખત ખાનગી કારણ જોવા મળે છે. તમે ખોરાક આરોગવાની રૂચિ ગુમાવી હોય તેવી તમને કદી લાગણી થઈ છે ? ખોરાક ભલેને ગમે તેટલો સ્વાદિષ્ટ કેમ ન હોય પરંતુ તમને તે

આરોગવાની અભિરૂચિ થતી નથી. તેવી જ રીતે જ્યારે તમે બીમાર છો ત્યારે પોષણયુક્ત આહાર તમને જેમ આકર્ષક લાગતો નથી તેમ જો અયોગ્ય રીતે ગોઠવાયેલા મન-વિચારને લીધે તમારી આધ્યાત્મિક અભિરૂચિ મરી પરવારી છે તો બાઇબલ તમને આકર્ષક લાગતું નથી.

જો કે પિતર આપણને પોષણયુક્ત દૂધ સમાન (૧ પિતર ૨:૨) વચનની ઇચ્છા રાખવા ઉત્તેજન આપે છે તો પણ તે પ્રથમ ઈશ્વરના પોષણ માટેની આપણી ઇચ્છાનો નાશ કરી શકે તેવા આપણા અયોગ્ય વલણ વિશે ચેતવે છે. પોષણ આપતા 'શાંત-સમય' ના અવરોધોને દૂર કરવાનો એકમાત્ર માર્ગ છે તે વિશે તે સ્પષ્ટપણે નોંધે છે. સર્વાંગી આધ્યાત્મિક ભૂખને રોકવા પ્રત્યેક અવરોધોને એકબાજુ પર મૂકવા જરૂરી છે. જો તંદુરસ્ત એવી ભૂખ પ્રસ્થાપિત કરવી છે તો અયોગ્ય રીતે ગોઠવાયેલા મન-વિચારનું સંપૂર્ણપણે પરિવર્તન કરવું જોઈએ. પશ્ચાતાપ કરો - તેમ કહેવાની આ બીજી એક રીત છે !

> *"એ માટે સઘળી **દુષ્ટતા, કપટ, દંભ, અદેખાઈ** તથા સઘળા પ્રકારની **નિંદા** દૂર કરીને નવાં જન્મેલાં બાળકોની પેઠે નિષ્કપટ આત્મિક દૂધની ઇચ્છા રાખો" (૧ પિતર ૨:૧-૨).*

આપણે અગાઉ ઉલ્લેખ કર્યો તેવી આધ્યાત્મિક બીમારી જે આપણી આત્મિક ભૂખનો વિનાશ કરે છે તેનો ઉકેલ લાવીએ નહિ ત્યાં સુધી આપણે ખરેખર કદી જ "વચનના નિષ્કપટ આત્મિક દૂધ" ની ઇચ્છા રાખી શકીશું નહિ એમ શાસ્ત્રવચન ભારપૂર્વક જણાવે છે. આવો, આપણે તેઓ સંબંધી વિચાર કરીએ.

**દુષ્ટતા :** અન્ય લોકો દ્વારા આપણી સાથે જે વ્યવહાર થયો છે તે માટે આપણને અણગમો કે ક્રોધ-ક્ષમા નહિ આપવાના ભાવને





ઉત્પન્ન કરે છે.

કોરી ટેન બૂમે રેવેન્સબ્રૂકમાં આવેલા નાઝી કોન્સનટ્રેશન કેમ્પમાં અપકિર્તીજનક વિનાશક સેન્ટરમાં અવર્ણનિય દુઃખ સહન કર્યું હતું. તે કેમ્પની અમાનવી અને ભારે વેદનાજનક પરિસ્થિતિમાં તેમની પોતાની વહાલી અને સંત બહેનના જીવનને છીનવાઈ જતું નજરે નિહાળ્યું હતું તે તેથીય વધારે ભય પમાડનારું હતું. આવી દુષ્ટતા માટે જવાબદાર ક્રૂર સૈનિકો સાથે વાતચીત કરતા કેરી ડેન બૂમે પછીના સમયે કઈ રીતે તેઓને તેણીએ ક્ષમા આપી હતી તેની સાક્ષી આપી હતી અને કહ્યું :

**"ક્ષમા આપવી તે ઇચ્છાશક્તિનું કાર્ય છે અને ઇચ્છાશક્તિ હૃદયના તાપમાનની પરવા કર્યા વિના કાર્ય કરવાની પસંદગી કરી શકે છે."**

જો તમે કોઈ વ્યક્તિને ક્ષમા નહિ આપવાનું વલણ ધરાવો છો - પછી ભલેને તે વ્યક્તિ દ્વારા તમને ગમે તેટલું દુઃખ કેમ પહોંચાડવામાં આવ્યું ન હોય-ક્ષમા નહિ આપવાની તમારી ઇચ્છા તેઓને હાનિ પહોંચાડી શકશે નહિ પણ તે તમારા આધ્યાત્મિક જીવનને ગૂંગળાવીને મારી નાખશે ! તમે તેઓને ક્ષમા આપવાની ઇચ્છા નહિ રાખો ત્યાં સુધી હકીકતમાં તમે તેવી વ્યક્તિના બંધનમાં રહેશો અને ત્યારે જ તમે આપણા પ્રભુએ શીખવેલી પ્રાર્થના કરી શકો : "અમારાં પાપ અમને માફ કર; કેમકે અમે પોતે પણ અમારા હરેક ઋણીને માફ કરીએ છીએ" (લૂક ૧૧:૪). જો તમે પોતાના અંતઃકરણમાં ક્ષમા નહિ આપવાની કોઈ વાતથી સભાન છો તો ઈશ્વર સાથે તમે એકાંતમાં સમય પસાર કરો ત્યારે તે વ્યક્તિ કે વ્યક્તિઓને ક્ષમા આપવાનું પસંદ કરો. ત્યાર પછી જ તમે કોઈ પણ આડંબર વિના તેઓ પ્રત્યે ઈશ્વરનો પ્રેમ અભિવ્યક્ત કરવાને સમર્થ બની શકશો.

**કપટ :** આપણા પાપ કબૂલ કરવાને બદલે આપણી નિષ્ફળતા માટે બૌદ્ધિક દલીલ કરવી અથવા તેને ઢાંકવાનો પ્રયત્ન કરવો - પ્રામાણિક્તાને બદલે જૂઠના અસ્તિત્વ સાથે જીવન જીવવું.

**દંભ/આડંબર :** અયોગ્ય અસર ઊભી કરવા માટે અભિમાની ઈચ્છા સાથે પોતાનો અતિરેક કરવો - આપણે જે વાસ્તવિકતામાં નથી તેવું હોવાનો દેખાવ ઊભો કરવો. આપણા પાળક, માતાપિતા, મિત્ર અથવા આપણી નોકરીના સ્થળે - સ્વીકૃતિ મેળવવાની ઈચ્છા - સઘળા દંભ/આડંબરનું મૂળ હોય છે.

**અદેખાઈ :** અન્ય વ્યક્તિના આશીર્વાદોને પ્રામાણિકપણે આનંદવાને બદલે તે પ્રત્યે શંકા સાથે પ્રતિક્રિયા કરવી : અન્ય વ્યક્તિ ધારણ કરે છે તે પ્રત્યે લોભ કરવો.

**નિંદા/દુષ્ટાભરી વાતચીત :** અન્યને દુઃખ પહોંચાડવામાં અથવા અનિષ્ટકારી વાતચીત માટે આપણી જીભનો ઉપયોગ કરવો અથવા અન્યના ચારિત્ર્યનું ખંડન કરે તેવું કાંઈ પણ સાંભળવામાં આપણા કાનોને સચેત કરવા - અન્ય વ્યકિતના જીવનના પાપો દર્શાવવા દ્વારા આપણા પોતાના વ્યક્તિગત અપરાધ ભૂંસી નાખવાનો પ્રયત્ન કરવો.

ઈશ્વરના વચન દ્વારા જો આપણું પોષણ થાય તેવી સાચે જ આપણે ઈચ્છા રાખીએ છીએ તો આપણે આ બાબતોને એકબાજુએ પડતી મૂકવી જોઈએ. ત્યાર પછી જ નવા જન્મેલા બાળકની જેમ આપણને પોષણ આપવાનો સમય આવે ત્યારે જીવન-આપનાર દૂધ શોધવા માટે સમજાવવાની કોઈ આવશ્યક્તા રહેશે નહિ. તેથી તમને પણ પોતાનું બાઇબલ ખુલ્લું કરવાની તક મળે ત્યારે "તમે ઈશ્વરનાં વચન ગ્રહણ કરો, તેનું વાંચન અને મનન કરો. ઈશ્વરમાં વૃદ્ધિ પામો" (૧ પિતર ૨ : ૨).





**જીવંત સંગત સ્વકેન્દ્રિત જીવન સાથે સહઅસ્તિત્વ ધરાવતી નથી.**

ઘણા વર્ષો સુધી જાપાનમાં વસવાટ કર્યો હતો તેવા મિશનરી બાનુ તરફથી આવેલા ખાનગી પત્રનું મેં તાજેતરમાં વાંચન કર્યું હતું. મોટાભાગના સામાન્ય લોકો સુવાર્તા પ્રગટ ન કરી શકે તેવા સરકારી અને આંતરરાષ્ટ્રીય સંબંધો ધરાવતા અધિકારીઓ તથા "સમાજના ઉચ્ચ-માનવંતા" અન્ય લોકોની તેણીએ ધર્મસેવા કરી હતી. તેમણે લખ્યું હતું :

> પોતાનો નકાર કરવો અને દરરોજ પોતાનો વધસ્તંભ ઊંચકવો તેના શિક્ષણને શું થયું છે ? ખ્રિસ્તી જીવન સાથે સંબંધિત પુસ્તકોનું વર્ગીકરણ કરતી હતી ત્યારે એક વાત મારા ધ્યાનમાં આવી. છેલ્લા વીસ કે તેથી વધારે વર્ષોમાં મેં એકત્રિત કર્યા હતા તેવા મોટાભાગના પુસ્તકોના વિષયો ખ્રિસ્તી જીવન માટે વિકાસ પામવા 'તમે પોતે તે કરોં' તે વિષે કહેતા હતા પરંતુ મારા પ્રારંભિક ખ્રિસ્તી જીવનમાં જે પુસ્તકોનું હું સ્મરણ કરી શકું છું પોતાનો નકાર કરવો. દરરોજ પોતાનો વધસ્તંભ ઊંચકવો, પવિત્ર જીવન જીવવું, ખ્રિસ્તને વળગી રહેવું અને તમારા જીવન મારફતે તેમને જીવવાની મંજૂરી આપવી તે સંબંધી વાત કરતા હતા. સમય પસાર થતાં શું તે શિક્ષણનો લોપ થયો કે તે વિશે હું કલ્પના કરું છું ?

આવું જ કંઈક હોંગકોંગમાં ચાઈનીઝ આગેવાનનું કહેવું હતું જ્યારે તેમણે લખ્યું, "પશ્ચિમમાં અથવા સમગ્ર જગત તરીકે મુક્ત વિશ્વમાં ઈસુના પુનરુત્થાનના પરાક્રમી વિજય સાથે મંડળી પોતાને

વધુ ઓળખાવી રહી છે તેવું હું નિહાળું છું. તેઓ એવા પ્રકારના સંબંધની ઈચ્છા રાખે છે. તેઓ ઉત્થાન પામેલા પુત્રની સફળતા, સમૃદ્ધિ અને સારી વાતોને માટે ઝંખે છે. કેવળ થોડાં જ ખ્રિસ્તનાં દુઃખોની સંગતમાં સહભાગી થાય છે. તેમ છતાં એશિયાની મંડળીઓ વિશેષે કરીને જ્યાં કેદ કરી રાખવામાં આવે અને પ્રતિબંધ ફરમાવવામાં આવે તેવી પરિસ્થિતિઓવાળા દેશોમાં તેનાથી વિરુદ્ધનું વલણ હું નિહાળું છું. આ વિશ્વાસીઓ ખ્રિસ્તના દુઃખો સાથે ભાગ્યા થવાની કે સંગત કરવાની વધારે ઈચ્છા ધરાવે છે. તેઓ માટે તો તેમના દુઃખોની સંગત તેઓનો બદલો અને તક છે.''

## *તેમના મરણ સાથે એકરૂપ થવું*

પ્રેરિત પાઉલે પોતે પ્રાર્થના કરી હતી :

*''એ માટે કે હું તેને તથા તેના પુનરુત્થાનના સામર્થ્યને તથા તેનાં દુઃખોનાં ભાગિયાપણાને જાણું, એટલે તેના મરણને અનુરૂપ થાઉં'' (ફિલિપી ૩ : ૧૦).*

પ્રભુ ઈસુ સાથે સંગત કરવાની આ ઉમદા ઈચ્છા પાઉલ દ્વારા અભિવ્યક્ત કરવામાં આવી તેના સૂચિત અર્થોની સમજણ આપવા આમોસ આપણી સહાય કરી શકે છે જ્યારે તેણે કહ્યું, ''શું બે જણા સંપ કર્યા વગર ભેગા ચાલી શકે ?'' (આમોસ ૩ : ૩). જો આપણે તેમના પુનરુત્થાનના પરાક્રમમાં ચાલવાની ઈચ્છા રાખીએ છીએ તો પછી આપણે તેમના દુઃખોની સંગતમાં સહભાગી થવાની ચોક્કસપણે સહમતી આપવી જોઈએ. અપૂર્ણ કરાર તે ખરેખર કરાર ન કહેવાય !

પાઉલે તેના પ્રેરિતપણાના અધિકાર વિશે તેના પોતાના જ બદલાણ પામેલાઓએ ધિક્કાર કરવાની શરૂઆત કરી તેઓને લખ્યું હતું ત્યારે તેણે એકપક્ષીય પ્રતિઘોષ કરતા પ્રેમના દુઃખ વિશે અન્ય





જગ્યાએ ઉલેલખ કર્યો હતો : ''પણ હું તમારા આત્માઓને વાસ્તે ઘણી ખુશીથી (મારું સર્વસ્વ) ખરચીશ તથા હું પંડે પણ ખરચાઈ જઈશ. જો હું તમારા પર વધારે પ્રેમ રાખું, તો શું તમે મારા પર ઓછો પ્રેમ રાખશો ?'' (૨ કરિંથી ૧૨:૧૫). અન્ય જગ્યાએ તેણે પ્રામાણિક પ્રેમનું પૃથક્કરણ કર્યું હતું અને ભારપૂર્વક જાહેર કર્યું હતું, ''પ્રીતિ સહનશીલ છે... પોતાનું જ (હિત) જોતી નથી...'' (૧ કરિંથી ૧૩:૪-૫).

આવો શુદ્ધ પ્રેમ જે સહનશીલ અને પોતાનું જ હિત જોતો ન હોય તેનું મૂર્ત અદ્ભૂત સ્વરૂપ પ્રભુ ઈસુ ખ્રિસ્તના વ્યક્તિપણામાં જોઈ શકાતું હતું. જ્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પ્રેમવિહોણા જગતમાં આવ્યા ત્યારે તેમણે માનવદેહમાં ઈશ્વરના પ્રેમનું સંપૂર્ણ નિદર્શન કર્યું હતું. તેમના કાર્યો, તેમના શબ્દો, તેમના આંતરિક વિચારો, તેમના પિતાની ઈચ્છાને કરેલું તેમનું પૂરેપૂરું સમર્પણ - તે બધું જ પ્રેમના ઉત્કૃષ્ટ ચિત્રને રજૂ કરતું હતું. જે કદી જ પોતાના સ્વાર્થ માટે નહોતું. બીજા શબ્દોમાં કહીએ તો તેમના જન્મના સમયથી લઈને તેમનું ક્રૂસારોહણ થયું તે સમય સુધી પ્રભુ ઈસુએ તેમના પોતાના વ્યક્તિગત લાભો શોધવા માટે તેમની માનવી સંપૂર્ણતાની લોભામણી ઈચ્છાઓનો ઉપયોગ કરવાનો પ્રેમપૂર્વક નકાર કર્યો હતો.

આ રીતે તેમના પૃથ્વી પરના તેત્રિસ વર્ષ દરમ્યાન પ્રભુ ઈસુએ અન્ય લોકોની ભલાઈ માટે તેમનું જીવન સતત ખર્ચી નાખ્યું હતું (૧ યોહાન ૩:૧૬). પછી તેમણે વધસ્તંભની મહાગ્લાનિનો અનુભવ કર્યો ત્યારે આપણે વાંચીએ છીએ :

*આ જગતમાંથી બાપની પાસે જવાનો સમય આવ્યો છે એ જાણીને ઈસુએ જગતમાં પોતાના લોક, જેઓના ઉપર*

*તે પ્રેમ રાખતો હતો તેઓ પર અંત સુધી પ્રેમ રાખ્યો (યોહાન ૧૩ : ૧).*

હા, સાચે જ તેમના પ્રેમે **ઘણા લાંબા સમય સુધી સહન કર્યું.** તેથી જો આપણે પોતાના તારનાર સાથે સાચે જ 'સંગત' ઇચ્છીએ છીએ તો આપણે પોતાના અંતઃકરણની શોધ કરાવે તેવો પ્રશ્ન પોતાને પૂછવાની જરૂર છે :

**ઈશ્વરે મને આપેલી તકનો શું હું મારા પોતાના લાભ અને વિકાસ માટે ઉપયોગ કરું છું કે પછી અન્ય લોકો માટે પ્રામાણિક પ્રેમમાં મારું જીવન ખરચી નાખવાને તૈયાર છું, પછી ભલેને પ્રક્રિયામાં દુઃખસહન કરવાનું સામેલ કેમ ન હોય !**

હા, ઈશ્વરનો પ્રેમ આપણી વર્તમાન 'હું-પ્રથમ' પેઢી જે હિંમતપૂર્વક જાહેર કરે છે કે પોતા પ્રત્યેનો પ્રેમ એક સદ્‌ગુણ છે અને પોતાના અધિકારો અન્યની સુખાકારી કરતાં વધારે મહત્ત્વના છે તેની સંપૂર્ણ વિરુદ્ધ તેઓ માટે ચિત્ર રજૂ કરે છે. આ રીતે પોતાની પૂજા-ભક્તિ કરવાના વલણને બાઈબલના અંતના દિવસોની નિશાનીઓમાંની એક તરીકે તેને ઓળખાવે છે. *"કેમકે માણસો સ્વાર્થી... ઈશ્વર પર નહિ પણ વિલાસ પર પ્રીતિ રાખનારા થશે." (૨ તિમોથી ૩ : ૨, ૪).*

એલેક્ઝાંડર મેક્લેરે ભારપૂર્વક જણાવ્યું છે કે અતિ ઉચ્ચ આધ્યાત્મિક સુંદરતા સુધી પહોંચવાનો માર્ગ ઘાયલ થયેલા સ્વપ્રેમના લોહિયાળ પગલાં સાથે અંકિત થયેલો છે તેમાં કોઈ શંકા નથી.

કાર્ય દ્વારા કે વિચાર દ્વારા અભિવ્યક્ત થયેલું પાપ આપણા સ્વ વિશેની સભાનતા અને સ્વકેન્દ્રિતપણાના મળેલા આપણાા વારસાનો પૂરાવો આપે છે. ઓસ્વાલ્ડ ચેમ્બર્સ આ સ્વ વિશેના પૂર્વાગ્રહને





"મારા પોતાના જ હક્કમાં મારા અધિકાર માટે મારો દાવો" તરીકે ઓળખાવે છે. અને વધુમાં જાહેર કરે છે કે આદરયુક્ત નૈતિકતામાં તેનો અમલ કરવામાં આવે કે પછી તિરસ્કરણીય અનૈતિકતામાં તેનો અમલ કરવામાં આવે પણ એકસરખી રીકે ભયજનક છે. ચોરીના સામાન અને શોષણમાં સ્વાર્થીપણું અને કઠોરતાનો ઘેરો શોક અનુભવવો સહેલો છે. પરંતુ માનવીનું પાપમય સ્વકેન્દ્રિતપણું આની જેમ અનેક તરકટી રીતોમાં અભિવ્યક્તિ થાય છે.

પ્રત્યેક સ્થાનિક સમસ્યા અને સામાજિક દબાણોના મૂળમાં અને મોટાભાગની મંડળીની મુશ્કેલીઓમાં પાયામાં મારા પોતાના માટે મારા અધિકારના યુક્તિબાજ દાવાઓ હોય છે. એટલે મારો સમય, મારા નાણાં, મારી રીત, મારી પસંદગી, મારી ઇચ્છા. ખરેખર કોઈપણ વાત જે ઈશ્વરના પ્રેમને તેમને પોતાને શોધતી નથી તે માનવીની સ્વાર્થી વારસાની અભિવ્યક્તિ છે.

## મારો સ્વર્ગીય દૃષ્ટિકોણ

આપણા સ્વકેન્દ્રિતપણાને સાચે જ ઓળખવાનો એકમાત્ર માર્ગ ઈશ્વરના દૃષ્ટિકોણ પ્રમાણે પોતા તરફ દૃષ્ટિ કરવાનો છે. જે. બી. ફિલિપ્સ નવી સ્થપાયેલી મંડળીઓને પાઠવેલા પોતાના પત્રમાં કોલોસીમાં આવેલી મંડળીઓમાંના લોકો માટે પાઉલની પ્રાર્થનાનો અનુવાદ આ પ્રમાણે કરે છે :

*અમે ઈશ્વરને વિનંતી કરીએ છીએ કે આત્મિક આંતરસૂઝ અને સમજણ દ્વારા તમે સઘળી વસ્તુઓને **ઈશ્વરના દૃષ્ટિકોણથી નિહાળી શકો.** (કોલોસી ૧ : ૯).*

આપણે પાઉલના નમૂનાનું અનુસરણ કરીએ અને ઈશ્વર આપણી

આધ્યાત્મિક આંખો ઊઘાડે તેવી પ્રાર્થના કરીએ ત્યારે જ આપણે સ્વકેન્દ્રિય અસ્તિત્વની આંખો મારફતે નહિ પણ ઈશ્વરના સ્વર્ગીય દૃષ્ટિકોણ પ્રમાણે આપણા વ્યક્તિગત જીવનની 'સાચી' પરિસ્થિતિને નિહાળવાની શરૂઆત કરી શકીશું અને કેવળ આ રીતે તેમના આધ્યાત્મિક વૈવિધ્ય મારફતે આપણા જીવનની વાસ્તવિકતાને જોઈ શકીએ છીએ.

ડૉરોથી અને મારા ઘણા સમયના મિત્ર શ્રીમતી સાયલન્સે એક રાત્રે સ્વર્ગીય દૃષ્ટિકોણ પ્રમાણે કૌટુંબિક સમસ્યાનો પ્રાર્થનાપૂર્વક અને આધિનતાપૂર્વક સામનો કર્યો ત્યારે અમને ઘણું શાંત્વન મળ્યું હતું, રાત્રે બે વાગે ટેલિફોન કૉલ દ્વારા તેણી જાગૃત થઈ હતી. પોલીસ ઓફિસરે પ્રશ્ન પૂછયો, "આજે રાત્રે તમારી કાર કોણ ચલાવતું હતું તે શું તે જાણો છો ?" હા, મારા બે દીકરાઓ યુવાનોની બાઈબલ કોન્ફરન્સમાંથી ઘરે પાછા ફરી રહ્યા હતા." તેણીએ જાગૃત થઈને પ્રત્યુત્તર આપ્યો. "વારુ, તમારા માટે મારી પાસે માઠા સમાચાર છે - કાર ચાલકને ઊંઘ આવી ગઈ અને તમારી કાર રસ્તાની એક બાજુએ આવેલા ઝાડ સાથે ટકરાઈ ગઈ. કારચાલક મૃત્યુ પામ્યો છે. અને અન્ય યુવાન જીવશે એવી કોઈ આશા દેખાતી નથી !" પોતાના બાળકો માટે જેના અંતઃકરણમાં હંમેશાં પ્રેમ ઊભરાતો હતો તેવી વ્યાકૂળ થયેલી માતા આ આઘાતજનક સમાચાર સાંભળીને ખામોશ થઈ ગઈ હતી.

ફોન મૂક્યા પછી શ્રીમતી સાઈલન્સે પોતાના સ્વર્ગીય પિતાને રૂદન સાથે વિનંતી કરી, "હે ઈશ્વર, આવા સમયે એક માતા શું કરે છે ?" સંજોગોવશાત્ તેણી પ્રાર્થના કરતાં અને બાઈબલ પ્રમાણે વિચારતા શીખી હતી. સમય જતાં તેણીએ મને કહ્યું કે બાઈબલની કલમ જે આજ્ઞા આપે છે કે "દરેક સંજોગોમાં ઉપકારસ્તુતિ કરો." (૧





થેસ્સા ૫ : ૧૮). તેનો વિચાર-મનન તેણીએ કર્યો હતો. શ્રીમતી સાઈલન્સે વધુમાં કહ્યું, "પણ પ્રભુ, મારા અંતઃકરણમાં હું આભારી નથી તે તમે જાણો છો. તે શીતળ અને ખાલી છે અને હચમચી ગયું છે છતાં આ ભયંકર રાત્રે હું તમારા વચનને આધિન થઈશ. અને હું તે પ્રમાણે કરૂં છું ત્યારે મારા અંતઃકરણમાં મહેરબાની કરીને ચમત્કાર કરો. હું તમને આધિન થાઉં અને તમારો આભાર માનું ત્યારે તેને તમે અર્થપૂર્ણ બનાવો કારણ કે આ કટોકટીની પળોમાં હું આભાર માનવાની સહેજેય ઇચ્છા ધરાવતી નથી." આ રીતે શ્રીમતી સાઈલન્સે પોતાના વિશ્વાસની કસરત કરી હતી અને પ્રાર્થનાનો આરંભ કર્યો હતો.

આ માયાળુ હૃદયની માતાએ મને કહ્યું કે જ્યારે તેણીએ પ્રથમ જણાવ્યું, "પિતા, તમે જે છો તે માટે તમારો આભાર." ત્યારે આઘાતને લીધે દીગ્મૂઢ થયેલી તેણીનું અંતઃકરણ શીતળ અને ખાલી જ રહ્યું હતું. પરંતુ જેમ તેણીએ આભાર માનવાનું વિશ્વાસુપણે ચાલુ રાખ્યું તેમ પવિત્ર આત્માએ તેમનો પોતાનો અદ્ભુત ચમત્કાર કર્યો હતો ! તેમણે તેણીનું અંતઃકરણ દિલાસો અને પ્રામાણિક આભાર સ્તુતિથી ભરી દીધું. હા, તે લાંબી ભયંકર કાળી રાત્રી દરમિયાન ઈશ્વરનો દિલાસો આપનાર પવિત્ર આત્માએ શ્રીમતી સાઈલન્સના વિશ્વાસ અને આધિનતાનો પ્રત્યુત્તર આપ્યો હતો. તેમણે તેણી અને તેણીના કુટુંબ બંને માટે ઈશ્વરના અપરિવર્તનીય પ્રેમની તેણીને ફરીથી ખાતરી આપી હતી. પરોઢ થતી હતી ત્યારે તેણીની આંખોમાં હજુએ આંસુ હતા તેમાં કોઈ શંકા નહોતી તો પણ તેણીએ પોતાના અંતઃકરણમાં સ્થાપિત થયેલા ઈશ્વરના અવર્ણનીય દિલાસાનો અનુભવ કર્યો હતો.

ઈશ્વરની કૃપાની આ અદ્ભુત સાક્ષી છે જ્યારે તેમણે દુઃખિત

માતાને અનંતકાળિક પ્રેમની બાહુઓમાં સમેટી લીધા હતા. ગહન અને પ્રગાઢ ખાતરી સાથે શ્રીમતી સાઈલન્સે કહ્યું કે તે ઘોર અંધારી રાત દરમિયાન ઈશ્વરની શાંતિ જે માનવી સમજણ-શક્તિની બહાર છે તે દ્વારા તેણીનું અંતઃકરણ ઊભરાયું હતું. મુશ્કેલીઓ આવી ત્યારે શ્રીમતી સાઈલન્સે પ્રભુ સાથે રહેવાનું જીવનમાં સાબિત કર્યું હતું. માનવી અને સ્વર્ગીય દૃષ્ટિકોણ વચ્ચે આભ-જમીનનો તફાવત છે.

તમે પણ ઈશ્વર સાથેની નિકટની સંગતનો આનંદ માણો છો ત્યારે તમે એવું અનુભવશો કે આભારસ્તુતિ અને વિશ્વાસ હંમેશાં એકમેક થયેલાં હોય છે. જ્યારે આભારસ્તુતિનો પ્રામાણિક વિશ્વાસ તમારા અંતઃકરણને ભરી દે છે ત્યારે ઈશ્વર તમારા જીવનની બદલાતી પરિસ્થિતિઓને - ભલેને તેઓ બાહ્ય રીતે સારી કે ખરાબ દેખાતી હોય - તેમના દૃષ્ટિકોણ પ્રમાણે નિહાળવા તમને સમર્થ બનાવશે. આ પ્રકારના સ્વર્ગીય દૃષ્ટિકોણ પ્રમાણે ઈશ્વર ચોક્કસપણે તમારા ઘવાયેલા અંતઃકરણને પુનઃ ખાતરી આપશે કે "જેઓ ઈશ્વરના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને **એકંદરે સઘળું** હિતકારક નિવડે છે." (રોમન ૮ : ૨૮). આ કલમનો દિલાસો શીતળ, ખાલી અને બિનજરૂરી રીતે ટાંકેલા સત્ય તરીકે રહેવો જોઈએ નહિ. ઈશ્વરે આપણને આ અદ્‌ભુત વચન આપ્યું છે કે જેથી તે આપણા પ્રત્યેકના અંતઃકરણોમાં ચમત્કારીક વાસ્તવિક્તા સાથે પડઘો પાડી શકે. તેથી તમે તેમ કરવાનું ઈચ્છો ત્યારે પ્રભુની સ્તુતિ કરો ! તમને તેમ કરવાની ઈચ્છા ન થાય ત્યારે પણ પ્રભુની સ્તુતિ કરો ! તમને તેમ કરવાની ઈચ્છા થાય ત્યાં સુધી પ્રભુની સ્તુતિ સતત કરતા રહો ! તમારા અને મારા જીવનમાં એવી પરિસ્થિતિ કદી જ આવશે નહિ કે જ્યારે પ્રભુની સ્તુતિ કરવી આપણા માટે અસ્થાને હશે.

મધ્યપૂર્વના દેશોની પ્રતિરોધક પરિસ્થિતિઓમાં ખ્રિસ્ત માટે





વિશ્વાસુપણે અને ફળવંત સેવાઓ લાંબા સમય સુધી આપનાર મિશનરીઓ તરફથી તાજેતરમાં જ ડૉરોથી અને મને પત્ર પ્રાપ્ત થયો હતો. તેમના પત્રમાં સ્ટાને લખ્યું હતું : "મારી સુખ-સગવડતા નહિ પણ તેમના ચારિત્ર્યના આધારે મારે તેમની સ્તુતિ કરવી જરૂરી છે. અને હું તેમ કરી શકું છું." ક્ષમા સંબંધી કૉરી ટેન બૂમના વિધાનને યાદ કરીએ તો આપણે એમ કહી શકીએ કે પ્રભુની સ્તુતિ કરવી તે ઈચ્છાશક્તિનું કાર્ય છે, ઈચ્છાશક્તિ અંતઃકરણના તાપમાનની પરવા કર્યા વિના પ્રભુની સ્તુતિ કરવાનું પસંદ કરી શકે છે. પછી જ્યારે આપણે તેમની સ્તુતિ કરવાનું પસંદ કરીશું ત્યારે તે આપણને આંતરિક રીતે પોતાની શાંતિથી અને તેમના અપરિવર્તનશીલ પ્રેમને વળગી રહેનાર સમક્ષતાથી ભરી દેશે - પછી ભલેને આપણી પરિસ્થિતિ ગમે તેવી કેમ ન હોય !

આપણે દરેક વસ્તુઓ **માટે** ઈશ્વરનો આભાર માનીએ પણ દરેક **વસ્તુમાં** તેમનો આભાર માનીએ તેવું આપણને કહેવામાં આવ્યું છે તેની નોંધ કરો.

**પ્રામાણિક આભારસ્તુતિ જે આપણા સ્વર્ગીય દૃષ્ટિકોણની ઓળખમાંથી ઉદ્‌ભવે છે તે વિશ્વાસનું એક લક્ષણ કે તત્વ છે જે દુઃખમાંથી સ્વદયાને અલગ કરે છે.**

યાદ રાખો, આ સત્ય છે પછી આપણે પ્રભુમંદિરમાં હોઈએ કે હોસ્પિટલમાં ! જ્યારે જીવનના તોફાનો ઊભા થાય છે ત્યારે પૃથ્વીની વાતો સાથે સંકળાયેલા અંતઃકરણમાં "સ્વ-દયા" ના વલણ ઉપર પ્રતિક્રિયા કરવી સરળ લાગશે, પણ ખ્રિસ્ત કેન્દ્રિત અંતઃકરણ હજુ પણ પ્રભુની સ્તુતિ કરશે.

દુઃખના પ્રથમ ભરડામાં આપણામાંના મોટાભાગના

> પતિત અને ભંગિત થઈ જઈએ છીએ; ઈશ્વરના હેતુઓના ઉંબરા ઉપર બેસી જઈએ છીએ અને સ્વ-દયા સાથે છેતરાઈ જઈએ છીએ. કહેવાતી ખ્રિસ્તી સહાનુભૂતિ પણ પ્રક્રિયાને આગળ વધારતી નથી પરંતુ તેમના મહાન પ્રેમમાં ઈશ્વર કદી જ તે કરશે નહિ. તે પોતાના પુત્રના વિંધાયેલા હાથની પકડ સાથે આવે છે અને કહે છે - સારી સાથે સંગતમાં પ્રવેશ કર; "ઊઠ, અને પ્રકાશિત થા." જો ભંગિત થયેલા અંતઃકરણ મારફતે ઈશ્વર આ જગતમાં પોતાના હેતુને પૂર્ણ કરી શકે છે તો પછી તમારું અંતઃકરણ ભંગિત કરવા માટે તેમનો આભાર માનો. (ઓસ્વાલ્ડ ચેમ્બર્સ કૃત My Utmost for His Highest માંથી શાબ્દિક રૂપાંતર)

આપણા જીવનની "સર્વ બાબતો" પાછળ ઈશ્વરનું પ્રેમાળ કારણ રહેલું હોય છે તેની નોંધ કરો. તે પછીની કલમ પ્રગટ કરે છે કે, "તેના દીકરાની પ્રતિમા જેવા થાય" (રોમન ૮:૨૯) તે માટે તેઓને આવવાની મંજૂરી આપવામાં આવે છે.

હા, જો ઈશ્વરે આપણા પોતાનામાંથી છૂટવા કેવી મહિમાવંત સ્વતંત્રતા પૂરી પાડી છે તેની સમજણ મેળવવી હોય તો આપણાં જીવનોને સ્વર્ગીય દૃષ્ટિકોણથી આપણે નિહાળવાનું શીખવું જોઈએ તે આવશ્યક છે.

સ્વ-કેન્દ્રિત જીવન માટે ઈશ્વરનો પ્રત્યુત્તર વિકાસ કે કેળવણી નહિ **પણ મરણ** છે ! પૃથ્વી પરના આપણા જીવનમાં સ્વકેન્દ્રિત જીવનનું ખેંચાણ આપણે અનુભવીએ છીએ ત્યારે પ્રામાણિક વિશ્વાસ





ઈશ્વરના અનંત સત્યમાં આનંદવાને સમર્થ બનશે. "કેમ કે તમે મૂઆ છો, અને તમારું જીવન ખ્રિસ્તની સાથે ઈશ્વરમાં ગુપ્ત રાખવામાં આવ્યું છે." (કલોસી ૩ : ૩)

**મરણ, દફન** અને **પુનરુત્થાન** (રોમન ૬ : ૨-૪) ની પ્રક્રિયા મારફતે - **ઈશ્વરમાં ખ્રિસ્ત** સાથે આપણને ગુપ્ત રાખવામાં આવ્યા હોવાને કારણે આપણી સ્વકેન્દ્રિત બાબતોના આપણા પૃથ્વી પરના અસ્તિત્વમાંથી ક્રાંતિકારી રીતે આપણને છોડાવવામાં આવ્યાં છે. હવે આપણે વધસ્તંભની પુનરુત્થાનની બાજુમાં જીવનના નવા દૃષ્ટિકોણનો આપણે આનંદ ઊઠાવી શકીએ છીએ !

> ખ્રિસ્તમાં હું મરણ પામ્યો, ખ્રિસ્તમાં ઉત્થાન પામ્યો.
> ખ્રિસ્તમાં હું મારા શત્રુઓ પર વિજય પામ્યો,
> ખ્રિસ્તમાં મેં સ્વર્ગમાં મારું સ્થાન લીધું,
> અને નર્કના પરાજ્યમાં સ્વર્ગ આનંદે છે.

જૂનું સર્જન મરણ પામ્યું છે અને સાચો ખ્રિસ્તી ઈશ્વરના નવા સર્જનના ભાગરૂપ બન્યો છે. આપણા તારણમાં એ જ સર્વ સમાયેલું છે.

ખ્રિસ્ત સાથે મરણ પામવામાં આપણું સ્થાન હતું તેની સમજણ આપણે મેળવીશું તો પૃથ્વી પરના આપણા દૈનિક જીવનમાં આપણે સ્વ-કેન્દ્રિત હોવામાંથી મુક્ત થઈને ખ્રિસ્ત-કેન્દ્રિત અનુભવ કરવા માટે પરિવર્તન પામીશું. પરંતુ તેમની સાથેની આવી નિકટની સંગતનો સતત આનંદ ઉઠાવવા આપણે-પૃથ્વી પરની સમસ્યા - સ્વકેન્દ્રિત જીવન સાથે કેવો વ્યવહાર કરવો તે જાણવું આવશ્યક બની રહે છે !

## પૃથ્વી પરની મારી સમસ્યા

**હવે આપણું અંતઃકરણ તપાસે તેવો પ્રશ્ન આપણે પૂછવો જોઈએ : "પૃથ્વી પરનું મારું જીવન શું ખરેખર ખ્રિસ્ત કેન્દ્રિત છે કે તે હજુ પણ સ્વ-કેન્દ્રિત છે ?"**

સ્વકેન્દ્રિત જીવન ચોક્કસપણે કોઈપણ વ્યક્તિનો ઝડપભેર વિરોધી બની જશે. અથવા કોઈપણ પરિસ્થિતિ જે તેની સલામતી, તેનો અહમ્, તેનું સુખ-સગવડ કે તેના આનંદને ભય પમાડશે તે પર ક્રોધિત થઈ જશે. જી. કેમ્પબેલ મોર્ગન તેને આ રીતે રજૂ કરે છે : "સ્વ કેન્દ્રિતતા પાપનું મૂળ છે. વૈરનું બીજ છે; એવું સત્ય જેમાંથી નર્કનું સર્જન થએલું છે." (Hosea : The Heart and Holiness of God)

એક સાંજની પ્રાર્થના સભામાં મેં અસામાન્ય નિખાલસતાથી એક બહેનને પ્રાર્થના કરતા સાંભળ્યા હતા. તે પ્રાર્થના કરતા હતા ત્યારે દેખીતી રીતે જ તે એક નવી રીતે અને જીવન પરિવર્તન કરનાર તરીકે ઈશ્વર સાથે મુલાકાત કરી રહ્યા હતા : "હે પ્રભુ ઈસુ, તમારા પ્રેમસભર હાથો મારી આસપાસ વીંટાળી દો, મને વધસ્તંભ પાસે દોરી જાઓ અને મારા પ્રત્યેના મારા પ્રેમનું મરણ નીપજાવો. જેથી હવેથી હું જીવું છું તો પણ હું નહિ પણ ખ્રિસ્ત મારામાં જીવે છે !" તેણીની પ્રાર્થનાઓએ મારા ઉપર ઘણી અસર કરી હતી.

જો કે આ સ્ત્રી જાણતી હતી કે તેણીને મરણ અને પુનરુત્થાનની પ્રક્રિયા મારફતે ક્યારનોય છૂટકારો મળી ગયો હતો અને તેણીને ખ્રિસ્તની સાથે સ્વર્ગીય સ્થાનોમાં બેસાડવામાં આવી હતી. પણ તેણી એ વાતથી સભાન હતી કે, તેણીનું શરીર હજુ પણ આ જગતમાં જ વસવાટ કરતું હતું ! તેણીએ પ્રાર્થના કરી ત્યારે આખરે અહીં પૃથ્વી





પરના તેના શરીરના સ્વાર્થી કાર્યો અને શબ્દો માટે તેણી ઈશ્વરનો ઉકેલ શોધતી હતી. આવી અર્થસભર પ્રાર્થના તેણીના પ્રભુ સાથેની વધુ નિકટતમ સંગત માટેની દૃઢ ઇચ્છાને ચોક્કસપણે અભિવ્યક્ત કરતી હતી. પછીના સમયે મેં આ પ્રાર્થના ઉપર ચિંતન કર્યું ત્યારે મને ખ્યાલ આવ્યો કે, આવી અંતઃકરણની વ્યથા પ્રગટ કરતી વિનંતી માટે પાઉલે બાઈબલ અનુસાર આધાર આપ્યો હતો. તેણે લખ્યું : "કેમ કે જો તમે દેહ પ્રમાણે જીવો તો તમે મરશો જ; પણ જો તમે આત્મા વડે શરીરનાં કામોને મારી નાખો તો તમે જીવશો." (રોમન. ૮ : ૧૩)

આ કલમના મહત્ત્વ ઉપરના ગહન વિચાર તરીકે હવે પછીનો વિચાર મારા કેટલાએક વાચકો માટે સહાયરૂપ બનશે, જ્યારે અન્ય વાચકોને પછીના ફકરાનું ઉદાહરણ વધારે સહાય કરનારું અને વ્યવહારિક થઈ પડશે. ગ્રીક ભાષાથી જેઓ પરિચિત છે તેઓ આ કલમમાં આવેલા સ્વતંત્રતા બક્ષતા સત્યની આપણને વધારે પૂરી સમજણ આપે છે.

> *કેમકે જો તમે દેહ પ્રમાણે જીવો તો તમે મરશો જ, પણ જો તમે આત્મા વડે શરીરનાં કામોને મારી નાખો તો તમે જીવશો." (રોમન. ૮ : ૧૩)*

**પ્રથમ :** મૂળભૂત ગ્રીક ભાષામાં **"તમે"** શબ્દ **મારી નાખો** શબ્દ સમૂહના વિષય તરીકે છે અને તે **ક્રિયાપદના મૂળભેદ** તરીકે લખાયો છે.

બાઈબલ પ્રમાણેની હકીકત : જો હું મારા શરીરના "કામો" (મારું સ્વકેન્દ્રિત જીવન)માંથી છૂટકારો પામવા ઇચ્છું છું તો મારે સક્રિયપણે અને હકારાત્મક રીતે ઈશ્વરને સહયોગ આપવો આવશ્યક છે.

**બીજું :** આ કલમ આપણને એ પણ જણાવે છે કે, **આત્મા વડે** (ઈશ્વરના દિવ્ય વહીવટકર્તા વડે) આપણા સ્વાર્થી, પૃથ્વી પરના કાર્યો

ઉપર વિજય પામવા માટે તેમણે પોતાની અદ્‌ભૂત વ્યવસ્થા કરી છે.

બાઈબલ પ્રમાણેની હકીકત : જો કે મારે પ્રાર્થનાપૂર્વક અને સક્રિયપણે આ પ્રક્રિયામાં સહભાગી બનવું આવશ્યક છે, હું પોતે મારા સ્વાર્થી કાર્યોનું મરણ મારા સ્વ પ્રયત્નોથી નીપજાવી શકતો નથી ! જ્યારે હું આ જગતમાં છું ત્યારે **કેવળ પવિત્ર આત્મા મારા સ્વાર્થીપણાના કાર્યોમાંથી મારો ક્રાંતિકારી રીતે બચાવ કરી શકે છે.**

**ત્રીજું :** આ કલમ **વર્તમાનકાળમાં** લખવામાં આવી છે તે જોવું પણ રસિક છે. વ્યવહારિક અર્થમાં આ કાળનો ઉપયોગ દર્શાવે છે કે મારા પ્રાર્થનાપૂર્વક અને સક્રિય રીતે ઈશ્વર સાથેના સહયોગનો મારે સતત અમલ કરવો જરૂરી છે.

બાઈબલ પ્રમાણેની હકીકત : જો કે ખ્રિસ્તી વ્યક્તિ પોતાના સ્વકેન્દ્રિત જીવનને મારી નાખવા માટે પવિત્ર આત્માને વિનંતી કરે છે ત્યારે તે પરિવર્તન લાવનાર પ્રથમ અનુભવ બની શકે છે. પરંતુ તે એવો અનુભવ નથી કે જે કેવળ એક જ વખત કરવાનો હોય. ના, જ્યારે પણ સ્વકેન્દ્રિત જીવન તેનું કદરૂપ માથું ઊંચું કરે ત્યારે પવિત્ર આત્માના છુટકારો આપતા કાર્ય સાથે સહયોગ આપવા ચોક્કસ પ્રાર્થના કરવી આવશ્યક છે તે આપણો હિસ્સો છે. ત્યારપછી જ્યારે આપણે પવિત્ર આત્માથી છુટકારો આપતી ધર્મસેવા ઉપર સતત આધાર રાખીશું ત્યારે આપણા સ્વાર્થી કાર્યોનું ચોક્કસ મરણ નીપજાવવામાં આવશે.

ઈશ્વર ઇચ્છે છે કે આપણા પક્ષે વિશ્વાસનું આ વલણ સતત આગળ વધતું અને હંમેશા હાજર રહેતો અનુભવ બનવો જોઈએ.

આવું ઉદાહરણ આપતા, આવો આપણે કલ્પના કરીએ અને કોર્ટ રૂમમાં જઈએ. ત્યાં ખૂન કરનાર માણસની કસોટી થઈ રહી છે.





પુરાવાઓ રજૂ થયાં છે, વ્યક્તિનો અપરાધ સાબિત થયો છે. અને હવે ચુકાદો આપવાની સંપૂર્ણ જવાબદારી જજની છે. જજશ્રી ઊભા થાય છે ત્યારે કોર્ટ રૂમમાં ખામોશી છવાઈ જાય છે અને તે કહે છે, ''આ માણસ ખૂન માટે ગુનેગાર સાબિત થયો છે. તેથી મરણની સજા ફરમાવવામાં આવે છે.''

આવા નિસ્તેજ વિધાન સાથે જજશ્રીનું કાર્ય પૂર્ણ થાય છે. તેમ છતાં જો જજશ્રી પોતે મરણદંડ આપવા માટે પોતાના ટેબલના ખાનામાંથી પિસ્તોલ કાઢીને ખૂનીને મારવા બંદૂક ચલાવે, તેવો પ્રયત્ન કરે તો જજશ્રી પોતે ખૂનનો અપરાધી બની શકે છે !

મૃત્યુદંડની સજા ફરમાવ્યા પછી જજશ્રી અપરાધી સાબિત થએલા વ્યક્તિને રાજ્યના ફાંસીગારને સુપરત કરે એટલું જ તે કરી શકે છે.

આજ પ્રમાણે આપણું સ્વકેન્દ્રિત જીવન બીજું કશું જ કરી શકતું નથી. પણ તેના સ્વાર્થીપણાને ઓળખે અને કબૂલાત કરે. કોર્ટરૂમના જજશ્રીની જેમ આપણા સઘળા સ્વાર્થી કૃત્યો ઉપર મરણદંડની સજા ફરમાવવી આવશ્યક છે. પરંતુ જેમ જજશ્રી ખૂનીને કદી જ મારી નાખી શકતો નથી તેમ જ આપણી સ્વકેન્દ્રિત સ્થિતિમાં સ્વકેન્દ્રિત જીવનના કાર્યોને આપણે મારી નાખવાનું પરાક્રમ ધરાવતા નથી. પરંતુ ઈશ્વરનો આભાર કે તેમણે દિવ્ય વહીવટકર્તા - પવિત્ર આત્મા-ને આપ્યા છે. અને પવિત્ર આત્મા આપણા જીવનના સ્વાર્થીપણાની ક્ષમતાને નાકામિયાબ બનાવવાનું પરાક્રમ ધરાવે છે.

હા, ઈશ્વરની કૃપા દ્વારા, પવિત્ર આત્મા મારફતે, 'શરીરના કામોને' મારી નાખવા આપણે સમર્થ બનીએ છીએ. આ અદ્‌ભુત વ્યવસ્થાને આપણે સાતત્યપૂર્ણ અને સ્વેચ્છાપૂર્વકના આધારે આધીન

કરીએ તો આપણે સાચે જ ખ્રિસ્ત કેન્દ્રિત છે તેવા મુક્તિ આપનાર આનંદનો અનુભવ કરી શકીશું.

બાઇબલના આવા સ્પષ્ટ શિક્ષણને લીધે અને પ્રાર્થના સભામાં એક સ્ત્રીના મુખે મેં સાંભળી હતી તેવી પ્રામાણિક પ્રાર્થનાઓના બોધપાઠને લીધે મેં પણ આવી એક સરખી પ્રાર્થના અનેક વખત કરી છે :

**હે પ્રભુ, તમારા પવિત્ર આત્મા દ્વારા મને વધસ્તંભ પાસે દોરી જાઓ અને મારા સ્વકેન્દ્રિત જીવન પ્રત્યેના મારા પ્રેમનું મરણ નીપજાવો. હું જીવું છું તે રીતે નહિ પણ હવે ખ્રિસ્ત મારામાં જીવે છે તે રીતે જીવવાની ઇચ્છા રાખું છું.**

વ્યક્તિગત સમર્પણના જીવનમાં આપણે સ્નાતક થઈએ તે માટે ઈશ્વરના વચન સાથેનું આપણું પોષણ અને ઉછેર તે આપણા અસ્તિત્વ માટે અંતિમ ધ્યેય છે એમ વિચારવું સહેલું છે. ના, એ વાત સત્ય નથી ! જૂના કરારના યાજકો પોતાના પશુઓમાંના સૌથી ઉત્તમનું પોષણ અને ઉછેર શા માટે કરતા હતાં ? શું કેવળ તેઓમાંના સૌથી ઉત્તમનું પ્રદર્શન કરવા માટે ? તેની વિરૂદ્ધમાં વિલ્યમ સ્ટીલ દર્શાવે છે કે તેઓ એ જ ઘેટાં હતાં કે જેઓનું બલિદાન આપવાની જરૂર હતી ! તેઓના બલિદાન માટે તેઓ જન્મથી જ નિર્મિત થયા હતા.

અનેક વખત ખ્રિસ્તીઓ સુવાર્તાને માનનારા વિશાળ પ્રેક્ષકગણ આગળ સુવર્ણચંદ્રક મેળવનારા તરીકે દેખાવાનો પ્રયત્ન કરે છે. ત્યારે તેઓની સંગીત કે વક્તવ્ય ક્ષમતાઓ કોઈક રીતે ખ્રિસ્તને પ્રસન્ન કરશે તેવો અયોગ્ય નિષ્કર્ષ કાઢે છે ! જ્યારે ઈશ્વર, તેમની પ્રેમભરી વ્યવસ્થા સાથે પોતાના વચનમાંથી આપણું પોષણ-ઉછેર કરે છે ત્યારે તેમનો હેતુ આપણે સ્ટેજ ઉપર સારો દેખાવ કરી શકીએ તે માટે નહિ





પણ આપણા જીવનના પ્રત્યેક ક્ષેત્રો બલિદાન માટે તેમની વેદી પર અર્પણ કરવાનો છે. ઈશ્વર જે સર્વ કાંઈ છે તેમાં આપણે જીવન જીવીએ તે અગાઉ આપણે પોતે જે કાંઈ છે એટલે આપણી સ્વ-દયા, આપણી પર્યાપ્તતા, આપણું સ્વાર્થીપણું, આપણું સ્વને પ્રસન્ન કરવું, આપણે પોતાનો બચાવ કરવો...યાદીમાં આમ વધારો થતો જ રહે - તે સર્વમાં પ્રથમ આપણે મરણ પામવું આવશ્યક છે.★

ખેદિત અંતઃકરણ સાથે પાઉલે ઉલ્લેખ કર્યો હતો કે, તિમોથી સિવાય બીજો કોઈ વ્યક્તિ તેને મળી શકતો નથી કે જે કોલોસીમાં આવેલી મંડળીની 'કાળજી' લઈ શકે. કારણ કે તે શહેરમાં અનેક ખ્રિસ્તીઓએ પોતે અનુભવ કર્યો નહોતો કે પ્રેમ ''કેવળ પોતાનું જ હિત'' જોતો નથી. પાઉલે કેવા દુઃખ સાથે પ્રતિક્રિયા કરી હતી તે વિશે આપણે વાંચીએ છીએ, ''કેમ કે સઘળા માણસો ખ્રિસ્ત ઈસુની વાત નહિ, પણ પોતાની જ વાત શોધે છે.'' (ફિલિપી ૨ : ૨૧)

વિશ્વના જુદા જુદા ભાગોમાં દુઃખસહન કરતી મંડળી સંબંધી **ખરેખર** કાળજી લેનારા ખ્રિસ્તીઓ આજના દિવસોમાં ક્યાં છે ? શું આપણે જીવનમાં એટલા બધા વ્યસ્ત છીએ કે જેઓની ખરેખર કાળજી રાખનાર કોઈ જ નથી તેવા લોકોને પ્રેમ કરવાનો આપણી પાસે સમય જ નથી તેવું આપણને લાગે છે ? અને આપણે યાદ રાખવું જોઈએ કે કેવળ ઈશ્વરનો પ્રેમ પોતાનું હિત જોતો નથી અને સહનશીલ છે.

★ બાઈબલમાં મરણનો અર્થ કદી જ વિલોપન નહિ પણ અલગતા, જુદાપણું થાય છે. ઉદાહરણ તરીકે શરીરમાંથી આત્માનું જુદા કે અલગ થવું તે શારીરિક મરણ છે. અને ઈશ્વર પાસેથી આત્માનું અનંતકાલિક રીતે જુદા કે અલગ થવું તે અનંતકાળીક મરણ છે. એવા એક સરખા અર્થમાં માનવી વર્તનની ભાષામાંથી સ્વાર્થી કાર્યોનું સતત જુદા કે અલગ થવું તે સ્વકેન્દ્રિત જીવન સંબંધી મરણ છે. અને આ વાત ઈશ્વરના પવિત્ર આત્માના પરાક્રમમાં જ સિદ્ધ થઈ શકે છે. તેની આપણે અગાઉ વિચારણા કરી છે.

તેમ સરકાથી ભરેલો ગ્લાસ મધુર નારંગીના રસથી ભરી દેવા અગાઉ પ્રથમ તેની કડવાશ સાથે તેને ખાલી કરવો પડે તેમ ઈશ્વરના પ્રેમથી આપણે ભરપૂર થવા અગાઉ આપણા સ્વકેન્દ્રિત જીવનનું પ્રથમ મરણ થવું આવશ્યક છે. ઈશ્વરની સ્તુતિ થાઓ કે આપણા જીવનોમાં આ બંને ધર્મસેવાઓ પવિત્ર આત્માનું કૃપાળુ કાર્ય છે. સ્વકેન્દ્રિત જીવનના કાર્યોના ક્રાંતિકારી જુદાપણા કે અલગતા દ્વારા આપણે મરણ પામીએ અને તેના બદલામા ઈશ્વરના પ્રેમથી આપણે છલોછલ ભરાઈ જઈએ તેવી સતત વિનંતી પવિત્ર આત્માને આપણે દરેક કરીએ તે કેટલું જરૂરી છે : "કેમ કે આપણને આપેલા પવિત્ર આત્માથી આપણા અંતઃકરણમાં ઈશ્વરનો પ્રેમ વહેવડાવવામાં આવેલો છે." (રોમન ૫:૫)

ઈશ્વર સાથેના તમારા શાંત-સમય દરમિયાન આ સત્યો તમારા અંતઃકરણમાં કંપનો કરવાની શરૂઆત કરે ત્યારે પવિત્ર આત્મા ઈશ્વરના વચનમાંથી તમારી સમક્ષ નવીન સત્ય ખુલ્લું કરશે.

પ્રત્યેક વિશ્વાસીએ 'ઈશ્વર સાથે ટૂંકી ખાતાવાહી રાખવી જોઈએ' તે યોગ્ય જ કહ્યું છે. ઈશ્વર પ્રત્યેની આપણી સભાનતા અને તેમની સાથેની આપણી નિકટ સંગતમાં અવરોધ ઊભો કરે તેવું જીવનમાં કાંઈ જ ન હોય તેની આપણે સતત ખાતરી રાખીએ.



## આધ્યાત્મિક તપાસ

૧. મારા પ્રભુની હાજરીમાં કબૂલાત ન કરી હોય તેવા કોઈક પાપ વિશે હું જાણું છું કે જેનો મેં પશ્ચાતાપ કર્યો નથી ?

૨. શું મારી કોઈ સમસ્યા છે :

ક્ષમા નહિ આપવાનો આત્મા ?

મને પસંદ નથી તેવા લોકોને પ્રેમ કરવો ?

સારી અસર ઊભી કરવા માટે લોકોને છેતરવા ?

અન્ય વ્યક્તિના કૃપાદાનો કે સંપત્તિનો લોભ કરવો ?

કચકચ અને ટીકા-ટીપ્પણી કરવી ?

૩. મારો અંતઃઆત્મા શુદ્ધ કરવામાં આવ્યો છે તે કારણે શું હું અપેક્ષિત વિશ્વાસની કસરત કરી શકું ?

૪. પૃથ્વી પરનું મારું જીવન ખરેખર ખ્રિસ્ત કેન્દ્રિત છે કે હજુ પણ સ્વકેન્દ્રિત છે ?

*હવે, તમે વિલ્યમ મેક્લાઈરડાઈ બ્રૂન્ટીંગની પ્રાર્થના તરફ ફરવાની પુનઃ ઈચ્છા રાખી શકો અને ત્યારપછી શાંતપણે અને વિચારપૂર્વક તમે પોતે તે પ્રાર્થના ફરીથી કરો.*

*પ્રભુની સંગ ઘૂમીએ આપણે જ્યારે*
*તેના વચનના તેજ પ્રકાશમાં,*
*ત્યારે એ આપણા પંથે પાથરે કેવી પ્રતિજ્ઞા !*
*એની શુભેચ્છાને આચરીએ જ્યારે આપણે,*
*ત્યારે વસે સદા આપણી સંગ*
*એનો વિશ્વાસ રાખે, પાળે તે સહુની સંગ.*

*ના પડછાયો થઈ શકે ઉપર અહીં,*
*આકાશોમાં ના કોઈ વાદળાં,*
*પણ સ્મિત એનું સત્વરે દૂર હાંકે;*
*ના કૈં શંકા, ના કૈં ભય,*
*ના નિઃશ્વાસ, ના વળી આસું,*
*વસી શકે જ્યારે એનો વિશ્વાસ*
*રાખીને પાળીએ આજ્ઞાને.*

*પરંતુ ક્યારેય ના આપણે પ્રત્યક્ષ*
*શકીએ કરી એના પ્રેમની પ્રસન્નતા*
*એની વેદી પર અર્પણ કર્યા વિના;*
*કેમ કે જે કૃપા દર્શાવે એ*
*અને અર્પતો સાથ આનંદ તે*
*તેમને પ્રાપ્ત જે વિશ્વાસ રાખીને પાળી આજ્ઞાને.*

*મીઠા મીઠા મધુ સહચારે*
*આપણે એને ચરણે બેસીએ તો,*
*કે પંથે એની સંગતે ચાલીશું આપણે તો;*
*એની આજ્ઞા જે કૈં આપણે પાળીશું તો,*
*આપણે મોકલે ત્યાં જશું આપણે તો*
*કદી ન ભય માત્ર વિશ્વાસ અને આજ્ઞાપાલન.*

*જોન એચ. સામ્મીસ*





# *ઈશ્વરની સમક્ષતામાં શાંત મનન*

જ્યારે તમે તેનો વિચાર કરો છો ત્યારે ખુલ્લું બાઈબલ અને ખુલ્લાં અંતઃકરણ સાથે પ્રભુ ઈસુ ખ્રિસ્તની પર્યાપ્તતામાંથી પ્રથમ પ્રાપ્ત કર્યા વિના આપણે દિવસના પડકારોને યોગ્ય રીતે પહોંચી શકીશું તેવા વિચાર કરવા કરતાં પણ અભિમાનની કેટલીક મોટી અભિવ્યક્તિઓ છે.

દાઉદે આધ્યાત્મિક રીતે ફળ આપનારા જીવનનો વિકાસ કરી શકે તેવા અંકુર ફૂટેલા બીને ઓળખી કાઢ્યું હતું. તેણે કહ્યું કે જે વ્યક્તિ ઈશ્વરના વચનનું મનન કરે છે તે ઋતુ પ્રમાણે ફળ આપનાર વ્યક્તિ જેવો બનશે...અને “જે કાંઈ તે કરે છે તે સફળ થાય છે.” (ગી.શા. ૧ : ૩)

**ઈશ્વર કેવા પ્રકારની વ્યક્તિને સફળ-સમૃધ્ધ કરવાનું વચન** (Promise) **આપે છે ? શું તે એવી વ્યક્તિ છે જે પ્રભુના નિયમશાસ્ત્રથી હર્ષ પામે છે, અને રાત-દિવસ તે તેના નિયમશાસ્ત્રનું મનન કરે છે. (ગીતશાસ્ત્ર ૧ : ૨)**

પ્રભુ ઈસુને પોતાના અંતઃકરણોમાં અને જીવનોમાં તાજેતરમાં જ સ્વીકાર્યા છે તેવા લોકોને હું કેટલીક વખત જણાવું છું : “દિવસનો

એક અધ્યાય શેતાનને પરેશાન કરી મૂકે છે.'' બાઇબલમાં તમારા ભાગનું વાંચન કરો અને પછી તેનું પુનઃ વાંચન કરવા પાછા આવો. તમે તેમ કરશો એટલે એક પછી એક કલમ ઉપર **મનન** કરવાને તમે સમર્થ બનશો. શું તમે કદીપણ ખેતરમાં ગાયને પોતાનો ચારો ખાતા નિહાળી છે ? ઘાસને ચાવીને ગળી જવામાં આવે છે અને પછી તેનું બધું જ પોષકતત્ત્વ ખેંચી લેવામાં ન આવે ત્યાં સુધી ગાય તેને મોંમાં પાછું લાવીને ચાવતી હોય છે. ઈશ્વરના વચનનું મનન ખરેખર શું છે તેને સમજાવતું આ સારું ઉદાહરણ છે !

સીત્તેર વર્ષની ઉંમરે નવો જન્મ પામેલા એક માણસને હું ઓળખું છું. તે સમયે બાઇબલ વિશે તે ખૂબ જ ઓછું જાણતો હતો. ખ્રિસ્તમાં નવું જીવન તેને મળ્યું તે અગાઉ તે ભક્તિસભામાં જતો નહોતો કે તેણે સારી કેળવણી પણ મેળવી નહોતી. તેમછતાં તેના નવા જન્મના અનુભવ પછી પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપામાં અને પ્રેમમાં અને તેમના જ્ઞાનમાં વૃદ્ધિ પામવાની તેની એટલી બધી ઇચ્છા હતી કે ત્યાંસી વર્ષની ઉંમરે તે મરણ પામ્યા ત્યાં સુધીમાં તેમણે ત્રણ વખત પૂરેપૂરું બાઇબલ વાંચ્યું હતું. તમારી ઉંમર કે ભણતર ગમે તે હોય પણ તમે દરરોજ બાઇબલ વાંચન કરી શકો છો.

ખુલ્લું બાઇબલ, શુદ્ધ અંતઃકરણ, નમ્ર આત્મા અને દાઉદની પ્રાર્થના : ''તારા નિયમશાસ્ત્રમાંની આશ્ચર્યકારક વાતોનું અવલોકન કરવા માટે મારી આંખો ઉઘાડ.'' (ગીતશાસ્ત્ર ૧૧૯:૧૮) પ્રભુ સાથેના ફળવંત સમય માટે માર્ગ તૈયાર કરશે.

આપણે અગાઉ નોંધ કરી છે કે, ઈશ્વરની સમક્ષતામાં સાથે શાંત-મનન ખરેખર દ્વિમાર્ગી વાતચીત વ્યવહાર છે તેની સમજણ કેટલાંક લોકો ધરાવતા નથી. આપણે વાંચન કરીએ છીએ તે બાઇબલની





કલમ ઉપર આપણે મનન-ચિંતન કરીએ છીએ ત્યારે ઈશ્વર આપણી સાથે વાતચીત કરે છે. ઈશ્વર પોતાના પ્રેમભર્યા અનુગ્રહ સાથે આપણા અંતઃકરણો સાથે વાતચીત કરે છે. ત્યારપછી પ્રાર્થનામાં આપણે તેમને પ્રત્યુત્તર આપીએ તેવી તે અપેક્ષા રાખે છે, તેવી સમજણ મેળવવામાં સંજોગોવસાત્ ઘણાં લોકો નિષ્ફળ જાય છે. જ્યારે આપણે ઈશ્વરના વચન ઉપર **ચિંતન-મનન** કરીએ છીએ ત્યારે ઈશ્વરનું વચન આપણી **વિચારધારાનો** એક હિસ્સો બને છે. જ્યારે આપણે પ્રાર્થનાપૂર્વક ઈશ્વરના વચનને **અમલમાં** મૂકીએ છીએ ત્યારે તે આપણા **જીવનનો** એક હિસ્સો બને છે.

આ સમયે તમે મનમાં પ્રશ્ન પૂછતાં હશો કે, ''હું બાઇબલ વાંચન કરું ત્યારે ઈશ્વર કઈ રીતે મારી સાથે વાતચીત કરશે ? ચોક્કસ પ્રશ્નો સાથે કરેલું વાંચન મને પ્રત્યેક કલમનું ચિંતન-મનન કરવામાં વ્યક્તિગત રીતે સહાયરૂપ બન્યું છે. તેઓમાંના કેટલાંકનું સૂચન તો ઘણા વર્ષો અગાઉ કરવામાં આવ્યું હતું. મારા પ્રભુ સાથેની પ્રાર્થનાપૂર્વકની મારી સંગતમાં આ પ્રશ્નો મને દોરવણી આપનાર બન્યા છે. હું તમને પણ સૂચવવાની ઇચ્છા રાખું છું કે જેથી ઈશ્વરના વચનનું તમે મનન કરો ત્યારે આ રીતે વિચારવામાં તે તમને દોરવણી રૂપ બની રહે. ઘણા વર્ષોથી આ પ્રશ્નો ઉપર હું આધારિત રહ્યો છું તે કારણે જ્યારે હું ઈશ્વર અને તેમના વચનો સાથે એકાંતમાં સમય વિતાવું છું ત્યારે તેઓ મારા સ્વભાવના એક બીજા ભાગરૂપ જ બની ગયાં છે.

તમે નોંધ કરશો કે નીચે આપેલા કેટલાંએક પ્રશ્નો આધિનતાના કાર્યની માંગ કરશે; અન્ય કેટલાંક વિશ્વાસના પ્રતિભાવની આવશ્યકતા રજૂ કરશે; વળી બીજા કેટલાંક પ્રભુની સમક્ષ આરાધના અને સ્તુતિ કરવામાં તમને દોરી જશે અને અંતે કેટલાંક તમારા શત્રુ શેતાનની

કુયુક્તિઓની પરખ કરવામાં અને શેતાન ઉપર મેળવેલો ખ્રિસ્તનો વિજય તે તમારો વિજય કઈ રીતે બની શકે તેની સમજણ આપવામાં તમને મદદરૂપ બનશે.

## *આધીનતાનું કાર્ય*

આપણે બાઈબલનું વાંચન કરીએ છીએ ત્યારે જો આપણે પવિત્રઆત્માના અવાજ સાથે સંપૂર્ણ એકરાગ થવાની ઇચ્છા રાખીએ છીએ તો આપણે ઈશ્વર સાથે ટૂંકી ખાતાવાહી રાખવી આવશ્યક છે. તેની સમજણ આપણે અગાઉ મેળવી લીધી છે. પરંતુ પવિત્ર આત્મા આપણા અંતઃકરણ સાથે વાતચીત કરે છે તે પ્રત્યેક સમયે તે જે કરે છે તેને આધીન થવું પણ જરૂરી બને છે.

> પ્રભુ સાથેના તમારા શાંત મનનમાં બાઈબલનું વાંચન કરો છો ત્યારે આ પ્રશ્ન પૂછવો તે સારું છે : શું આ કલમમાં –
>
> આધીન થવા માટેની આજ્ઞા છે ?
> નકાર કરવો જોઈએ તેવું પાપ છે ?
> અનુસરણ કરવા યોગ્ય સારો નમૂનો છે ?
> નકાર કરવા યોગ્ય ખરાબ નમૂનો છે ?

આ પ્રકારના પ્રશ્નો તમારા પ્રભુ સાથેના વ્યક્તિગત, દ્વિમાર્ગી સંબંધમાં દોરી શકે છે તે શું તમે નિહાળી શકો છો ? તેઓ ચોક્કસપણે તમે વાંચેલા સત્ય વિશે તમને કેવળ વિચાર કરતાં જ નહિ કરે. ઈશ્વરની સમક્ષતામાં તમે આ પ્રશ્નોના પ્રત્યુત્તર આપશો ત્યારે તમે ઈશ્વરે જે કહ્યું છે તે પ્રત્યે તમારા અંતઃકરણમાં સક્રિય પ્રતિભાવ આપવાની આવશ્યકતા અનુભવી શકશો.





તમે ઈશ્વરનું વચન વાંચો છો ત્યારે પવિત્ર આત્મા પોતે તમારી સાથે છે તે હંમેશા યાદ રાખો અને જો તમે તેમના ઉપર આધાર રાખશો તો તે ઈશ્વરના વચનને નવ ઈંચ નીચે તરફ લંબાવશે - એટલે તમારા મન-વિચારમાંથી તમારા હૃદય સુધી !

ઈશ્વરની આજ્ઞાઓ પ્રત્યે બંડ કરવામાં અને તેની અનાધીન થવામાં વિશ્વ દોટ મૂકી રહ્યું છે, તેવા જોખમી દિવસોમાં આપણે સર્વ જીવી રહ્યાં છીએ. ખ્રિસ્તનો નકાર કરનારી પેઢીને અસર કરવા આપણે પૂરા અંતઃકરણ સાથે આજ્ઞાધીન થવાની આવશ્યકતા છે. ઈશ્વરે આપણને પ્રગટ કરેલા સત્યોને આપણે **આધીન** થવાનો આરંભ કરીશું ત્યારે જ તેમનું પરાક્રમ આપણી મારફતે આ જરૂરતમંદ જગતમાં વહેતું બને તે માટે આપણે ખુલ્લાં બનીશું.

ઓસ્વાલ્ડ ચેમ્બર્સના પુસ્તક My Utmost for His Highest ના વાંચનમાંથી તાજેતરમાં જ મારી પત્ની અને મેં રજૂઆત કરી હતી. અમે જે વાંચ્યું તેનું આ શાબ્દિક રૂપાંતર છે :

> ઈશ્વરે તમને પ્રગટ કરેલી વસ્તુઓમાં તમને આધીન થાઓ અને તે પછીની વસ્તુઓ તત્કાળ ખુલ્લી થાય છે...તમે કહેશો, "હું કોઈક દિવસે તેની સમજણ મેળવીશ તેવું તમે ધારો છો ! પણ થોડી ક્ષણો થોભો; તમે હમણાં જ તે સમજી શકો છો ! વિશેષ આંતરસૂઝ લાવનાર **અભ્યાસ નથી,** પણ **તે તો આધીનતા** છે. આધીનતાનો નાનામાં નાનો ટુકડો પણ સ્વર્ગની બારીઓ ખોલી નાખશે કે જેથી ઈશ્વરના સૌથી ગહન સત્યો ત્યાં જ તમારા માટે હાજર હશે. તમે જે અગાઉ જાણ્યું છે તેને તમે આધીન થાઓ નહિ ત્યાં સુધી ઈશ્વર

તેમના પોતાના સંબંધી કોઈપણ વધારે સત્ય તમને કદી
જ પ્રગટ કરશે નહિ.

નોંધવામાં આવ્યું છે કે, એક રાત્રે પ્રથમ હરોળના બે મહાન મિશનરીઓ, ચાર્લ્સ ટી. સ્ટડ અને હડસન ટેઈલર ઉદત્ત (attic) રૂમમાં સાથે રહ્યા હતા. વહેલી પરોઢે ટેઈલર જાગ્યા અને મીણબત્તીના ઝાંખા પ્રકાશ દ્વારા દેખાયું કે, તેમના રૂમમાંથી ખુલ્લા બાઇબલ સાથે એક ચિત્તના થએલા જોવા મળ્યા. એટલે તે આ રીતે કેટલા સમયથી બેઠા હતા તે વિશે તેમને પૂછ્યું. ટેઈલરના પ્રશ્નના પ્રત્યુત્તરમાં સ્ટડે કબૂલ કર્યું:

"મધરાતે મારા મનમાં પ્રભુ ઈસુના શબ્દો સાથે હું જાગી ગયો હતો : "જો તમે મારા પર પ્રેમ રાખો છો, તો મારી આજ્ઞાઓ પાળશો." (યોહાન ૧૪ : ૧૫). મેં પોતાને પૂછ્યું કે, શું સંપૂર્ણ આધીનતા દ્વારા મેં પ્રભુ ઈસુ પ્રત્યેના મારા પ્રેમને સાબિત કર્યો છે ? પછી મારું બાઇબલ મેળવીને મેં તે રાત્રીનો બધો જ સમય સુવાર્તાઓનું વાંચન કરવામાં પસાર કર્યો. ત્યાં મેં પોતાના શિષ્યોને ઈસુએ આપેલી પ્રત્યેક આજ્ઞાઓ શોધી. જ્યાં ઈશ્વરની કૃપા દ્વારા તેમની આજ્ઞાઓને હું આધીન થયો હતો ત્યાં મારા બાઇબલમાં મેં ચિહન કર્યું અને હાલેલૂયા શબ્દ લખ્યો ! જ્યાં હું અનાધીન બન્યો હતો તે મારા પાપોની મેં કબૂલાત કરી અને તેમની સમર્થ કૃપા દ્વારા તેમને આધીન થવા મેં ફરી એકવાર પોતાનું સ્વાર્પણ કર્યું અને તેમને હું ખરેખર પ્રેમ કરું છું તે સાબિત કર્યું."

વ્હાલાં વાચકો, એક વખત તમે સાચે જ 'તેમના વચનના પ્રકાશમાં પ્રભુ સાથે ચાલતા હતા.' તમે પણ ગીતકર્તાની સાથે સાક્ષી આપતા જોડાઈ શકો છો કે "વિશ્વાસ રાખ્યા વિના અને આધીન થયા વિના" બીજો કોઈ માર્ગ નથી."





## વિશ્વાસનો પ્રતિભાવ

બાઇબલ ઈશ્વર પ્રત્યેના વિશ્વાસનું બાંધકામ-ઘડતર કરનાર છે ! અને આપણે વિશ્વાસમાં બંધાતા જઈએ છીએ - પ્રભુ ઈસુ ખ્રિસ્ત પ્રત્યેના આધારિતપણા અને આધીનતા દ્વારા - આપણે ખાતરી સાથે કહીશું કે, "હું કરી શકતો નથી." પણ "તે કરી શકે છે !"

તેથી ઈશ્વર સાથેના તમારા શાંત-મનનમાં આ પ્રશ્ન પૂછવો તે સારું છે : શું આ કલમમાં -

દાવો કરવાનું વચન (Promise) છે ?
ધ્યાનમાં લેવા જેવી ચેતવણી છે ?

બાઇબલ અભય વચનો (Promises) થી ભરપૂર છે. આપણે ઈશ્વરના વચનનું મનન કરીએ છીએ ત્યારે ઈશ્વરના અભય વચનનો દાવો કરવો આવશ્યક છે. તેમ છતાં સાથે સાથે આપણે તેમની નિરુલ્લાસ ચેતવણીઓ પણ ધ્યાનમાં લેવી જરૂરી છે. ઈશ્વરના અભય વચનોને ધ્યાનામં રાખવા અને ઈશ્વરની ચેતવણીઓનો નકાર કરવા દ્વારા "વિશ્વાસનું જીવન" જીવી શકાતું નથી. તેમ કરવું એટલે "માન્યતાની બનાવટ દ્વારા મરણ !"

તમે દરરોજ બાઇબલ વાંચો છો ત્યારે ઈશ્વરના પ્રત્યેક વચન (Promises)ની નોંધ કરો અને પછી તે પ્રત્યેક તમારા પોતાના છે તે રીતે તેનો દાવો કરો. જ્યારે પણ તમે ઈશ્વરના વચનોને પોતાનું માની લો છો ત્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્તની સમર્થ પર્યાપ્તતા તમારા પોતાના વ્યક્તિગત અનુભવમાં આધીનતાના પ્રત્યેક નવા પગલામાં તમને જેની જરૂર છે તે સઘળું પરાક્રમ તમને આપશે.

ઈશ્વર સાથે તમારા ચાલવામાં 'જીવંત' સત્ય બની શકે માટે

તેમના વચનો (Promises) તમને આપવામાં આવ્યાં છે. તમે આ વચનોને પકડી લો. ત્યારે તમારો વિશ્વાસ સતત દઢ બનતો જશે. કારણ કે આપણને કહેવામાં આવ્યું છે : એ પ્રમાણે [સંદેશો] સાંભળવાથી વિશ્વાસ [થાય છે.] તથા ખ્રિસ્તના વચન દ્વારા [સંદેશો] સાંભળવામાં આવે છે.'' (રોમન ૧૦ : ૧૭)

વિશ્વાસના વિરૂદ્ધના શબ્દનો શું તમે કદી વિચાર કર્યો છે ? તેનો પ્રત્યુત્તર જેટલો સરળ લાગે તેવો સરળ નથી. વિશ્વાસનો વિરૂદ્ધનો શબ્દ અવિશ્વાસ છે એમ કહેવું તે ખરેખર આ પ્રશ્નની સંપૂર્ણ સૂચિત બાબતોની અવગણના કરનાર છે. કલ્પના કરો કે જો તમને જીવન આપનારા ત્રણ 'પિતરાઈઓ' છે. પ્રથમ વિશ્વાસ છે. બીજો આધારિતપણું છે, ત્રીજો નમ્રતા છે. હવે મરણ-નિપજાવનારા ત્રણ 'પિતરાઈઓ'નો વિચાર કરો. પ્રથમ અવિશ્વાસ છે. બીજો સ્વતંત્રતા છે અને ત્રીજો અભિમાન છે.

**વિશ્વાસ કરનાર વ્યક્તિ** એવી વ્યક્તિ છે કે જે પોતાના માટે કદી જ કરે નહિ તે કરવા પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર આધાર રાખે છે. બાઈબલ વાંચન દરમિયાન વાસ્તવિક વિશ્વાસ ધરાવનાર વ્યક્તિ નોંધ કરશે અને ઈશ્વરના અખંડિત વચનોને વ્યક્તિગત રીતે પોતાના માની લેશે.

પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું, ''કેમ કે મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી.'' (યોહાન ૧૫ : ૫) હા, પ્રભુ પર ભરોસો રાખ્યા વિના વ્યક્તિ પોતાના સામર્થ્યમાં આધ્યાત્મિક મૂલ્ય ધરાવતું કાંઈપણ કરે તે અગાઉ તેણે ખાતરી કરવી આવશ્યક બને છે કે, અનંતકાળ સુધી ટકી રહે તેવુ કાંઈપણ તે પોતાના સામર્થ્યમાં કરી શકતો નથી. આ પ્રકારનો આધારિત વિશ્વાસ કેવળ નમ્ર અંતઃકરણમાંથી જ ઉદ્‌ભવે છે. આ પ્રકારનો વ્યક્તિ પ્રેરિત પાઉલ સાથે એમ કહેવાને





સમર્થ બનશે, ''જે મને સામર્થ્ય આપે છે તેની સહાયથી હું બધું કરી શકું છું.'' (ફિલિપી ૪ : ૧૩).

બીજી રીતે વિચાર કરીએ તો **અવિશ્વાસ ધરાવનાર વ્યક્તિ** એવી વ્યક્તિ છે જે પોતાને ખૂબ સ્વતંત્ર છે એવું સમજે છે એટલે તેને ખરેખર ઈશ્વરની સહાયની જરૂર નથી. કહેતાં દુઃખ થાય છે કે આજના દિવસોમાં એવા લાખો લોકો છે કે જેઓ પોતાના ઉદ્ધાર-તારણ માટે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર આધારિત બનશે નહિ. તેના જેટલી જ દુઃખદ વાત એ છે કે અનેક ખ્રિસ્તીઓ પોતાનું ખ્રિસ્તી જીવન જીવવા આંતરિક રીતે વસવાટ કરનાર ખ્રિસ્ત તેઓને સમર્થ બનાવશે તેવો ભરોસો તેમના ઉપર રાખતા નથી. કોઈપણ પ્રકારની માનવી સ્વતંત્રતાનો જન્મ અભિમાન, અનાધીન અંતઃકરણમાંથી ઉદ્‌ભવે છે.

તેથી આપણે કહી શકીએ કે અભિમાન તે વિશ્વાસની વિરૂદ્ધની બાજુ છે, જ્યારે અવિશ્વાસ તે નમ્રતાની વિરુદ્ધની બાજુ છે. આત્મવિશ્વાસ અને સ્વપર્યાપ્તતાના વ્યાપક વિચારો હોવા છતાં તે વિશ્વાસની દવાના પ્રમાણની વિરુદ્ધમાં હૃદયને હંમેશા પ્રતિરોધક બનાવે છે.

દુનિયાની ખ્યાતિ જે અહમ્‌ને વધારે છે તે પણ ઉત્થાન પામેલા ખ્રિસ્તના અલૌકિક પરાક્રમમાં વ્યક્તિના ખાતરીદાયક ભરોસાને ઘટાડી શકે છે. તેમણે આપેલા પ્રત્યેક વચનો (Promises) પાછળ ઈશ્વરના અમાપ્ય સ્ત્રોતો રહેલા છે. અને તેમણે આપણને જીવનની મુસાફરીમાં આપણી પોતાની યુક્તિઓ અને હોંશિયારી પર છોડી દીધા નથી.

જી. કે. સેસ્ટરસને (૧૮૭૪-૧૯૩૬) વિલક્ષણ રીતે સ્વ-પર્યાપ્ત અભિમાનના વિરોધાભાસ તરફ અંગુલિ નિર્દેષ કર્યો છે. તેમણે લખ્યું હતું :

> આજના દિવસોમાં આપણે સહન કરીએ છીએ તે તો વિનમ્રતાનું અયોગ્ય સ્થાન છે. વિનમ્રતા ખાતરીના અવયવ ઉપર બિરાજમાન છે, જ્યાં તેનું સ્થાન કદી જ હોવું જોઈતું નહોતું. માણસે પોતાના સંબંધી શંકા કરવાની હતી પરંતુ સત્ય સંબંધી આશંકા લાવવાની નહોતી; આ ક્રમને સંપૂર્ણપણે વિરુદ્ધમાં ઉલટાવી નાખવામાં આવ્યો છે.

કોઈપણ ખ્રિસ્તી પ્રભુ કરતાં અન્ય લોકોની માનવી સલાહ ઉપર આધારિત બને છે અથવા પોતાની શક્તિઓ પર આધાર રાખે છે તે ઈશ્વરના આશીર્વાદની ભરપૂરીમાં કદી જ પ્રવેશ કરી શકશે નહિ. જેમ પાણી નીચાણ તરફ વહે છે તેમ પવિત્ર આત્મા જેને ઈસુ જીવતા પાણી તરીકે વર્ણવે છે તે પણ એવી વ્યક્તિ તરફ વહેશે નહિ કે જેનો આત્મા "...ગર્વિષ્ઠ થયો છે, તેની અંદર સરળતા નથી." (હબા. ૨ : ૪-૫).

તેમ છતાં ખ્રિસ્તના સમર્થ પરાક્રમની પોતાની જરૂરીઆતનો નમ્રપણે સ્વીકાર કરનાર કોઈપણ વિશ્વાસીના અંતઃકરણમાં પવિત્ર આત્મા ભરપૂરપણે વહેતો રહેશે.

> *"હવે પર્વને છેલ્લે તથા મોટે દહાડે ઈસુએ ઊભા રહીને ઘાંટો પાડતાં કહ્યું કે, જો કોઈ તરસ્યો હોય, તો તે મારી પાસે આવીને પીએ. શાસ્ત્રના વચન પ્રમાણે જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે, તેના પેટમાંથી* ***જીવતા પાણીની*** *નદીઓ વહેશે." (યોહાન ૭ : ૩૭-૩૮).*

પ્રત્યેક દિવસે તમે ઈસુના ચરણોમાં પડી શકો છો અને તે જીવતું પાણી પી શકો છો. તમે તેમ કરો છો ત્યારે તમારું જીવન તમારા તાલંતો અથવા તમારી તાલીમ દ્વારા હવે ઓળખાશે નહિ પણ તેના





બદલે તમારું જીવન તમારા આંતરિક મનુષ્યત્વમાંથી વહેતા ઈશ્વરના પવિત્ર આત્માની ભરપૂરી દ્વારા ઓળખાશે.

યાદ રાખો કે ઈશ્વરના નવો જન્મ પામેલા પ્રત્યેક બાળકના શારીરિક રૂપ સાથે પવિત્ર આત્મા વ્યક્તિમાં ઉત્થાન પામેલા આપણા પ્રભુએ અનુગ્રહ કરી પોતાને વિંટાળેલા છે. હકીકતમાં આજના દિવસોમાં ઈશ્વર વિહોણા જગતમાં દુશ્મનનો સામનો કરવા માટે વિશ્વાસી પ્રભુ ઈસુની વ્યૂહાત્મક છાવણી છે. ઉપલબ્ધ હોય તેવા પ્રત્યેક ખ્રિસ્તી મારફતે પવિત્ર આત્મા અન્ય લોકોના જીવનોમાં તેમના પોતાના ઉદ્ધારક કાર્યને સતત વિકસાવતા રહે છે.

> *ઈશ્વરના મંદિરને મૂર્તિઓની સાથે શો મેળ હોય ? કેમ કે જેમ ઈશ્વરે કહ્યું છે, કે હું તેઓમાં રહીશ તથા તેઓની સાથે ચાલીશ, હું તેઓનો ઈશ્વર થઈશ, અને તેઓ મારા લોક થશે." (૨ કરિંથી ૬ : ૧૬).*

હા, આપણે ઈશ્વરનું મંદિર છીએ કે જેની મારફતે તે પોતાની પવિત્રતા અને મહિમાનું નિદર્શન કરવાની ઈચ્છા રાખે છે !

આ આશ્ચર્યકારક હકીકતને યાદ કરતા પાઉલ સતત ખિન્ન થઈને ઉત્તેજન આપતા કહે છે, "તેથી વ્હાલાંઓ **આપણને એવાં વચન મળેલાં છે માટે** આપણે દેહની તથા આત્માની સર્વ મલિનતાને દૂર કરીને પોતે શુદ્ધ થઈએ અને ઈશ્વરનું ભય રાખીને સંપૂર્ણ પવિત્રતા સંપાદન કરીએ." (૨કરિંથી ૭ : ૧).

## આરાધનામાં વાસ્તવિકતા

લય માટેની ફાંટાવાળી વસ્તુ પીયાનોની લય ગોઠવવાનું વૈશ્વિક સાધન છે. બગડેલા પીયાનોની લય માટેની ફાંટાવાળી વસ્તુની નિયત

લયબદ્ધતાને સંપૂર્ણ સુસંગતતામાં પુનઃ ગોઠવી શકાય છે.

એજ રીતે બાઇબલ માનવી અંતઃકરણની દુઃખદ લયને સંગતમાં અને સ્વર્ગની સુસંગતતામાં એકલય કરવાનું ઈશ્વરનું સાધન છે અને જ્યારે ઈશ્વરનું વચન ઈશ્વરના મહિમાની, તેમની પવિત્રતાની અને તેમના પ્રેમની નવીન આંતરસૂઝ લાવે છે ત્યારે તમે સતત તમારી ભક્તિ-આરાધના અને સ્તુતિ દ્વારા નવીનતા પામશો. ''ગીતોથી, સ્તોત્રોથી તથા આત્મિક ગાનોથી એકબીજાની સાથે વાતો કરીને તમારાં હૃદયોમાં ગાયનો તથા ભજનો ગાઓ.'' (એફેસી ૫ : ૧૯)

આ વાતને મન-વિચારમાં રાખીને પ્રભુ સાથેના તમારા શાંત-મનનમાં આ પ્રશ્ન પૂછવો તે સારું છે.શું આ કલમમાં -

ઈશ્વર પિતા સંબંધી કોઈક નવો વિચાર છે ?
ઈશ્વર પુત્ર સંબંધી કોઈક નવો વિચાર છે ?
ઈશ્વર પવિત્ર આત્મા સંબંધી કોઈ નવો વિચાર છે ?

આજના દિવસોમાં ઈશ્વરના લોકોમાં પ્રભુની સાચી રીતે ભક્તિ કરવાની નવી જ ઇચ્છા પ્રગટ થએલી જોવા મળે છે. તે ઉત્તેજનાત્મક છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ રીતે ભક્તિ કરનારને ઉત્તેજન આપે છે, તેમણે કહ્યું, ''ઈશ્વર આત્મા છે; અને જેઓ તેને ભજે છે, તેઓએ **આત્માથી તથા સત્યતાથી તેમનું ભજન કરવું જોઈએ.''** (યોહાન ૪ : ૨૪) બીજા શબ્દોમાં સાચી ભક્તિ પવિત્ર આત્માના અભિષેક હેઠળ અને ઈશ્વરના વચનના સત્ય પ્રમાણે થવી આવશ્યક છે. કેવળ આ પ્રકારની ભક્તિ-આરાધના આપણા ઈશ્વરપિતાના અંતઃકરણને આનંદ પમાડી શકશે.

જ્યારે પવિત્ર આત્મા ઈશ્વરના અદ્‌ભુત વ્યક્તિત્વ - તેમના પ્રેમ,





તેમના પરાક્રમ, તેમની પવિત્રતા, તેમનો મહિમા, તેમની કૃપા, તેમની ભલાઈ અને તેમની સુંદરતાના અન્ય કોઈપણ પાસા તરફ ધ્યાન દોરે છે ત્યારે આપણા અંતઃકરણો પ્રભુની આરાધના અને સ્તુતિના નવા ગાયનો કરવા તરફ દોરાઈ જશે. આપણે પ્રાર્થનામાં ઈશ્વરની સમક્ષતામાં આવીએ છીએ ત્યારે ઘૂંટણો પર પડવાની છટા ચોક્કસપણે વિચારોનું યોગ્ય વલણ વિકસાવવામાં આપણને સહાયરૂપ બનશે. પરંતુ તમારા જીવનમાં એવી વિશેષ ખાનગી પળો આવી હતી કે જેમાં તમારા પ્રેમની અને તેમના પ્રત્યેની સમર્પણની અભિવ્યક્તિ માટે ઘૂંટણીએ પડવું એટલું પૂરતું ન હોય તેવું તમે મારી જેમ અનુભવ્યું હશે.

પાતમસ બેટ ઉપર મહિમાવંત ખ્રિસ્તની સમક્ષતામાં યોહાન આવ્યો ત્યારે તેણે સાક્ષી આપતાં કહ્યું કે, હું કેવળ ઘૂંટણીએ જ પડ્યો નહિ પણ જ્યારે મેં તેમને જોયા ત્યારે મૂએલા જેવાં થઈને હું તેમના ચરણ આગળ પડી ગયો.'' (પ્રકટી. ૧ : ૧૭) તે વાતની નોંધ કરવી રસપ્રદ છે.

તેમ છતાં, જ્યારે પણ વિશ્વાસીની દૃષ્ટિમાં કોઈક મૂલ્યવાન હોય છે ત્યારે અનેક વખત ભયજનક બનાવટ નજદીક હોય છે તેની સમજણ મેળવવી અગત્યનું છે ! પ્રભુ ઈસુ ખ્રિસ્તે સાચી ભક્તિ-આરાધના કરવા માટે કેવળ સૂચનાઓ જ આપી નહિ પરંતુ તેમણે ખિન્ન થઈને પ્રવૃત્તિઓ સંબંધી ચેતવણી પણ આપી, કેમ કે કેટલીક વખત તેને ભક્તિ -આરાધના ગણવામાં આવે તો પણ તે ખરેખર તો વાસ્તવિક વસ્તુની નકલ જ હોય છે. તેમણે સમરૂની સ્ત્રીને ''આત્મા અને સચ્ચાઈથી'' ભક્તિ-આરાધના માટે જણાવીને પ્રભુ ઈસુએ યોગ્ય જ અવલોકન કર્યું હતું : ''જેને તમે **જાણતા નથી** તેને તમે ભજો છો. (યોહાન ૪ : ૨૨)

ભક્તિ-આરાધના લાગણીઓ કરતાં વિશેષ છે. તેનું ધ્યાન પ્રભુ ઈસુ ખ્રિસ્ત વ્યક્તિ તરફ કેન્દ્રિત થએલું હોવું જરૂરી છે. ભક્તિ-આરાધનાનો હેતુ લોકોને સંપૂર્ણપણે પાછા ફેરવવાને બદલે કેવળ લાગણીનો ઊભરો જ આપનારો હોય તો પછી પ્રામાણિક ભક્તિનું સ્થાન જૂઠી ભક્તિ-આરાધનાએ લીધું છે. જો આપણે પોતાના પ્રભુની સ્તુતિથી ભરપૂર થવાની ઇચ્છા રાખીએ છીએ તો પ્રભુ આધ્યાત્મિક ઉત્તેજનાઓ કરતાં ચોક્કસપણે કાંઈક વિશેષ માગે છે.

**સાચી ભક્તિ-આરાધના ઈશ્વરના વચનમાં તેમનું પ્રકટીકરણ કરવામાં આવ્યું છે તે રીતે સર્વોપરી, જીવંત પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઉપર મન-વિચાર અને અંતઃકરણને નમ્રતાપૂર્વક એકાગ્ર કરે છે. જ્યારે આમ બને છે ત્યારે સમર્પણ અને સ્તુતિ એમ બંનેમાં આંતરિક રીતે તેમની સમક્ષ નમી પડવાનું વલણ ઉદ્ભવશે.**

## *શત્રુ પ્રત્યેની સાવધાની*

હા, ઈશ્વર તેમની સાથેના તમારા શાંત-મનનને આશીર્વાદિત કરી રહ્યાં છે. તમારો અંતર આત્મા હવે શુદ્ધ છે. વધસ્તંભ ઉપર ઈસુએ તમારા માટે જે કર્યું તેનો ઋણ સ્વીકાર કરીને તમે તમારા પોતા પરનો, તમારા સ્થાન-મોભાનો, તમારી મહત્ત્વાકાંક્ષાઓનો અને તમારી સંપત્તિ ઉપરના તમારા ‘‘હક્ક-અધિકાર’’નો ત્યાગ કર્યો છે. તમે હવે પ્રભુની ભક્તિ-આરાધના અને સ્તુતિ કરવામાં એક નવીન મહત્ત્વમાં સામેલ થએલા છો. તેથી તમારા શાંત-મનન માટે શું તમે ઈશ્વરના હેતુઓના આશીર્વાદોની ટોચ સુધી પહોંચ્યા છો ? ના, કદાચ તે સાચું નથી.

ત્યાં એક શત્રુ હાજર છે જે ઘણો ક્રોધાયમાન થયો છે. હા, શેતાન ક્રોધિત છે કારણ કે ઈશ્વરે એવો માર્ગ ખુલ્લો કર્યો છે કે જેની





મારફતે તે તમારા પાપની ન્યાયી રીતે ક્ષમા આપી શકે પરંતુ શેતાનને ક્ષમા આપવાની કોઈપણ શક્યતા વિના અગ્નિની ખાઈ માટે નક્કી કરવામાં આવ્યો છે. તેથી સ્વર્ગ તરફની તમારી મુસાફરીમાં તે તમારા પગને સરકાવી દેવા, પ્રભુ પ્રત્યેની તમારી આરાધનનાને ચલિત કરવા અને તમારી સાક્ષીનો નાશ કરવા તે જે કાંઈ કરી શકે તે બધું જ કરશે.

આ કારણને લીધે પ્રભુ સાથેના તમારા શાંત-મનનમાં આ પ્રશ્ન પૂછવો તે સારું છે : શું આ કલમમાં -

શેતાનના વ્યક્તિત્વ સંબંધી કોઈક નવી આંતરસૂઝ છે ?
તેના નિર્દય ધ્યેયો સંબંધી કોઈક નવી આંતરસૂઝ છે ?
તેની છળકપટયુક્ત તરકીબ સંબંધી કોઈક નવી આંતરસૂઝ છે ?

સન્ડેસ્કૂલમાંથી ઘરે પાછા ફરેલા નાના છોકરા સંબંધી એક વખત મને જણાવવામાં આવ્યું હતું. તે રાત્રે તેની માતાએ તેને પોતાના બિછાના પાસે ઘૂંટણીએ પડેલો જોયો હતો. તેણીએ પૂછ્યું, ‘‘તું શું કરી રહ્યો છે ?’’ તેણે ઝડપભેર પ્રત્યુત્તર આપ્યો હતો, ‘‘હું શેતાનને ધ્રુજાવી રહ્યો છું. અમે આજે સન્ડેસ્કૂલમાં એક નવું ગીત ગાયું - જ્યારે શેતાન નાનામાં નાના સંતને ઘૂંટણીએ પડેલો જુએ છે ત્યારે તે ધ્રૂજે છે. તેથી શેતાનને ધ્રૂજાવવા હું ઘૂંટણીએ પડ્યો છું !’’

સંજોગોવસાત્ ! શેતાનને ધ્રૂજાવવા માટે ઘૂંટણીએ પડવાનો દેખાવ કરવા કરતાં કાંઈક વધારે કરવું આવશ્યક છે ! ઈસુના નામમાં તમારા જીવનમાં તેને સ્થાન આપવાનો નકાર કરવામાં આવે ત્યારે જ શેતાન ધ્રુજે છે અને શેતાનના મૃત્યુકારક પંજામાંથી કિંમતી જીવનોને

છોડાવવામાં ઈસુના એ જ પરાક્રમથી પવિત્ર આત્મા દ્વારા તમારો ઉપયોગ થાય છે ત્યારે તે ધ્રુજે છે.

ઘણાં ખ્રિસ્તીઓ વિચારે છે કે, જો તેઓ શેતાનને એકલો મૂકી દે તો તે પણ તેઓને એકલા મૂકી દેશે. પરંતુ તેઓ દુઃખદ રીતે મૂરખ બનતા હોય છે. ઉદાહરણ તરીકે જ્યારે તમે પ્રાર્થનામાં ઈશ્વર પાસે આવો છો ત્યારે ભૂતકાળના પરાજયની કબૂલાત કરવામાં આવી અને તેની ક્ષમા પણ આપવામાં આવી છે છતાં તમે કેટલીક વખત તેનો વિચાર કરીને દુઃખ અનુભવો છો ! વધસ્તંભ પાસે આવીને તમે પ્રામાણિકપણે પાપની કબૂલાત કરી છે છતાં શેતાન હંમેશા તે પાપ માટે તમારા ઉપર તહોમત મૂકવાનો પ્રયત્ન કરે છે તમારા ભૂતકાળ વિશે શેતાન તમને યાદ કરાવે ત્યારે તમે શેતાનને તેના ભવિષ્ય વિશે યાદ કરાવો. જો કે ઈશ્વરે ક્ષમા આપી છે તે પાપોને યાદ નહિ કરવાની તેમણે પસંદગી કરી છે. છતાં શેતાન તમને દરેક અને તે પ્રત્યેક પાપ તરફ તમારું ધ્યાન કેન્દ્રિત કરવા ઇચ્છે છે કે જેથી તમે ઈશ્વરના પ્રેમ અને ક્ષમાની વાસ્તવિકતા વિશે પ્રશ્ન પૂછવાનો આરંભ કરો.

**ઈશ્વર સાથેના તમારા જીવનમાં હસ્તક્ષેપ કરવાના શેતાનના પ્રયત્નોની સર્વોચ્ચ લાક્ષણિકતાઓમાં બીક, નિર્ણય નહિ કરવો, મૂંઝવણ અને નિરાશા છે.**

હા, શેતાન તમારો આનંદ અને શાંતિ છીનવી લેવા કાંઈપણ કરશે. પરંતુ તમે બાઈબલનું વાંચન કરો છો ત્યારે ઈશ્વર હંમેશા તમારા જીવનમાં શેતાને જે જગ્યાએ સ્થાન જમાવ્યું છે તેની પરખ કરવા તમને સમર્થ કરશે. ત્યારપછી ઈશ્વરે પૂરા પાડ્યાં છે તે હથિયારો સાથે તમારે શેતાનને નિર્લજ્જ અતિક્રમણ માટેના પ્રત્યેક દ્વારને અવશ્યપણે બંધ કરવા જોઈએ !





માનવી યુદ્ધમાં રક્ષણાત્મક અને આક્રમક એમ બંને પ્રકારની વ્યૂહરચનાઓ હોય છે. કોઈપણ યુદ્ધ એકલા રક્ષણાત્મક પ્રયત્નો દ્વારા જીતી શકાતું નથી. એ જ રીતે આધ્યાત્મિક યુદ્ધમાં રક્ષણાત્મક અને આક્રમક બંને વ્યૂહરચનાઓ મહત્ત્વની છે. બંને માટે ઈશ્વરના વચનના શસ્ત્રોની જરૂર છે. ઈશ્વર સાથેના ફળવંત શાંત-મનનના અનેક ઉત્તેજનાત્મક ફાયદાઓમાંનો એક આ છે કે, જ્યારે પ્રત્યક્ષ રીતે કે અપ્રત્યક્ષ રીતે તમે શેતાનનો સામનો કરો છો ત્યારે તમે વાંચન કર્યું છે તે શાસ્ત્રની કલમને ટાંકવા માટે અને બાઈબલ પ્રમાણે પ્રાર્થના કરવા માટે તમે સમર્થ બનશો.

તમે બાઈબલ પ્રમાણે પ્રાર્થના કરો છો ત્યારે તમે ઈશ્વરની ઇચ્છા મુજબ પ્રાર્થના કરો છો તે જાણવું અદ્‌ભૂત છે ! અને તમારા આધ્યાત્મિક જીવનનું પતન કરવા માટેના શેતાનના પ્રયત્નો અને શેતાન ઉપર વિજય મળ્યો છે તે તમે જાણો એવી ઈશ્વરની ઇચ્છા છે.

**રક્ષણાત્મક આધ્યાત્મિક યુદ્ધ :** પ્રભુ ઈસુનું પ્રલોભન શેતાન દ્વારા થયું હતું તેને શું તમે યાદ કરી શકો છો ? હું કલ્પના કરું છું કે, ઈસુએ તે સમય અગાઉ જ ઈશ્વર સાથેના પોતાના શાંત-મનનમાં પુનર્નિયમના પુસ્તકમાંથી વાંચન કર્યું હતું. તેમણે શેતાન સામે પોતાના રક્ષણમાં જે ચોક્કસ કલમો ટાંકી હતી તે પુનર્નિયમના પુસ્તકમાં મળી આવે છે. આપણા પ્રભુએ ત્રણ વખત શાસ્ત્રની કલમો ટાંકી હતી : લખેલું છે....એમ લખેલું છે...એમ લખેલું છે. (માથ્થી ૪ : ૪, ૭,૧૦) પ્રભુ ઈસુનું આ પ્રલોભન આપણને ગીતકર્તાના શબ્દોનો અર્થ સમજવામાં સહાયરૂપ છે. તેમણે લખ્યું હતું, "કેમ કે સર્વ કરતાં તેં તારા નામનું માહાત્મ્ય વધાર્યું છે." (ગીતશાસ્ત્ર ૧૩૮ : ૨) ઈશ્વરના વચનના પરાક્રમી શસ્ત્રોએ ઈસુ પાસેથી શેતાનને દૂર મોકલી દીધો હતો !

આ રીતે જો તમે શેતાન ઉપર વિજય મેળવવાને ઈચ્છો છો તો રક્ષણાત્મક યુદ્ધના તમારા શસ્ત્ર તરીકે તમારે પણ બાઈબલનો કેવી રીતે ઉપયોગ કરવો તે શીખવું આવશ્યક છે. જયારે શેતાન તમારા મન-વિચારમાં જૂઠા સૂચનોનું રોપણ કરે છે ત્યારે તમારી પ્રતિક્રિયામાં હંમેશા ઈશ્વરનું વચન હોવું જોઈએ. ઈશ્વર સાથેના તમારા સાતત્યપૂર્વકનું શાંત-મનન આવા સમય માટે ખાતરી પૂરી પાડે છે કે, ઈશ્વરનું વચન તમારા અંતઃકરણમાં જીવે છે.

અનામી કવિ દ્વારા લખેલી ''શેતાનની યુક્તિ-પ્રયુક્તિ'' કવિતા આ સત્ય જે એફેસી ૬માં નોંધવામાં આવ્યું છે તેની રજૂઆત કરે છે. જે નીચે મુજબ છે :

### શેતાનની પ્રયુક્તિ

આજે કર્યું યુધ્ધ મેં ઉગ્ર જો
મારા પ્રાર્થના સ્થાનકની મહીં રે.
ગયો હું મળવા, પ્રભુને વાત કરવા
પણ દીઠો ત્યાં શેતાન મેં તો.
છાનું માનું કાનમાં કીધું એણે
'તું ના સાચે' પ્રાર્થના કરી શકે.
તું હોય ઘૂંટણ પડ્યો ત્યારે વેણવદે
પણ પ્રાર્થના ના કરી શકે જાણી લે.
કર્યું મારું હેલ્મેટ મેં નીચું
નીચું ખેંચી કાન પર મેં તો ધાર્યું
તેના વેણને શાંત કરવા અને
મારી ભીતિઓ ત્યાગવા કરી એણે સહાય.
ચકાસ્યાં કવચો અન્ય મેં ત્યારે,





શાંતિમાં ચરણ મુજ સજ્જ.
કમર સત્ય સંગ બાંધી ત્યારે
પ્રભુના વચનો એ જ મારી તલવાર.
સદાચારી મમ વક્ષકવચ હતું જ એવું
રક્ષવા અંતરના મુજ પ્રેમને સદાનું.
શ્રદ્ધાનું સંરક્ષણ મમ સાવ શુદ્ધ;
તેનાં તીરો ઉગ્ર જો ઉછળી રહ્યાં છે.
મેં ઈસુના નામે પડકાર્યો પ્રભુને;
મૂલ્યવાન રક્તનેય સંભાર્યું;
લજ્જાથી ભાગ્યો શેતાન ત્યારે
પ્રભુને મળ્યો હું ને કરી વાત મેં.

**આક્રમક આધ્યાત્મિક યુદ્ધ :** તો પણ સંપૂર્ણ વિજયો કેવળ રક્ષણાત્મક વ્યૂહરચના કરતાં કાંઈક વધારે હોવાની માંગ કરે છે. હાનિ પહોંચાડનારું જગત ત્યાં બહાર છે. ખ્રિસ્ત જેઓને માટે મૃત્યુ પામ્યા તેવા સેંકડો અમૂલ્ય લોકોનું તે રહેઠાણ છે. પ્રત્યેક સ્થળે પુરુષો અને સ્ત્રીઓ હાનિ પહોંચાડનાર છે. અને ઘણાંને શેતાન દ્વારા આંધળા કરવામાં અને બંદી બનાવવામાં આવ્યા છે. મને લાગે છે કે, શેતાન જાણે છે કે તેનો સમય ટૂંકો છે. અને આ કારણને લીધે તે મરણ પામતા લોકો માટે ઈશ્વરરહિત અનંતતા નિશ્ચિત કરવા પોતાનો અંતિમ વિનાશક હુકમ કરી રહ્યો છે.

જો કે આપણને વાંચવા મળે છે કે, શેતાન અને તેના દૂતોના સૈન્ય માટે ઈશ્વરે કેવી ''અગ્નિની ખાઈ'' તૈયાર કરી છે. પણ આપણે યાદ રાખવું જોઈએ કે ઈશ્વરે આ ''અગ્નિની ખાઈ'' માનવજાત માટે તૈયાર

કરી નથી, ના, ચોક્કસપણે નહિ ! નાશમાં જનાર આ સઘળા લોકો માટે ખ્રિસ્ત મરણ પામ્યા. તેમ છતાં જે સઘળું પવિત્ર અને સારું છે તે પ્રત્યેના શેતાનના ધિક્કાર અને ક્રોધમાં શક્ય હોય તેટલા વધારે લોકોને તે અનંતકાલિક દુઃખમાં પોતાની સાથે જોડાવા લઈ જવાની તે ઇચ્છા રાખે છે. નાશ પામતાં લોકો માટેના આ યુદ્ધમાં ખ્રિસ્તીઓ, જેઓએ તેમને માટે ઉપલબ્ધ બનવાની તૈયારી દર્શાવી છે, તેઓ મારફતે ખ્રિસ્ત "શોધવાનું અને તારવાનું" (લૂક ૧૯:૧૦) કાર્ય સતત કરી રહ્યાં છે.

આમ હોવા છતાં બુદ્ધિજીવી લોકો શા માટે સુવાર્તાના સરળ સંદેશની સમજણ મેળવી શકતા નથી તેનો તમે કદી વિચાર કર્યો છે ? તેઓના વિચારોમાં મૂંઝવણ ઊભી કરનાર કોણ છે અને કેટલાંક અવિશ્વાસીઓને વિશ્વાસી બનવું શા માટે મુશ્કેલ છે તે વિશે આપણને બાઈબલમાં જણાવવામાં આવ્યું છે :

> *"પણ જો અમારી સુવાર્તા ઢંકાએલી હોય, તો તે નાશ પામનારાઓને સારૂ ઢંકાએલી છે; તેઓમાં આ જગતના દેવે અવિશ્વાસીઓનાં મન આંધળા કર્યા છે, એ સારૂ કે ખ્રિસ્ત જે ઈશ્વરની પ્રતિમા છે, તેના મહિમાની સુવાર્તાના પ્રકાશનો ઉદય (તેઓ પર) ન થાય." (૨કરિંથી ૪:૩-૪)*

અવિશ્વાસીઓના મન-વિચારોમાં ઈશ્વરના પ્રેમ અને સત્યના પ્રકાશને પ્રવેશતા કોણ અટકાવે છે ? શેતાન ! પુરુષો અને સ્ત્રીઓના ઉદ્ધાર-તારણ માટે તમે પ્રાર્થના કરો છો ત્યારે તમે શું આ હકીકતને ધ્યાનમાં રાખો છો ? આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે અવિશ્વાસીઓના મન-વિચારો શેતાનના ભ્રમમાંથી મુક્ત કરવા આવશ્યક છે. આ અદ્ભુત, પરાક્રમી અને વિજયવંત નામ સંબંધી ચાર્લ્સ વેસ્લીએ લખ્યું હતું :





ઈસુ ! સર્વોપરિ નામ.
નર્કમાં, પૃથ્વીમાં કે આભમાં
તેને નમે દૂતો અને માનવીઓ.
દૈત્યો ભયે જાય ભાગી.

હા, કાલવરીના વધસ્તંભ દ્વારા શેતાન અને તેના દુષ્ટ સૈન્યો ઉપર સનાતન રીતે સલામત એવો વિજય હાંસલ કરવામાં આવ્યો હતો. "શેતાનનાં કામનો નાશ કરવા માટે ઈશ્વરનો પુત્ર પ્રગટ થયો." (૧યોહાન ૩ : ૮) હાલેલૂયા ! પરાજય મળ્યો છે એવું યુદ્ધ આપણે કરતા નથી. ચોક્કસ નહિ ! બે હજાર વર્ષ અગાઉ આપણા બદલે હાંસલ કરેલા અપરિવર્તનીય રીતે સલામત એવા વિજય તરફ આપણે આગળ વધીએ છીએ.

ચેસની રમતમાં તમારા પ્રતિસ્પર્ધી વિરુધ્ધમાં તમે વિજય માટે નિર્ણયાત્મક, અપરિવર્તનીય ચાલ ચાલી શકો છો. તે સમય સાથે તેનો પરાજય નિશ્ચિત બને છે. પરંતુ જો તમારો પ્રતિસ્પર્ધી કઠોર છે તો પણ તે કોઈપણ રીતે પોતાના પરાજયને બદલી શકતો નથી, તે રમતની બહાર ફેંકાઈ જાય તેવી પળોમાં તે વિલંબ કરી શકે છે.

આમ જ શેતાન સંબંધી છે, તે પોતાનું યુદ્ધ જીતી શકે એવી કોઈ જ શક્યતા નથી. તો પણ તેની અંતિમ શિક્ષાના પૂર્વ નિર્ધારિત ઈશ્વરના સમયમાં શક્ય હોય તેટલો વિલંબ કરવાનો તે પ્રયત્ન કરે છે. ઈશ્વરનો આભાર કે શેતાનને સાંકળોથી બાંધવામાં આવે તે અગાઉનો થોડો જ સમય બાકી રહેલો છે, ત્યારે તે **પરાજીત થએલો શત્રુ છે** એટલું જ નહિ પણ જેને **શોધી કાઢવામાં આવ્યો છે** તેવો તે શત્રુ છે. બાઈબલ આપણને જણાવે છે કે, "કેમ કે આપણે તેની યુક્તિઓથી

અજાણ્યા નથી.'' (૨કરિંથી ૨ : ૧૧). શત્રુની વ્યૂહરચનાથી માહિતગાર બનવું તે યુદ્ધમાં લાભકારક પૂરવાર થાય છે !

પ્રેરિત યોહાને શેતાન ઉપર મેળવેલા સંતોના વિજય વિશે અને જે દ્વારા પ્રભુનો વિજય તેઓનો બન્યો હતો તે વિશે નોંધ કરી હતી : ''તેઓએ હલવાનના રક્તથી તથા પોતાની સાક્ષીના વચનથી તેને (શેતાનને) જીત્યો છે; અને છેક મરતાં સુધી તેઓએ પોતાના જીવને વહાલો ગણ્યો નહિ.'' (પ્રકટી. ૧૨ : ૧૧). આપણે મરણ પામતાં સુધી આપણાં જીવનોને વ્હાલા ગણતાં નથી. કારણ કે ''આપણું જૂનું માણસપણું તેની સાથે વધસ્તંભે જડાયું.'' (રોમન. ૬:૬)

**હા, એ તો શુદ્ધ કરનાર રક્ત, આપણા હોઠોની કબૂલાત અને ક્રૂસારોહણમાં ખ્રિસ્ત સાથેની આપણી સહભાગીતાને લીધે નર્કના સામર્થ્ય ઉપર ખ્રિસ્તમાં આપણા માલિકીખતને વિજયમાં ફેરવી નાખ્યું છે. હાલેલૂયા !**

મારી સાથે આનંદ કરો, પ્રભુ ઈસુએ આપણે પુખ્ત, 'વિજય પામનારા' ખ્રિસ્તીઓ બનીએ માટે સઘળું પૂરું પાડ્યું છે, પરંતુ આજ સમયે ઈશ્વરની વાતોમાં જો આપણે બાળવર્ગથી આગળ વધવાની કોઈ જ ઈચ્છા રાખીએ નહિ તો પ્રભુ કદી જ આપણને આધ્યાત્મિક પુખ્તતાનું દબાણ કરશે નહિ તે વિશે સાધવ રહેવું આવશ્યક છે. તેમના માટેની આપણી આધ્યાત્મિક ક્ષમતા આપણે અહીં પૃથ્વી ઉપર છીએ ત્યાં સુધી સમયની અવધિના સંદર્ભમાં અને પ્રભુમાં આપણે કેટલી પરિપકવતા સંપાદન કરી છે તે પ્રમાણે નક્કી થાય છે અને તે ક્ષમતા આપણે સ્વર્ગમાં પહોંચીશું ત્યારે પણ તેમની સાથેની સ્પષ્ટ અને નીકટ સંગતનો આનંદ સદાકાળ માણીશું.



## આધ્યાત્મિક તપાસ

૧. હું ઊંઘવા માટે જાઉં છું ત્યારે હું કેવા વિચાર કરું છું ?

૨. હું બાઈબલનું વાંચન કરું છું ત્યારે શું હું ઈશ્વરની વાણી સાંભળવાની અપેક્ષા રાખું છું ?

૩. હું બાઈબલ વાંચન કરું છું ત્યારે ઈશ્વરે કહ્યું છે તેને અમલમાં મૂકવાની શું હું ઈચ્છા રાખું છું ?

૪. શું મારા જીવનનો ખુલાસો હજુપણ ''મારું''ના સંદર્ભમાં જ આપું છું કે, ખ્રિસ્ત મારામાં જીવે છે. (ગલાતી ૨:૨૦) તેના સંદર્ભમાં આપું છું ?

૫. શું હું સ્વતંત્ર વ્યક્તિ છું ? જો તેમ છે તો શું હું મારું અભિમાન છોડવાની અને ઈશ્વર પર સંપૂર્ણ આધારિત બનવાની ઈચ્છા રાખું છું ?

૬. મારા ઈશ્વરની ભક્તિ-આરાધના એ સર્વશ્રેષ્ઠ પ્રવૃત્તિ છે જેમાં મારે સામેલ થવું જોઈએ એવું શું હું અનુભવું છું ?

૭. શું શેતાને મારા જીવનમાં નિવાસ કરવાનું સ્થાન શોધી કાઢ્યું છે ?

૮. શેતાન ઉપર ખ્રિસ્તે મેળવેલા વિજયને શું મારો પોતાનો ગણી લેવાની જરૂર છે ?

*મારા વિશ્વાસને પ્રાપ્ત થયું વિરામસ્થાન*
*ન કોઈ યોજનામઃ કે ન કોઈ સુત્રાત્મકતા;*
*તે સતત જીવંત એકને વિશ્વાસ્યો મેં,*
*તેણે મુજ કાજ કરેલ છીંડળો કરશે દલીલ.*

*મારું હૈયું વચન પર ઘૂમતું ઘૂમતું,*
*પ્રભુના લિખિત વચન પર,*
*મોક્ષ તો મુજ તારણહાર નામે,*
*મોક્ષ તો પ્રાપ્ત એના રક્ત થકી જ.*

*ન અન્ય કોઈ તર્ક ચાહું હવે હું,*
*ન ચાહું વળી દલીલ અન્ય,*
*ઈસુ મૃત્યુ તે છે જ પૂરતું,*
*કેમ કે મર્યા એ મારે જ કાજે.*

*લીડાઈ એચ. એડમન્ડ્સ*



**પ્રકરણ ૫**

# *વિશ્વાસનું પરિબળ*

**સા**મે કિનારે ઊભેલા પોતાના મિત્ર સુધી પહોંચવા માટે ઉપદ્રવી નદી ઓળંગવાના કાર્યનો સામનો કરતો હોય તેવા માણસના ચિત્રની કલ્પના કરો. તેની પાસે હોડી નથી. ફક્ત એક પતંગ અને દોરીઓના અનેક ટુકડા અને દોરડા જેવો અંતિમ ટુકડો આવે નહિ ત્યાં સુધી પ્રત્યેક નાની દોરીનો ટુકડો અગાઉના ટુકડા કરતાં વધારે મજબૂત છે. સૌથી પાતળી દોરીનો ઉપયોગ કરીને તે માણસ પોતાની પતંગ ચગાવે છે. અને નદીના સામે કિનારે ઊભેલા પોતાના મિત્રના હાથોમાં આવી શકે તે રીતે દોરી છોડતો રહે છે. પતંગની મૂળભૂત પોતાની દોરીને તે હવે તેનાથી વધારે મજબૂત દોરીથી જોડી દે છે અને પછી પ્રવેશ કરી ન શકાય તેવી સમગ્ર નદી ઓળંગતું દોરડું પહોંચે નહિ ત્યાં સુધી મજબૂત દોરીઓને જોડતો જ રહે છે. પછીથી બંને બાજુએ ઝાડ સાથે દોરડાને બાંધ્યા પછી તે માણસ પોતાના મિત્ર સુધી પહોંચવા સલામત રીતે નદી ઓળંગવાને સમર્થ બને છે.

ઈશ્વરના નવા જન્મેલા બાળક તરીકે તમે પોતાના પાપો માટે ઈશ્વરના પ્રેમાળ સેવક તરીકે પ્રભુ ઈસુ ખ્રિસ્તના મરણમાં પોતે વિશ્વાસ કરી ચૂક્યા છો. પરંતુ તમે બાઈબલનું વાંચન શરૂ કરો છો ત્યારે તમારો વિશ્વાસ પ્રથમ દોરીના ટુકડા જેવો જ નબળો હોય છે.

પણ તે પણ નદી ઓળંગનાર પતંગ સાથે સંપર્ક રાખવા માટે પૂરતો હતો. તેમ છતાં "(સંદેશો) સાંભળવાથી વિશ્વાસ (થાય છે.) તથા ખ્રિસ્તના વચન દ્વારા (સંદેશો) સાંભળવામાં આવે છે." (રોમન. ૧૦:૧૭) તમે ઈશ્વરના વચનનું સતત વાંચન કરો છો અને તેમના અમૂલ્ય વચનોને વળગી રહો છો તેમ તમારો વિશ્વાસ વધારે મજબૂત બનતો જાય છે તેવું તમે અનુભવી શકશો. ઈશ્વર ઈચ્છે છે કે, તેમના પ્રત્યેક બાળકો વિશ્વાસમાં મજબૂત બને અને ઈશ્વરના બાળક અને તેના સ્વર્ગીય પિતા વચ્ચે એકબીજા સાથેના નિકટના સંબંધોનું અનુમાન કરે છે.

ઉદ્ધારકર્તા વિશ્વાસના પ્રારંભિક આધારસ્તંભ ઉપર બાંધવું કેટલું આવશ્યક છે તેનું વર્ણન યહૂદાએ કર્યું છે; "પરંતુ મારા પ્રિય ભાઈઓ, તમે તમારું જીવન પવિત્ર વિશ્વાસના પાયા **પર** વધુ દૃઢ બનાવો..." (યહૂદા. ૨૦)

આ વિચારનું રૂપાંતર એમ્પલિફાઈડ બાઈબલ આ રીતે કરે છે:

> *પરંતુ વ્હાલાંઓ તમે તમારું જીવન સૌથી પવિત્ર વિશ્વાસ(ના પાયા) પર બાંધતા જાઓ (પ્રગતિ કરો, વધારે ને વધારે સમૃદ્ધિ પામતા જાઓ.)* ***પવિત્ર આત્માના સામર્થ્યમાં પ્રાર્થના કરો. તમે ઈશ્વરના પ્રેમ અને આશિષમાં ટકી રહો*** *અને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત (મસીહા)ની દયાની* ***ધીરજથી રાહ જુઓ...*** *(જે તમને) સાર્વકાલિક જીવન આપશે...અને કેટલાંક જેઓ અનિર્ણિત અને શંકાશીલ છે તેઓ પ્રત્યે* ***અનુકંપા*** *રાખો;* ***અન્યોને બચાવવા*** *(પ્રયત્ન કરો) નરકની આગમાંથી ખેંચી કાઢતાં હોય તેમ બચાવી લો; બીજા કેટલાંક પ્રત્યે માયાળુ બનો*





> *પણ પૂરો ભય રાખીને, (પણ) તેઓની વિષયાક્તતા દ્વારા ખરડાયેલા અને દેહ દ્વારા કલંકિત થએલા કપડાંઓનો પણ તિરસ્કાર કરો. (યહૂદા ૨૦ - ૨૩)*

આ કલમો મહત્ત્વ દર્શાવે છે કે, ઉદ્ધારક વિશ્વાસના ચોક્કસ આધારસ્તંભ ઉપર આપણે આધ્યાત્મિક રીતે પોતાને દૃઢ કરીએ **પ્રાર્થનાનું જીવન, પ્રેમ, જીવંત આશા, સક્રિય અનુકંપા અને પ્રામાણિક આત્મા જીતવામાં** વિકાસ પામવા દ્વારા (આપણા વિશ્વાસને પરિપકવ અને સુદૃઢ કરીએ.)

જેમ તમારો ઉદ્ધાર-તારણ વિશ્વાસ મારફતે વિના મૂલ્યે તમને મળેલું કૃપાદાન છે તેમ જયારે વિશ્વાસ દ્વારા તમે ઉત્થાન પામેલા પ્રભુના સઘળી રીતે પર્યાપ્ત જીવનને પોતાનું માની લો છો ત્યારે ખ્રિસ્તના આંતરિક વસવાટ દ્વારા તમે નિયંત્રિત થાઓ છો. હા, "ન્યાયી વિશ્વાસથી જીવશે." (રોમન ૧ : ૧૭; ગલાતી ૩ : ૧૧; હિબ્રૂ. ૧૦ : ૩૮). તમે સ્વર્ગમાં જાઓ કે તમે હજુ સુધી આ પૃથ્વી પર જીવન જીવો પણ તમારે વિશ્વાસ દ્વારા થોડાં સમયમાં જ ઈશ્વર અને તેમના વચનો પરના વિશ્વાસ દ્વારા અને તમારી મારફતે તેમનું કાર્ય કરવા માટે તેમને ઉપલબ્ધ રહેવા દ્વારા જીવવાની આવશ્યકતા છે. તમે સ્વર્ગમાં જરૂર જશો ત્યારે તમારો વિશ્વાસ એવું સ્થાન હશે કે, જે દ્વારા તમે ઈશ્વરના પ્રેમના અનંત હેતુઓમાં હર્ષ પામશો અને ખૂબ આનંદ કરશો અને તે તમારું ઉદ્ધાર પામેલું મન-વિચાર સંપૂર્ણ સમજવાની શક્તિ ધરાવશે તે કરતાં પણ વિશેષ પર હશે.

તમે આ પૃથ્વી પર છો ત્યાં સુધી તમે બીજી કોઈપણ રીતે કદી જ કલ્પના કરી નથી તેવું કામ **તમારામાં** અને **તમારી મારફતે** કરવા માટે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર સતત આધાર રાખતો પ્રામાણિક વિશ્વાસ

રાખવો જરૂરી છે. ઈશ્વરના બાળકો તરીકે વિશ્વાસમાં વૃધ્ધિ પામવું તે આપણા પ્રત્યેકને માટે આજ્ઞારૂપ છે. આપણે જીવનના આપનાર અને આપણા દૈનિક જીવનની રચના કરનાર ઉપર વધુને વધુ આધારિત બનવાનું શીખવાની જરૂર છે.

તેમ છતાં અનેક વખત આપણે માનવી તર્ક ઉપર આધાર રાખીએ છીએ જે પ્રામાણિક વિશ્વાસ માટે ઘણા વિકલ્પો રજૂ કરવાનો પ્રયત્ન કરશે. આપણી માનવી સ્વતંત્રતા વિશ્વાસના સ્થાને ઉત્સાહ કે ધગશને, અરે પ્રભુ માટેની બલિદાનયુક્ત સેવાને પણ મૂકવાનો પ્રયત્ન કરશે. છતાં સાચો જીવંત વિશ્વાસ કાર્યક્રમ પ્રત્યેની ખ્રિસ્તી વ્યક્તિની વફાદારી દ્વારા, ઉપદેશ પ્રત્યેના તેના સમર્પણ દ્વારા કે બાઈબલનું વ્યાપક જ્ઞાન ધરાવવાના તેના સમર્પણ દ્વારા પૂરતો પુરાવો આપતું નથી. જો કે આ પ્રકારના સમર્પણો કેટલીક વખત પ્રામાણિક વિશ્વાસનું પ્રતિબિંબ પાડતા હોય છે. તો પણ જ્વલંત અને વ્યક્તિગત વિશ્વાસ માટે મરણજનક, સ્વસંચાલિત વિકલ્પ તરીકે ઈરાદાપૂર્વક કે ઈરાદો રાખ્યા વિના પણ તેઓનો ઉપયોગ થઈ શકે છે.

સાચો વિશ્વાસ ઉત્થાન પામેલા પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઉપરના આપણા અપેક્ષા રાખનાર આધારિતપણા ઉપર પ્રત્યક્ષ રીતે સંબંધ ધરાવતો હોય છે. સંજોગોવસાત્, અનેક ખ્રિસ્તીઓ વિચારે છે કે, તેઓ પોતાના તાલંતોના ઉપયોગ દ્વારા અથવા પોતાના વ્યક્તિત્વના કાર્યક્ષમ વ્યવહારના ઉપયોગ દ્વારા અથવા બેંકમાંના પોતાના ખાતામાં રહેલા સ્રોત ઉપર આધાર રાખવા દ્વારા તેઓ જીવનમાં સફળતા મેળવી શકે છે. પરંતુ બાઈબલ આપણને સ્પષ્ટપણે જણાવે છે કે, નવો જન્મ પામેલા ખ્રિસ્તીઓ તરીકે સફળતા પામવા આપણાં જીવનો પવિત્ર આત્મા દ્વારા અવશ્યપણે નિયંત્રિત થવા જોઈએ. જો આપણે





ઈશ્વરમાં આધારિત રહેવાના વિશ્વાસની કસરત કરીએ નહિ તો બાઈબલ જાહેર કરે છે કે, આપણું સઘળું કાર્ય જે તેમના સમર્થ પરાક્રમની અવેજી તરીકે આપણે મૂર્ખપણે કરીએ છીએ તે આખરે તો વ્યર્થ જશે. ખ્રિસ્તીઓ તરીકે આપણી અસરકારકતા આપણે પોતે જે કરીએ છીએ તેમાં આપણે કેટલા **ઉત્સાહી** છે તે દ્વારા નહિ પરંતુ આપણી સઘળી પ્રવૃત્તિઓમાં સાચો વિશ્વાસ પ્રેરણાત્મક સ્રોત છે કે નહિ તે દ્વારા નિશ્ચિત થશે.

ઈશ્વરના પ્રેમ સિવાય તમારા જીવનની કોઈપણ વસ્તુ તે કદાચ તમારા નાણાં કે તમારી કેળવણી કે તમારા મિત્રો કે તમારી સત્તા કે તમારી નોકરી કે પછી તમારો શારીરિક દેખાવ - જે તમને સલામતી કે મહત્ત્વનો ભાવ આપે છે તો તે દર્શાવે છે કે તમે વિશ્વાસ દ્વારા જીવન જીવતા નથી. તમારા જીવનમાં સાચી સલામતી અને મહત્ત્વતા કેવળ તમારા ઈશ્વર અને તમારા ઉદ્ધારકર્તામાં જ શોધવું જરૂરી છે. તમારી પૃથ્વી પરની મુસાફરી દરમિયાન વિશ્વાસ દ્વારા જો તમે જીવન જીવતા નથી તો તમે પોતાના જીવનમાં ઈશ્વરની હાજરીના સતત આનંદથી અને તમારી મારફતે પ્રેમની તેમની ધર્મસેવાથી વંચિત રહેશો. કારણ કે જે સઘળું વિશ્વાસથી નથી તે તો પાપ છે. (રોમન ૧૪ : ૨૩)

સાચે જ જી.કેઈથે વિશ્વાસને પ્રોત્સાહિત કરવા ઈશ્વરના વચનના પોષણ આપના મહત્ત્વ વિશે પોતાની સમજણ અભિવ્યક્ત કરતાં તેમણે લખ્યું :

પ્રભુના એ સંતો !
તેના અદ્ભુત 'વચન'માં
કેવો દઢ પાયો નંખાયો
તવ શ્રદ્ધા કાજ, શ્રદ્ધા કાજ.

આપણા અંતઃકરણો અને જીવનોમાં ઈશ્વરની વાણીનો અનુભવ કર્યા વિના આધ્યાત્મિક વૃધ્ધિ માટે બીજો કોઈ આધારસ્તંભ હોઈ શકે નહિ અને જ્યાં સુધી આપણે તારનાર સાથે એકાંતમાં તેમની સાથેની નિકટ પૂર્ણ વાતચીત-વ્યવહાર અને સંગતમાં સમય પસાર કરવા માટેની દિવ્ય યોજનાનું અનુસરણ કરતા નથી ત્યાં સુધી આ આધારસ્તંભ માટે કોઈ જ સામગ્રી મળી શકે તેમ નથી.

**વિશ્વાસ એક બળ છે, જે ઈશ્વર સાથે જીવન સંગત ઊભી કરે છે.**

ઘણાં વર્ષો અગાઉ યુનાઈટેડ કિંગ્ડમમાં એક સો કરતાં વધારે પાળકોને ધર્મજાગૃતિ વિષય ઉપર સંદેશા આપ્યા હતા. તે મને યાદ આવે છે. ઈશ્વર આંતરખોજ કરાવતા હતા અને મોટા પરાક્રમ સાથે અમારી મધ્યે કાર્ય કરી રહ્યાં હતાં. જાહેર પ્રાર્થનાના સમયમાં દોરવણી આપતી વખતે એક પાળક પોતાને હચમચી ગયેલા અને ભંગીત થએલા હૃદય સાથે ઊભા થયા અને આંખોમાં આંસુ સાથે તેમણે આવી કંઈક પ્રાર્થના કરી : "હે પ્રભુ, હું કબૂલ કરું છું કે, અનેક વખત આ ભાઈઓ સમક્ષ પ્રાર્થનામાં દોરવણી આપવા હું અગાઉ ઊભો થયો છું ત્યારે મેં તમારી પવિત્ર હાજરી કરતાં તેઓની અને ઉત્તમ ઈશ્વર વિદ્યાની વધારે સભાનતા રાખી છે…"

આપણા અંતઃકરણો એટલા બધા છેતરામણા છે કે જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણે પોતાના સ્વર્ગમાંના પિતા સમક્ષ આપણા સાચા અંતઃકરણની જરૂરીઆતો રજૂ કરવાનો પ્રમાણિક પ્રયત્ન કરવાને બદલે આપણા પોતાના શબ્દો પાછળ સંતાઈ જઈએ છીએ. પ્રાર્થનાનું પઠન કરવું કે 'આપણી પ્રાર્થનાઓ ઉચ્ચારવી' તેનો એવો અર્થ થતો નથી કે, આપણે ખરેખર પ્રાર્થના કરીએ છીએ. અને જ્યારે આપણા અંતઃકરણો તેમના અનંત પ્રકાશ અને પવિત્રતાની





પારદર્શકતામાં તેમની સાથે ખુલ્લી રીતે એકરાગ થાય છે ત્યારે જ સંગતના આપણા સમયમાંથી આપણા પ્રભુને દિવ્ય આનંદ પ્રાપ્ત થાય છે.

જરૂરીઆતમંદ પાપી વ્યક્તિ કોઈપણ રીતે પવિત્ર ઈશ્વરને સંતોષ આપી શકે છે તેવો વિચાર કરવો તે આદરયુક્ત ભય ઉપજાવતો વિચાર છે. પણ બાઈબલ આપણને જણાવે છે કે, ઈશ્વરે માનવજાતનું સર્જન તેમને મહિમા આપવામાં આવે તે જ હેતુ સાથે કર્યું હતું. આપણને ગમે કે ન ગમે પણ પવિત્ર ઈશ્વરને મહિમા આપવા માટે જ આપણે પ્રત્યેક અસ્તિત્વ ધરાવીએ છીએ.

કોલોસીમાં આવેલી મંડળી માટે પ્રેરિત પાઉલ પ્રામાણિક ઈચ્છા રાખતો હતો કે, "તમે પૂર્ણ રીતે પ્રભુને પ્રસન્ન કરવાને સારૂં યોગ્ય રીતે વર્તો." (કોલોસી ૧ : ૧૦). બિશપ હેન્ડલે પણ 'સંપૂર્ણ પ્રસન્ન કરવાને' શબ્દ સમૂહનું ભાષાંતર "તેમની ઈચ્છાની પ્રત્યેક અપેક્ષાઓ પ્રતિ" કર્યું છે. "પોતાને ખુશ કરો" એવું આપણે કહીએ છીએ તેનો સંભવિતપણે આ જ અર્થ થતો હોય છે. આ અભિવ્યક્તિ દ્વારા આપણે પોતાની ઈચ્છા કરતાં અન્યની ઈચ્છાને પ્રાધાન્યતા આપવાની આપણી ભાવનાને પ્રગટ કરીએ છીએ.

આપણા ઈશ્વરને પ્રસન્ન કરવાનું શોધવાને બદલે આપણે પોતાને ખુશ કરવાનો પ્રયત્ન કરીએ તો તેનો અર્થ થશે કે આપણા પોતાના પગથી પ્રત્યેક ખડકને ધસી નાખવાની નિયતી ધરાવીએ છીએ, પ્રત્યેક દિવાલ સાથે આપણું માથું પછાડવા માંગીએ છીએ. અને જીવનના માર્ગમાં આવતાં પ્રત્યેક અવરોધ ઉપર ચાલવા ઈચ્છીએ છીએ. પણ ઈશ્વરનું બાળક તેમના મહિમા અને પ્રેમના પારદર્શક પ્રકાશમાં પોતાના સર્જનહાર સાથે વાતચીત-વ્યવહાર કરે છે ત્યારે

પ્રત્યેક વિશ્વાસીના અંતઃ-કરણમાં અને ઈશ્વરના પોતાના અંતઃકરણમાં કેવો આનંદ થાય છે !

બાઈબલ આશાસ્પદ રીતે પ્રગટ કરે છે કે 'વિશ્વાસ' અને 'ઈશ્વરને પ્રસન્ન કરવા' તે બંને વચ્ચે ચોક્કસ સંબંધ છે. વ્યાકરણની રીતે નકારાત્મક રચનામાં લખાયેલી નીચેની કલમ વિશ્વાસ અને ઈશ્વરને પ્રસન્ન કરવાના સંબંધને વધારે ભારપૂર્વક રજૂ કરે છે. ''પણ વિશ્વાસ વગર (ઈશ્વરને) પ્રસન્ન કરવો એ બનતું નથી.'' આ કલમ ત્યારપછી હકારાત્મક વિધાન તરીકે બદલાય છે કે જે પ્રત્યેક પ્રામાણિક વિશ્વાસી માટે મોટું ઉત્તેજન આપનાર બને છે. તે જણાવે છે કે, ઈશ્વર સાથેની 'સંગત' ઈશ્વર તરફથી 'ફળ' લાવનાર હોય છે. ''કેમ કે **ઈશ્વરની પાસે જે કોઈ આવે,** તેણે તે છે અને જેઓ ખંતથી તેને શોધે છે તેઓને તે **ફળ આપે છે** એવો વિશ્વાસ કરવો જોઈએ.'' (હિબ્રૂ. ૧૧:૬)

જે વ્યક્તિ પોતાના તારનાર સાથે નિકટની સંગતમાં જીવે છે તેના જીવનમાં ઈશ્વર આધ્યાત્મિક ફળ કે બદલો આપવાની કૃપા કરે છે. અને પ્રભુનું સંપૂર્ણ વર્ણન કરી શકાતું નથી, આપણે વ્યક્તિગત અનુભવ કરીએ ત્યારે જ તેની સમજણ મેળવી શકાય છે. અને ઈશ્વરને પ્રસન્ન કરે અને તેમના બાળકોને મોટો આનંદ થાય તે રીતે ઈશ્વર સાથે જીવંત સંગત કરવાની ચાવી **વિશ્વાસ** છે.

**''હા, વિશ્વાસ એક સાધન છે કે જેની મારફતે પવિત્ર આત્મા ઈશ્વરના બાળક માટે ઉત્થાન પામેલા પ્રભુનો વિજય સિદ્ધ કરવા આધાર રાખે છે.''**

આપણે નોંધ્યું છે કે, ઉપદેશકને સાંભળવા મારફતે કે પછી ઈશ્વરના વચનો વાંચવા દ્વારા ઈશ્વરના વચનો (Promise) આપણા





માટે ખુલ્લા કરવામાં આવે તે શક્ય છે. અને છતાં આધ્યાત્મિક લાભ પ્રાપ્ત થતો નથી તે દુઃખ સાથે કહેવું પડે છે. ''પણ સાંભળેલી વાત તેઓને લાભકારક થઈ નહિ, કેમ કે જેઓએ (ધ્યાન દઈને) સાંભળ્યું તેઓની સાથે તેઓ વિશ્વાસમાં એક થયા નહિ.'' (હિબ્રૂ. ૪ : ૨)

ઈશ્વરનું વચન મન-વિચારમાંથી વિશ્વાસ સાથે મિશ્રિત થઈને અંતઃકરણમાં પહોંચે છે ત્યારે જ ઈશ્વરના વચનનું વાંચન લાભકારક બનશે. આ સમયે પવિત્ર આત્મા આપણા જીવનોમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તની સમર્થ કૃપાનું લાગુકરણ કરે છે કે જેથી આપણે પ્રભુની સેવા કરવાની પ્રત્યેક તકને ઝડપી લેવાને શક્તિમાન બનીએ અને એમ જીવનની પ્રત્યેક સમસ્યાનો સામનો કરવા **તેમના** સમર્થ પરાક્રમને આપણે સાબિત કરી શકીએ છીએ.

તેમ છતાં એક વાત ચોક્કસ છે પ્રત્યેક સાચો વિશ્વાસી ઘણા સંકટ અને પ્રલોભનના દિવસોનો અનુભવ કરશે. આપણા પ્રભુ સાથેની રોજબરોજની સંગતના જીવનથી દૂર લઈ જવા શેતાન પોતે સતત 'જગત'નો, તેના આકર્ષક પ્રસ્તાવોનો ઉપયોગ કરે છે. ઈશ્વરનું બાળક જે પોતાના ઉદ્ધારકર્તા અને પ્રભુ સાથે નીકટતાપૂર્વક વાતચીત કરે છે તેના કરતાં બીજું કશું જ શેતાનને ધૃણાજનક લાગતું નથી. તેથી નવા જન્મેલા ખ્રિસ્તીને પોતાના સર્જનહારથી દૂર લઈ જવા શેતાન બધા જ પ્રયત્નો કરે છે કે જેથી ઈશ્વર સાથેના શાંત-સમયમાં વિશ્વાસને દૃઢ કરવાના અનુભવમાંથી તે તેઓને વંચિત રાખે.

આધ્યાત્મિક રીતે મૃત્યુ પામેલા વ્યક્તિ માટે ભૌતિક જગત એ જ એક જીવનની વાસ્તવિકતા લાગતી હોય છે. પરંતુ તેનાથી વિરૂદ્ધનું સત્ય છે. હકીકતમાં, આધ્યાત્મિક જગત અંતિમ વાસ્તવિકતાને સમાવી લેતું હોય છે. ''કેમ કે જગતમાં જે સર્વ છે એટલે દૈહિક

વાસના તથા આંખોની લાલસા તથા જીવનનો અહંકાર તે પિતાથી નથી, પણ જગતથી છે." (૧યોહાન ૨ : ૧૬). લોકો એટલા સરળતાપૂર્વક છેતરાઈ જાય છે કે જેથી ખ્રિસ્તી વ્યક્તિને દબાવી દેવા તેની અધમ તરકીબોનો અમલ કરવો શેતાન માટે ખૂબ મુશ્કેલ નથી.

બાઈબલ આપણને જણાવે છે કે, દેહની વાસના (જવાબદારી વિનાનો આનંદ-પ્રમોદ), આંખોની લાલસા (જવાબદારી વિનાની સંપત્તિ) અને જીવનનો અહંકાર (જવાબદારી વિનાની સત્તા-મહત્ત્વ) મારફતે આપણું પ્રલોભન થાય છે. ઈશ્વરે આપણા માટે જે આયોજન કર્યું છે તેમાં ખલેલ પહોંચાડવાની સર્વ તરકીબો શેતાન જાણે છે, તે આપણા પ્રભુ સાથેના આપણા શાંત-મનનથી દૂર રાખવા ગમે તે કરશે. દુષ્ટ શેતાન જાણે છે કે, જ્યારે આપણે આ રીતે ઈશ્વર સાથેના નિકટના સંપર્કમાં રહીએ છીએ ત્યારે આપણે આધ્યાત્મિક રીતે વૃધ્ધિ પામીશું અને એ રીતે આપણાં સ્વર્ગીય પિતાના આનંદમાં વધારો કરીશું.

**દેહની વાસના :** આજના બેશરમ અનૈતિક જગત જે વાસનામય પ્રદૂષણથી દેખીતી રીતે એટલું બધું તરબતર થઈ ગયું છે કે, જેની મારફતે શેતાન શરીરની વાસનાની ભૂખને ઉશ્કેરે છે. આપણા શત્રુને જે લોકો શારીરિક અને માનસિક વિષયાસક્તા સાથે તલ્લીન થએલા છે તેઓમાં પ્રવેશવાનો તૈયાર માર્ગ મળી જાય છે. તેમ છતાં જેઓ શેતાનના દુષ્ટ સૂચનો દ્વારા છેતરાય જાય છે તેઓ અનુભવે છે કે પાપના આનંદનો પરપોટો ખાલીપણું અને શરમની લાગણી સિવાય બીજું કાંઈપણ આપ્યા વિના થોડા સમયમાં જ ફૂટી જાય છે !

**આંખોની લાલચા :** જો આપણે મીઠાબોલા વ્યાપારી જગત દ્વારા આકર્ષિત થઈએ અને જો આપણે અન્ય લોકો પાસે જે સંપત્તિ છે તેની





ઈર્ષા કરીએ તો શેતાન પોતાનો ક્રૂર વિકાસ કરવાને સમર્થ બને છે. મહાન છેતરનાર ધીમેથી કહે છે, "જો તારી પાસે કેવળ એક નવી ઘડિયાળ હોય, એક વિઘા જમીન હોય અથવા વિશાળ ઘર હોય તો તું સુખી-આનંદી થઈ શકે." પરંતુ "માણસ એકલી રોટલીથી નહિ, પણ હરેક શબ્દ જે ઈશ્વરના મોંમાંથી નીકળે છે તેથી જીવશે." (માથ્થી ૪ : ૪) તે કારણને લીધે આપણે ટૂંક સમયમાં અનુભવીશું કે આપણી છેલ્લી મનોકામનામાં આપણે સામેલ થઈને સંપાદન કરેલી નવી વસ્તુ પણ આપણને કાયમી સુખ-સંતોષ આપવા માટે પૂરતી નથી.

**જીવનનો અહંકાર :** આપણી અજ્ઞાનતા, અહમ્ અને સ્વર્નિભરતાની ખોટી લાગણી દ્વારા પણ શેતાનના વિનાશક કાર્યો માટે દરવાજાઓ સંપૂર્ણપણે ખુલ્લા થતા હોય છે. કોઈપણ પ્રકારના અહમ્‌ને ઈશ્વર ધિક્કારે છે !

આખરે તો આપણી પ્રારબ્ધતાને નિયંત્રિત કરવાની આપણી પોતાની ક્ષમતામાં ભરોસો એ વિશ્વાસની વિરુધ્ધ છે. કારણ કે **વિશ્વાસ** એ તો પ્રભુ ઈસુમાં ભરોસો છે. અને ઈશ્વરે કહ્યું છે તેની આપણે અગાઉ નોંધ કરી છે કે જીવનના અહંકારનો એકમાત્ર પ્રત્યુત્તર છે : "પ્રભુની આગળ તમે દીન થાઓ." (યાકૂબ ૪ : ૧૦) તમે સ્વનિર્ભર છો તેવું તરકટી સૂચન શેતાન તમને કરે છે ત્યારે તેના માટે દ્વાર બંધ કરવાનો એક જ રસ્તો એ છે કે, તમે નમ્રતાપૂર્વક સર્વ-શક્તિમાન ઈશ્વર ઉપર આધારિત છો તેવું સ્વીકારો. અને તમારું આધારિતપણું -જે વિશ્વાસ છે -તે તમને વિજય આપશે. કારણ કે, "જે જયે જગતને જીત્યું છે તે આપણો વિશ્વાસ છે." (૧યોહાન ૫ : ૪)

પરંતુ જય પામનાર વિશ્વાસના **સંપૂર્ણ** વિજયમાં તમે પ્રવેશ કરો

(જ્યારે શેતાન જગતમાંની સઘળી બાબતો મારફતે તમારી પાસે આવે છે.) ત્યારે પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોને શીખવ્યું હતું તે બોધપાઠ તમારે શીખવો ખૂબ અગત્યનો છે. તેમણે પ્રામાણિક વિશ્વાસને અવરોધતી અન્ય મોટી બાબત સંબંધી તેઓને ચેતવણી આપી હતી. **તો તમે વિશ્વાસ શી રીતે કરી શકો.** ઈસુએ કહ્યું, તમે એકબીજાથી માન પામો છો, પણ જે માન એકલા ઈશ્વરથી છે તે તમે શોધતા નથી. (યોહાન ૫ : ૪૪) બીજા શબ્દોમાં પ્રભુ ઈસુએ ગંભીરતાપૂર્વક પોતાના શિષ્યોને દર્શાવ્યું કે, વિશ્વાસ અન્ય લોકોની પ્રશંસા અને ખુશામત પ્રાપ્ત કરવાની તરકટી ઈચ્છા સાથે સહઅસ્તિત્વ કદી જ ધરાવતો નથી. અને અધિકૃત રીતે બહાલી મેળવવાની લાલસા અનેક ખ્રિસ્તી લોકોમાં મોટી સમસ્યારૂપ છે. તેમ છતાં ખ્રિસ્તનો નકાર કરનારા સમાજની બહાલી કે મંજૂરી પ્રામાણિક શિષ્યપણાની કોઈ નિશાની નથી.

જ્યારે તમે ઈશ્વર સાથે દરરોજ શાંત-મનનનો આનંદ માણો છો ત્યારે તમારો વિશ્વાસ વૃધ્ધિ પામે છે તે પછી જ્યારે તમે જીવનના સંકટો અને તકોનો સામનો કરો છો ત્યારે ભવ્ય અને વિજય પામતા વિશ્વાસની કસરત તમારે કઈ રીતે કરવી તે તમે જાણી શકશો.



## આધ્યાત્મિક તપાસ

૧. શું હું મારી દૈનિક પ્રવૃત્તિઓમાં વિશ્વાસ જે કાર્ય કરે છે તેમાં આનંદ અનુભવું છું ?

૨. શું હું પ્રત્યેક તકમાં સમસ્યાને નીહાળું છું કે પછી પ્રત્યેક સમસ્યામાં ખ્રિસ્તની પર્યાપ્તતાને સાબિત કરવા તકને નીહાળું છું ?

૩. શું હું ઈશ્વરનું રાજ્ય વૃદ્ધિ પામે તેવી ઈચ્છા રાખું છું ? કે પછી હું પોતે તેમના રાજ્યની વૃદ્ધિ કરવાની ઈચ્છા રાખું છું ?

૪. પ્રભુ ઉપરના રોજબરોજના આધારિતપણાનું હું ચિંતન કરું છું તે કારણે શું મારું જીવન હેબતાઈ જવાનો પૂરાવો આપે છે ?

*પ્રભુ ! મને વદ એવું કે હું એ વદું*
*મારા નાદના જીવંત પડઘાઓને*
*જેવા શોધ્યા તેં જ તે રીતે જ*
*દે શોધવા મને ભૂલેલ, લુપ્ત, એકલા સંતાનોને.*

*પ્રભુ ! મને એવું તો શીખક કે હું*
*શીખવું તેં દીધેલ અમૂલ્ય ચીજો;*
*અને ઉરાડું મુજ શબ્દો જે પહોંચે કદા.*
*અનેક હૈયા તણાં ભીતરી ઊંડાણને.*

*મને ભરી દે તુજ પૂર્ણતાથી પ્રભુ !*
*અંતર છલકી છલકી કરે જ એમ*
*ઉત્તેજના ભર્યા વિચારે તથા*
*શબ્દો થકી જે ચમકી રહે*
*કહેવા જ તારા સ્નેહ ને અને*
*દર્શાવવા તારી અમર પ્રતિજ્ઞા.*

*ફ્રાન્સિસ રીડ્લે હેવરગલ*



**પ્રકરણ ૬**

# અન્યને જણાવવાનો સમય

એક રાત્રે સભામાં ઉપદેશ કર્યા પછી એક પિતા મારી પાસે આવ્યા અને તેમના માટે પ્રાર્થના કરાવવા મને વિનંતી કરી. મને જણાવ્યું કે, પોતાના સહકાર્યકરો અને મિત્રોને સાક્ષી આપવાની સમસ્યાનો તે સામનો કરી રહ્યા હતા. કોઈપણ વ્યક્તિને મદદ કરવાનો પ્રયત્ન કરતા અનેક વખત હું કરતો હતો તેમ આ માણસના જીવનની વાસ્તવિક જરૂરિયાત શું હતી તેની પરખ કરવા માટે હું શાંત રીતે પ્રભુને વિનંતી કરી રહ્યો હતો. મને અંદરથી તેનો પ્રત્યુત્તર મળ્યો હતો. ‘‘હું માનું છું કે તે ખરેખર સમસ્યા નથી. તમે હમણાં મારી સાથે ઘૂંટણે પડશો અને તમને સાક્ષી આપવાની સમસ્યા કેમ છે તે વિષે ઈશ્વર તમને દર્શાવે તેવી તેમને વિનંતી કરશો ?’’ કોઈપણ ખચકાટ વિના પિતા ઘૂંટણીયે પડ્યા અને પ્રાર્થના કરી.

તેમણે તેમ કર્યું ત્યારે શાંત રહેવાની સમસ્યા કરતાં કોઈક ગહન સમસ્યા પ્રભુ પોતે ખુલ્લી કરી રહ્યા હતા તેવું મેં અનુભવ્યું હતું. ખૂબ ભંગીત બનીને મારો મિત્ર પોતાના ઘરમાં કેવો જુલમી અને વિશેષ રીતે બાળકોના સંબંધમાં કેવો જોહુકમી હતો તે વિશે પ્રભુને જણાવી રહ્યો હતો. હૃદયપૂર્વકના પશ્ચાતાપ સાથે તેણે ક્ષમા મેળવવા માટે પ્રભુને વિનંતી કરી હતી.

તે રાત્રે અમે સાક્ષી આપવાની તેની સમસ્યાની ચર્ચા કરી જ નહોતી કારણ કે ઈસુએ આ માણસને પોતાનું પ્રકટીકરણ નવી અને જીવંત રીતે કર્યું હતું. તે પછીની રાત્રે પ્રફુલ્લિત ચહેરા સાથે સભામાં તે આવ્યો હતો. અને મને આનંદપૂર્વક જણાવ્યું, ''ઈસુ સંબંધી અન્ય લોકોને જણાવવા માટે આખો દિવસ હું પોતાને શાંત કે ખામોશ રાખી શક્યો નથી !''

બાઈબલમાં એકપણ જગ્યાએ બદલાણ નહિ પામેલા લોકોને યુક્તિપૂર્વક ''તારણની યોજના'' રજૂ કરવાની વાત આપણને કહેવામાં આવી નથી ! તેમ છતાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે સતત સંગતમાં જીવવા માટે આપણને ઉત્તેજન આપવામાં આવ્યું છે કે જેથી જ્યારે આપણે સુવાર્તાનો સંદેશ તેઓ સમક્ષ રજૂ કરીએ ત્યારે આપણી મારફતે તેમના પ્રેમનો ઉભરો ઈશ્વરના વચનનું સત્ય સાંભળવા માટે તેઓના અંતઃકરણોને સ્પર્શ કરે.

તેમછતાં એવા દિવસોમાં જ્યારે આપણા અંતઃકરણો જીવંત સંગતમાં તેમની સાથે એકરાગ થએલા **નથી** ત્યારે આપણી સાક્ષી મહત્ત્વપૂર્ણ રીતે અસરકારક અને ફળવંત બનતી **નથી** તેવું આપણે અનુભવીશું. હકીકતમાં તે દિવસોમાં અન્ય લોકો સમક્ષ ઈશ્વરનું વચન રજૂ કરતા આપણા હોઠ સીવાઈ જશે અને ખ્રિસ્તનો નકાર કરનારા આપણી આસપાસના જગતને આપણે પ્રભુ વિશે સ્વયંસ્ફૂરિત રીતે પ્રગટ કરવાને અસમર્થ બનીશું.

ઈશ્વર સાથે મહત્ત્વપૂર્ણ રીતે શાંત-સમય પસાર કરીને પ્રત્યેક દિવસનો આરંભ એ અવરોધો ઉપર તમને વિજય અપાવવામાં સહાય કરનારું પ્રથમ પગથિયું છે કે તમે બદલાણ નહિ પામેલા લોકોને પ્રભુ ઈસુ ખ્રિસ્ત સંબંધી **જણાવવાની** તકનો ઉપયોગ સહેલાઈપૂર્વક કરી





શકો છો. ઈશ્વર વિનાના જગતમાં આધ્યાત્મિક રીતે ફળવંત જીવનનો પ્રમાણિક અનુભવ કરવો અને 'સુવાર્તા વેચનાર સેલ્સમેન' બનવું તે બંને વચ્ચે મોટો તફાવત છે. ના, વિશ્વાસીઓને જગતમાં ઊભા રહીને ખ્રિસ્તની સાક્ષી આપતાં કેટલાક શબ્દો ઉચ્ચારવાને માટે આજ્ઞા આપવામાં આવી નથી. તેના બદલે નવો જન્મ પામેલ ખ્રિસ્તી વ્યક્તિ ખાતરી કરી શકે કે તે **ખ્રિસ્તમાં** જ છે અને તે સ્થાન પર રહીને તે ઈસુ વિશે આનંદપૂર્વક વાત કરી શકશે.

પ્રભુએ પોતાના શિષ્યોને કહ્યું, ''જે **મારામાં** રહે છે અને હું **તેનામાં** તે જ ઘણાં ફળ આપે છે, કેમ કે મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી.'' (યોહાન ૧૫ : ૫) તેમનામાં રહેવું અને અન્ય લોકોને તેમના સંબંધી જણાવવું તે તમારી જવાબદારી છે; ફળ તેમની જવાબદારી છે !

પચાસમાના દિવસ પછી શિષ્યો ઉત્થાન પામેલા પોતાના પ્રભુ સાથે અગાઉ વ્યક્તિગત રીતે વાતચીત અને જીવન જીવ્યા હોવાને લીધે તેઓનો ઉત્સાહ અને આનંદ સમાવી શક્યા નહોતા. તેથી ક્યાં કંઈ તેઓ ગયા ત્યાં લોકોને - ઈસુનો વ્યક્તિ તરીકે ધિક્કાર કરતા લોકોને પણ ઈશ્વરના અદ્ભૂત કાર્યો સંબંધી (પ્રે.કૃ. ૨ : ૧૧) તેઓને જણાવ્યું હતું. તેઓના શ્રોતાઓની ઈન્તેજારીમાં વધારે થયો હતો અને તેના પરિણામે ખ્રિસ્તના પ્રભુત્વ વિષય ઉપર ઉપદેશ આપતાં પિતરને સાંભળવા માટે હજારો લોકો એકત્રિત થયા હતા. અને તેણે ઉપદેશ કર્યો ત્યારે વ્યક્તિગત પાપની ગહન અનુભૂતિ સભાજનોને થઈ હતી. થોડા સમય અગાઉ જે લોકો ખ્રિસ્તના ક્રૂસારોહણ માટે જવાબદાર હતા તેઓએ શોક કર્યો. ''ભાઈઓ, અમે શું કરીએ ?'' (પ્રે.કૃ. ૨:૩૭) તે દિવસે શિષ્યોની વ્યક્તિગત સાક્ષી અને પિતરના જાહેર ઉપદેશે સાથે મળીને આત્માઓની મોટી ફસલ લણી હતી !

પછીથી, વિપરિત પરિસ્થિતિમાં જીવન જીવતા શિષ્યો ફરીથી મહત્ત્વની પ્રાર્થના સભામાં ઈશ્વરની સમક્ષતામાં આવ્યા હતા. 'ધાર્મિક' માણસો જેઓ શિષ્યોને અને તેઓના સંદેશાને ધિક્કારતા હતા તેઓએ ઈસુ સંબંધી વાત કરવી નહિ તેવી તેઓને ધમકી આપી હતી. અગાઉ ઉપલીમેડીમાં પ્રભુ ઈસુએ સાક્ષી કેવી રીતે આપવી તેવી શિષ્યોને સૂચના આપતો વ્યક્તિગત સુવાર્તાપ્રચારનો અભ્યાસક્રમ શીખવ્યો નહોતો. તેમ છતાં હવે તેઓ પવિત્ર આત્માથી ભરપૂર હોવાને કારણે આ ઉત્સાહી ખ્રિસ્તીઓએ સ્વયંસ્ફૂરિત પ્રત્યુત્તર આપ્યો હતો : "કેમ કે અમે જે જે જોયું તથા સાંભળ્યું, તે કહ્યા વિના અમારાથી રહેવાય એમ નથી." (પ્રે.કૃ. ૪ : ૨૦). તેઓ ફરીથી ઈશ્વરની સમક્ષતામાં આવ્યા હતા ! ઉત્થાન પામેલા ખ્રિસ્તની વાસ્તવિકતા સાથે તેઓના અંતઃકરણો પ્રજ્જવલિત થએલા હતા. તેઓ શાંત-ખામોશ રહી શકતા નહોતા !

સાંહીઠના પ્રારંભિક દાયકામાં ડૉરોથી અને હું "The Iron Curtain" તરીકે તે સમયે ઓળખાતી સેવામાં રહીને ધર્મસેવા કરતા હતા. લશ્કરી શાસન હેઠળ પાળક તરીકેની સેવાની મુશ્કેલીઓ સંબંધી પૂછપરછ કરતા પ્રશ્નનો પ્રત્યુત્તર એક વિશ્વાસુ પાળકે આપતાં કહ્યું, "અમે હમણાં તો સંખ્યામાં થોડાં જ છીએ પણ અમે કોણ છીએ તે તો અમે જાણીએ છીએ. અમે જેઓ હય્યાત છીએ તેઓ ઉત્થાન પામેલા ખ્રિસ્તને જાણીએ છીએ અને અમે અજેય છીએ." (આ પ્રકારના સંકટોનો મારા વાચકોમાંના કેટલાંકે અગાઉ અનુભવ કર્યો છે પણ વર્તમાન સમયમાં જે બની રહ્યું છે અને જો પ્રભુનું આગમન થોડાં સમયમાં થશે નહિ તો આપણે જે શક્યતાઓનો કદી જ વિચાર કર્યો નથી તેમાં ખ્રિસ્ત માટે સઘળા પ્રકારનું જોખમી કાર્ય કરવા પણ આપણામાંના ઘણાંને તેડવામાં આવશે.)





ઈશ્વર સાથેના શાંત-મનન દરમિયાન ડોરોથીએ તાજેતરમાં જ નોટબુકમાં નોંધ કરી હતી. "જો તેમનો આત્મા મારી મારફતે વહેતો રહે તો તેમના મરણની અમૂલ્યતાનો અનુભવ પ્રત્યેક શ્વાસ લેનારાઓએ કરવો જ જોઈએ." ચોક્કસપણે પ્રારંભના શિષ્યોએ પોતાની હિમ્મતભેર સાક્ષી માટે મોટું બલિદાન આપ્યું હતું. પરંતુ ઈસુ વિશે સાક્ષી આપવા સંબંધી તેઓને બંદીખાનામાં પૂરવાની ધમકી આપવામાં આવી ત્યારે તેઓ પ્રાર્થના કરવા માટે એકત્રિત થયા. આપણે વાંચીએ છીએ, "તેઓ સર્વે પવિત્ર આત્માથી ભરપૂર થયા અને ઈશ્વરની વાત હિંમતથી બોલવા લાગ્યા." (પ્રે.કૃ. ૪ : ૩૧)

**અસરકારક સુવાર્તાપ્રચાર ભરપૂરીપણાનું પરિણામ છે. આત્માથી ભરપૂર એવા વિશ્વાસીના જીવનમાંથી પવિત્ર આત્માનું ઊભરાવું, આ રીતે આંતરિત રીતે વસવાટ કરતા ખ્રિસ્તની વાસ્તવિકતાને અન્ય સમક્ષ પ્રગટ કરવી.**

નવા કરારમાં આપણે વાંચીએ છીએ ત્યારે પ્રારંભની મંડળીનો સુવાર્તાપ્રચાર તે કેવળ વ્યક્તિત્વના સમજાવનાર તખ્તાના પરિણામે જ થયો નહોતો. જો શિષ્યો ઈશ્વરના અદ્ભૂત કામો (પ્રે.કૃ. ૨ : ૧૧) વ્યક્તિગત રીતે જાહેર કરવાને પ્રથમ ગયા નહોત તો પચાસમાના દિવસે પિતરનો ઉપદેશ સાંભળવા માટે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ શકતા નહોતા.

જ્યારે વિશ્વાસીના અંતઃકરણમાંથી શુદ્ધતા, પ્રભુ ઈસુ ખ્રિસ્તનું જીવન અને પ્રેમ આશારહિત વિશ્વમાં વહે છે ત્યારે લોકો ગ્રાહ્ય બને છે અને ઈશ્વરનું સત્ય સાંભળવા માટે તૈયાર થાય છે. તેથી જ તેમના વચનના પ્રકાશમાં દરરોજ આપણે પ્રભુની મુલાકાત કરીને પવિત્ર આત્માથી સતત ભરપૂર (એફેસી ૫ : ૧૮) થવાની જરૂર છે.

## ઊભરાતો - છલકાતો સુવાર્તાપ્રચાર

મારા ખ્રિસ્તી જીવનના પ્રારંભિક દિવસોમાં હું યુવાનોની સંગતનો ભાગીદાર હતો. અમારામાં ચોક્કસપણે 'જ્ઞાન' નહિ પણ 'ઉત્સાહ' વધારે હતો ! આમ હોવા છતાં (અથવા આ કારણને લીધે જ !) ઈશ્વરે બદલાણ નહિ પામેલા અમારા મિત્રોમાં અમારો ઉપયોગ કરવાનું યોગ્ય ગણ્યું હતું. યુવાન વિશ્વાસી તરીકે અમે સામેલ થયા હતાં તેવા આ કેટલાંક અનુભવો હું તમને જણાવવાની ઈચ્છા રાખું છું.

**વ્યવસાયિક જીવન :** મારા બદલાણના સમયે હું ટાઉન કાઉન્સીલની સીવીલ એન્જીનીયરીંગ ઓફિસમાં અભ્યાસ અને કામ કરતો હતો. ટાઉન હોલમાં કામ કરતા એક દિવસ મને ટાઉન ક્લાર્કની વધારાની ઓફિસમાં જવાનો આદેશ આપવામાં આવ્યો. ત્યાં મને સખત ચેતવણી આપવામાં આવી : અધિકારીઓના ઉપરી અધિકારીએ કહ્યું, ''અભ્યાસક્રમ બહારની તમારી પ્રવૃત્તિઓ સંબંધી મેં સાંભળ્યું છે.'' તેમણે સ્પષ્ટ રીતે અમે યુવાનો તરીકે જે સુવાર્તિક સભાઓ રાખતા હતા તેનો ઉલ્લેખ કર્યો હતો. પ્રત્યેક રાત્રિએ જાહેર ઓફિસો બંધ થઈ ગયા પછી અમે શહેરમાં જાહેર જગ્યાઓએ સુવાર્તિક સભાઓનું આયોજન કરતા હતા. તેની શરૂઆત કરતા રસ્તે જનારા સાંભળવા માટે રોકાવાની તૈયારી દર્શાવતા નહિ. તેથી વક્તાને મૂંઝવતા પ્રશ્નો પૂછીને કસોટી કરવા કોઈક રોકાતું ત્યારે અમને અનેક વખત આનંદ થતો. જ્યારે વિરૂદ્ધતા દર્શાવનાર તેને મુશ્કેલીમાં મૂકવાનો પ્રયત્ન કરતો ત્યારે અન્ય લોકો તેને સમર્થન આપવા તેની સાથે જોડાતાં. જ્યારે બીજા લોકો વક્તા તરીકે રજૂ થતા આ માણસની પડખે ભેગા થઈ જતા હતા. એમ થોડા સમયમાં જ ઉપદેશ આપી શકાય તેવો જનસમૂહ મળી જતો. અને કેટલીક રાત્રિએ તો એક કે





બે વ્યક્તિઓ તારનારની પાસે આવીને તેમને કબૂલ પણ કરતી હતી ! ટાઉન ક્લાર્કે તો મને ચેતવણી આપી હતી કે આ પ્રકારની ''ધર્માંધતા'' ટાઉન હૉલની વ્યવસાયિક ખ્યાતિ સાથે કોઈ રીતે જોડાયેલી હોવી જોઈએ નહિ ! તેમણે આ પ્રકારની સઘળી પ્રવૃત્તિઓનો ત્યાગ કરવાની મને સખત ચેતવણી આપી હતી. પરંતુ આવી જાહેર સભાઓમાં ફળ આપવા જોઈને તે સભાઓ સતત રાખવી જોઈએ તેમ અમ સર્વ યુવાનોને લાગ્યું હતું !

પછીથી બાઈબલ કોલેજમાં હું અભ્યાસ કરવા લાગ્યો ત્યારે અમારી કોલેજના પ્રેસિડેન્ટે અઠવાડિયાના અંતની સભામાં કહ્યું હતું, ''જો તમે જાહેર સ્થળની સભામાં લોકોને ભેગા કરી શકતા નથી તો દેવળમાં બંદી બનેલા શ્રોતાઓને કંટાળો ઉપજાવશો નહિ.'' તે મને યાદ આવે છે. મેં આ સાંભળ્યું ત્યારે હું આભારવશ બન્યો હતો કે અમે યુવાનોએ જાહેર સ્થળોમાં અમારી સુવાર્તિક સભાઓ સતત રાખવાનો આગ્રહ કર્યો હતો.

મારા નવા જન્મના અનુભવ પછી તરત જ મેં ખ્રિસ્તમાંના મારા નવા વિશ્વાસ સંબંધી મારા સઘળા વ્યવસાયિક સહકાર્યકરોને સાક્ષી આપી હતી. પણ મારી ઓફિસ સાથે જોડાએલી એક વ્યક્તિ મને યાદ છે કે જેને સાક્ષી આપવાની મને તક મળી નહોતી. તે તો એક બહેન હતી. જે અમારી ઓફિસના ગંદા ભોંયતળિયાની સફાઈ માટે પ્રત્યેક રાત્રે આવતી હતી. એક રાત્રે મારા સહકાર્યકરો જતા રહ્યા પછી મેં સફાઈ કરવાના ઝાડુ અને ડોલ શોધી કાઢ્યા હતા. થોડા સમયમાં ભોંય તળીયું સાફ કરી દીધું હતું અને હું સફાઈ કરનાર બહેનને આવવાની રાહ જોતો હતો. મેં આનંદપૂર્વક જણાવ્યું, ''તમારું કામ પૂરું કરી નાખ્યું છે.'' પછી અવાક્ બનીને તે મારી સાથે ચ્હા પીવા માટે બેઠી. અલબત્ત અમારી વાતચીત દરમિયાન હું તેણીને ઈસુ સંબંધી કહી શક્યો હતો. તેણીની

આંખોમાંથી આંસુઓ વહ્યા હતા અને અમે સાથે મળીને વાતચીત અને પ્રાર્થના કરી હતી તે મને હંમેશા યાદ રહેશે.

**સામાજીક જીવન :** મને મારી એકવીસમી વર્ષગાંઠ પણ યાદ આવે છે, જે તે દિવસોમાં ઈંગ્લેન્ડમાં એક વિશેષ પ્રસંગ તરીકે હંમેશા ઉજવાતો. આ પ્રકારના પ્રસંગની ઉજવણી સાથે મોટું જમણવાર રહેતું અને તે પછી ડાન્સ થતો. પણ હું એકવીસ વર્ષની ઉંમરનો થયો ત્યાં સુધીમાં તો ઈશ્વરે મારા પગમાંથી ડાન્સને દૂર કરી દીધો હતો અને મારા અંતઃકરણમાં તેને ગોઠવી દીધો હતો. તેથી મારા માતાપિતાએ પ્રેમથી આયોજન કરેલી મારી એકવીસમી વર્ષગાંઠની ઉજવણીનો મેં વિચાર કર્યો કે ખ્રિસ્ત માટે મારા મિત્રોને જીતી લેવાનો આ એક બીજો અવસર છે તેને ધ્યાનમાં રાખીને આ પ્રસંગ માટે મેં એક સુવાર્તિકને આમંત્રણ પાઠવ્યું હતું ! બદલાણ નહિ પામેલા મારા વ્યવસાયિક સહકાર્યકરો અને મિત્રોને આપેલી આમંત્રણ પત્રિકામાં ખુલાસો કર્યો હતો કે જમણ પૂરું થયા પછી મારો મિત્ર વક્તવ્ય રજૂ કરશે ! "**તમારી ભેટ-સોગાદો નહિ** પણ તમારી **હાજરીની** આવશ્યકતા છે." એવી મનોરમ્ય આમંત્રણ પત્રિકા હતી. અને તે રાત્રે મારા મિત્રોમાંના એકનું અદ્‌ભૂત રીતે બદલાણ થયું હતું !

આગળ જતાં હું લંડનમાં આવેલા બેપ્ટિસ્ટ ચર્ચનો સહાયક પાળક બન્યો હતો ત્યારે યુવાનોએ પ્રદેશમાં થઈને સ્વૈરવિહાર કરાવીને નદી પાસે દોરી જાય તેવા પર્યટનનું કે પછી સાંજની રમતોમાં બદલાણ નહિ પામેલાંઓને આમંત્રિત કરવા પૂરતા પ્રમાણમાં પ્રસંગને આકર્ષક બનાવ્યા વિના કદી જ આયોજન કર્યું નથી. કોઈપણ અપવાદ વિના તેઓએ આવી દરેક પ્રવૃત્તિના અંત સમર્થ સુવાર્તાની રજૂઆત સાથે કર્યો. આવું કેમ નહિ ? યુવાનોએ અનુભવ્યું કે તેઓની યુવા સંગતના અસ્તિત્વનો પ્રથમ હેતુ પ્રભુમાં તેઓ પોતે દઢ બને અને બીજો હેતુ





તેઓના મિત્રો ખ્રિસ્તનો સ્વીકાર કરી બદલાણ પામે તે હતો. તે પછી યુવાનોની સંગત ઈશ્વરના આશીર્વાદ નીચે વૃદ્ધિ પામી હતી તેમાં સહેજેય શંકા નથી.

**આધ્યાત્મિક જીવન :** મેં ઓગણીસ વર્ષની ઉંમરે નવા જન્મનો અનુભવ કર્યો તે અગાઉ મેં કદી જ ગંભીરપણે બાઈબલનો અભ્યાસ કરવાનો વિચાર કર્યો નહોતો. વધુમાં તે ઉંમરમાં તો હું ઈશ્વરના વચન સંબંધી ખૂબ ઓછું જાણતો હતો. પરંતુ મેં ખ્રિસ્તનો મારા પ્રભુ અને તારનાર તરીકે સ્વીકાર કર્યો તે પછી પ્રત્યેક સોમવારે રાત્રે અમે બદલાણ પામેલા કેટલાંક બાઈબલ અભ્યાસ કરવા માટે એક ઘરમાં એકત્રિત થતા હતા. અમારો ઉત્સાહપૂર્વકનો હેતુ એટલો જ હતો કે ઈશ્વરનું વચન જેમ બને તેમ ઝડપભેર અમારા મન-વિચારમાંથી અમારા અંતઃકરણોમાં સ્થાન પામે ! તે પ્રારંભિક દિવસોમાં પણ અમે બાઈબલનો અભ્યાસ મૂળભૂત રીતે જ રાખતા જેના વિશે આ પુસ્તકમાં મેં અગાઉ સૂચવ્યું છે. ના, અમે ઈશ્વરના વચનને ધાર્મિક પાઠ્ય પુસ્તક તરીકે જોયું નહોતું પણ તેના બદલે જીવનમાં અમને દોરવણી આપી શકે તેવા દિશાસૂચક તરીકે સ્વીકાર્યું હતું.

તે સરળ બાઈબલ અભ્યાસના પ્રત્યક્ષ પરિણામ તરીકે કેટલાંક યુવાનો નવો જન્મ પામ્યા હતા અને અમે સાથે મળીને વધુ વિસ્તારોમાં સુવાર્તાનો સંદેશ લઈ જવાના માર્ગોની સમજણ મેળવી હતી. અમારામાંથી કોઈનીય પાસે મોટરકાર નહોતી તેથી અમે સાઈકલ ટ્રેલર બનાવવાનો વિચાર કર્યો. એક બે વ્યક્તિઓ યંત્ર વિષયક વિચાર ધરાવતા હતા. તેઓએ ગ્રામોફોનને વીટાળી શકાય તેવી એમ્પલીફાઈંગ સીસ્ટમ તૈયાર કરી હતી. કેટલાક અઠવાડિયાને અંતે અમે અમારા ખૂબ ઊંચા ટ્રેલર અને અમારી પાછળ એમ્પલીફાઈંગ સીસ્ટમ લઈને આસપાસના ગામોમાં સાઈકલ લઈને જતા હતા.

એક ચોક્કસ ગામમાં મેથોડિસ્ટ ચર્ચ આવેલું હતું અને તેના દરવાજાઓ સલામત રીતે બંધ કરેલા હતા તે મને બરાબર યાદ છે. સુવાર્તાનો ફેલાવો કરવાના અમારા ઉત્સાહને લીધે અમે દેવળની ચાવી મેળવી હતી. દેવળનો ઉપયોગ કરવાની મંજૂરી મેળવી હતી, બાંકડાઓ પરની ધૂળ સાફ કરી હતી અને પછી અમારી એમ્પલીફાઈંગ સીસ્ટમ સાથે વિલેજ ગ્રીનમાં આગળ વધ્યા હતા. ગામની બહાર આવેલા ચોરાને અમે અમારું બોધાસન બનાવ્યું હતું. અને અમેરિકન સોલોઈસ્ટ બેવ શેવેની સંપૂર્ણ નવી જ રેકર્ડ વગાડવા દ્વારા જાહેર સભાનો આરંભ કર્યો હતો. તેમણે થોડા સમય અગાઉ જ બિલી ગ્રેહામ નામના યુવાન જેણે દેશમાં તાજેતરમાં તેમનો પ્રથમ વખતનો પ્રવેશ કર્યો હતો તેની સાથે મુલાકાત કરી હતી. સુવાર્તિક ગીતો વચ્ચે વચ્ચે રોકાઈને ખ્રિસ્તમાં અમારા તારનાર અને પ્રભુ પરના વિશ્વાસની વ્યક્તિગત સાક્ષીઓ અમે આપી હતી. થોડા સમય પછી તો અમારામાંના કેટલાકે દુકાનોમાંથી અમને સાંભળવા માટે આવેલા આતૂર લોકોને ઉપદેશ આપવાનો પ્રયત્ન કર્યો હતો. ગામ લોકોના આશ્ચર્ય વચ્ચે પ્રભુએ અઠવાડિયાના અંત સુધીમાં તો દેવળને પૂરેપૂરું લોકોથી ભરી દીધું હતું. ભવિષ્યની સન્ડેસ્કૂલના શિક્ષકે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો અને પાછળથી તેમના બહેન પણ તારનાર પાસે આવ્યા હતા. હવે દેવળના દરવાજાઓ બંધ રહ્યાં નહિ અને નાની સન્ડેસ્કૂલ અને મંડળીની અઠવાડિક સભાઓ ફરીથી શરૂ થઈ હતી.

પાઉલે તિમોથીને આજ્ઞા આપી : "તું સુવાર્તા પ્રગટ કર; અનુકૂળ તથા પ્રતિકૂળ પ્રસંગે તત્પર રહે..."(૨તિમોથી ૪ : ૨). જો પાઉલ આજના દિવસોમાં ધર્મસેવા કરતા હોય તો તેમણે કદાચિતને તિમોથીને આ શબ્દોમાં કહ્યું હોત : "ઈશ્વરનું વચન કહેવાની તક મળે તો તે તકનો ઉપયોગ કર; અને જો તેમ કરવાની તક ન મળે તો તેવી





તક ઊભી કર. એવા કોઈ જ પ્રસંગો નથી કે જેમાં વચનનો ઉપદેશ કરવો તે કવખતનો ગણાય !" કોઈપણ પ્રકારના નિયમાનુસાર બાઈબલ અભ્યાસમાંથી વિદ્યાર્થીએ મેળવેલું જ્ઞાન જે લોકોએ મંડળીના દ્વાર કદી જ બંધ કર્યા નથી તેઓ પ્રત્યેના પ્રેમાળ અને હિંમતભર્યા માર્ગોમાં વિકાસ પામે નહિ તેને પાઉલ અપ્રસન્નતાની દષ્ટિથી નિહાળશે તેવું હું ચોક્કસ માનું છું.

જ્યારે તમે ઈશ્વરના વચનના રહસ્યને તમારા મન-વિચારમાંથી હૃદયમાં લઈ જવાનું શીખ્યા છો, તો તમે અનુભવ કરશો કે ઈશ્વરનું વચન યર્મિયાના શબ્દોમાં તમારા "હાડકામાં બળતો અગ્નિ સમાએલો હોય" તેવો અહેસાસ થતાં તમને લાંબો સમય લાગશે નહિ.

જો બાઈબલ કેવળ તમારા મન-વિચારમાં જ છે તો તમારા માટે એ કરુણતાની શક્યતા છે કે તમે વચન જાણનાર વ્યક્તિ છો અને છતાં તમે આત્માને આધીન વ્યક્તિ નથી તે દુઃખદ વાત છે. તમારા હાડકાંમાં બળતો અગ્નિ સમાએલો હશે નહિ ! પરંતુ ઈશ્વર સાથેના તમારા શાંત-મનનમાં તમે નિયમિત રીતે ઈશ્વરની મુલાકાત કરો છો ત્યારે તમે વચન જાણનાર વ્યક્તિ બનવા સિવાય સાથે સાથે આત્માને આધીન એવા વ્યક્તિ બનવા માંગો છો તો તે અશક્ય છે તેની વધુ ને વધુ અનુભૂતિ તમે કરશો !

હા, ઈશ્વરનું વચન વાંચીએ છીએ ત્યારે ઈશ્વર આપણી સાથે વાતચીત કરે છે અને તે જે કહે છે તે આપણે અન્યને જણાવીએ તેવી તેમની ઈચ્છા છે. ઈશ્વરે હઝકિયેલને કહ્યું, "માટે મારા મુખનું વચન સાંભળીને મારા તરફથી તેમને ચેતવણી આપ." (હઝકિયેલ ૩૩ : ૭). પરંતુ આપણે પ્રથમ તેમના મુખના શબ્દો સાંભળીએ નહિ અને તેનો પ્રતિભાવ આપીએ નહિ ત્યાં સુધી અન્યને જણાવવાનો કોઈ અર્થ નથી.

ખ્રિસ્તી વિશ્વાસનો 'બચાવ કરનારા' ઘણાં છે પરંતુ સંજોગોવશાત્ જીવંત ઈશ્વર સાથે પોતાના વ્યક્તિગત સંબંધની પ્રામાણિક સાક્ષી આપવાને સમર્થ હોય તેવા ખૂબ થોડાં વ્યક્તિઓ છે.

પછીથી પ્રેરિત યોહાન તેના પોતાના અનુભવમાંથી ખ્રિસ્ત સાથેની તેની જીવંત સંગતની વાસ્તવિકતાની આનંદપૂર્વક સાક્ષી આપવાને સમર્થ બન્યો હતો. તેથી જેમ આપણે અપેક્ષા રાખીએ તેમ પછીથી તેણે આ નિકટની સંગતમાં તેની સાથે સામેલ થવા અન્યને આમંત્રણ આપ્યું હતું : "હા, અમારી સાથે તમારી પણ સંગત થાય... અને ખરેખર, અમારી સંગત બાપની સાથે તથા તેના પુત્ર ઈસુ ખ્રિસ્તની સાથે છે." (૧યોહાન ૧ : ૩).



## આધ્યાત્મિક તપાસ

૧. હું જે સ્થળે કામ કરું છું અને જે સ્થળે વસવાટ કરું છું તે બંનેને શું હું મારા વ્યક્તિગત મિશનક્ષેત્ર તરીકે સ્વીકારું છું ?

૨. શું આપણે લોકોને બદલાણ પામવા માટેના ઉમેદવાર તરીકે જ નિહાળીએ છીએ કે પછી તેઓ ખ્રિસ્તમાં નવું જીવન મેળવે તે માટે તેઓને પ્રેમ કરવાનું પ્રાર્થનાપૂર્વક શોધીએ છીએ ?

૩. અન્ય કોઈક વ્યક્તિને વ્યવહારીક રીતે સહાય કરવા દ્વારા ખ્રિસ્ત માટે સાક્ષી આપવાની તક છેલ્લે ક્યારે મેળવી હતી ?

૪. ઈસુની વાત હિંમતપૂર્વક કરવાથી આપણા હોઠ સિવાઈ ગયા છે કારણ કે :

મારા જીવનમાં બાંધછોડ કરી છે ?

મારી કારકિર્દી જોખમમાં મૂકાય છે ?

ધિક્કારાએલા અને ત્યજાએલા નાઝરેથના ઈસુ સાથે ઓળખાવવામા મારું અભિમાન આડે આવે છે ?

## *અનંત પ્રકાશ*

*અનંત પ્રકાશ ! હે અનંત તેજ !*
*કેવો વિશુદ્ધ હોય જ અંતર જ્યારે,*
*તારી ખોજની દૃષ્ટિમાં મુકાતો હોય,*
*સંકોચાય તે, પણ શાંત અંતરે*
*જીવી શકે અને નીરખી શકે તેને !*

*તારા સિંહાસન પાસ જે ઘૂમે*
*પામે કદાચ ઉત્તેજક આશિષોને;*
*પણ તે તો ખચીત એકલાંની જ,*
*કેમકે ક્યારેય ક્યારેય જાણી ના*
*આ આવી પતિત ધરા તેમણે તો.*

*ક્ષેત્ર અંગત જેનું છેક શ્યામળ*
*ને મન તો જેનું સત્વ ધૂંધળું*
*તેવો હું કેમ રહું ઉદમો આ*
*અવર્ણનીય સંમુખ આજ તો ?*
*અને ધારું કેમ મમ અંગત*
*ભાવના મરે અસર્જિત તેજ ?*

*તે ઉદાત્ત નિવાસે પહોંચવાને*
*છે માનવી પાસ માર્ગ, સુમાર્ગ,*
*સમર્પણ ત્યાગ અને વળી*
*પ્રભુ તણો જે સદા સમર્થક*
*તે પવિત્ર આત્મા તણી ભાવનાઓ.*

*આ સહુ આ બધું, આપણને કહે*
*સદા સજજ, સ્વર્ગની પવિત્રતા કાજે :*
*અજ્ઞાન અને રાત્રિનાં સંતાનો*
*અનંત પ્રકાશ મહીં વસી રહે*
*અનંત પ્રેમ થકી, અનંત પ્રેમ થકી...*

*થોમસ બીન્ની (૧૭૯૮-૧૮૭૪)*





# *ફળ કે અગ્નિ*

**મા**રો એક મિત્ર સ્વીડીસ-અમેરિકન જેનું નામ બેન્ગટ હતું તેણે અમેરિકામાં સ્થળાંતર કર્યું હતું. અહીં તે સફળ ખ્રિસ્તી વેપારી બન્યો હતો. તેની અનેક ધર્મસેવાઓમાં બેન્ગટ મિશનેરીઓને સ્થળાંતર કરાવવામાં એરોપ્લેનની મુસાફરી કરાવી તેઓના નિર્ધારિત મિશન ફિલ્ડમાં પહોંચાડવામાં આનંદ માણતો હતો. એક વર્ષે તેને અને તેના મિત્રને મિશન એવીએશન ફેલોશીપ માટે (M.A.F.) અલાસ્કા એક નાનું પ્લેન પહોંચાડવાની વિનંતી કરવામાં આવી. તેઓની મુસાફરી પૂરી થયા પછી તેનો મિત્ર ફેરબેંક એરપોર્ટ ઉપર તેની પાસેથી ચાલ્યો ગયો અને બેન્ગટે એકલા જ વળતી મુસાફરી કરવા વિમાન ઊપાડવાની તૈયારી કરી.

પોતાના મિત્રથી દૂર જતાં પહેલાં બેન્ગટના મિત્રએ સંકટ સમયે મદદ કરતું એક બંડલ નાના પ્લેનમાં મૂક્યું. તેમાં ચોકલેટ અને ગરમ ધાબળો હતો. આ અંતિમ પાછા ફરતી ફ્લાઈટ દરમિયાન અનઅપેક્ષિત વાવાઝોડું આવવા લાગ્યું. અલાસ્કા પર્વતની હારમાળાના તોફાની પવનોમાં નાનું - નાજુક વિમાન ફસાઈ ગયું અને નીચે તરફ પડવા લાગ્યું. પવનની ઝપટોથી વિમાનના પૈડાં લપસી પડીને પર્વતની ભેખડના અંતભાગમાં આવીને થંભી ગયા. પછીના ત્રણ દિવસ સુધી

હિમવર્ષા થઈ. પરંતુ ઈશ્વરની ભલાઈમાં પવનથી વિમાનની નીચેના સફેદ ભાગમાં હિમનું આવરણ દૂર થતું રહ્યું. તેમ છતાં વિમાનની નીચેનો સફેદ ભાગ હિમથી ઘેરાએલો હોવાને કારણે જ્યારે યુ.એસ.કોસ્ટ ગાર્ડના વિમાને બચાવ કામગીરીના સભ્યો મોકલવા હવાઈ પરિક્ષણ કર્યું ત્યારે બેન્ગટનું નાનું પ્લેન જોવામાં આવ્યું નહિ.

બચાવ કામગીરીના સભ્યોના હવાઈ પરિક્ષણ પછી સૈન્યએ તેઓને પાછા બોલાવી લીધા ત્યારે બેન્ગટનો દિકરો બ્રૂસ જે એક સારો ખ્રિસ્તી વ્યક્તિ હતો તેણે અને એમ.એ.એફ.ના પાયલોટે સાથે મળીને બેન્ગટ પાસે પહોંચવા પ્રભુ તેઓને દોરવણી આપે તેવી તેમને વિનંતી કરી. તે દરમિયાન જમીન પર બેન્ગટ ખૂબ નબળો બનતો જતો હતો. અને તેણે પોતાના વિલંબ કરેલા કાર્યનો ફોટો પણ લીધો હતો, જેમાં તે પોતાના વ્હાલાંઓને નિસ્તેજ છતાં હસ્તા મુખે છેલ્લી સલામ પાઠવતા હાથ હલાવી રહ્યો હતો. તેમ છતાં ઈશ્વર પાસે બીજી યોજના હતી. જ્યારે બ્રૂસ અને તેનો મિત્ર હવાઈ પરિક્ષણ વખતે નીચે પડેલા પ્લેનની જગ્યા ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે વિમાનની નીચેની સફેદ ધાતુ ઉપર સૂર્યના કિરણોના પરાવર્તનને લીધે બેન્ગટનું સ્થિતિસ્થાન તેઓએ શોધી કાઢ્યું હતું.

શા માટે હું આ વાતનું વર્ણન કરું છું ? પછીના સમયે બેન્ગટે મને કહ્યું કે તે દસ દિવસો દરમિયાન તે ખ્રિસ્તના ભયાવહ ન્યાયાસન પાસે જીવ્યો હતો. જ્યારે પછીથી અમારી મુલાકાત થઈ ત્યારે તેણે મને કહ્યું કે, હિમાચ્છાદિત પર્વતોની ભેખળો ઉપર ઈશ્વર સાથે તે એકાંતમાં હતો ત્યારે પવિત્ર આત્માએ તેને ઈશ્વરની હાજરીમાં તેના ટૂંક સમયમાં અપેક્ષિત ઘરમાં બોલાવી લેવામાં આવશે તે રીતે પૃથ્વી પરના તેના જીવનનું વિહંગાવલોકન કરવાની મંજૂરી આપી. તેણે કહ્યું કે તે તો જાણે કે 'વિશ્વાસીઓના ન્યાયાસન' પાસે હતો જે સમય





અગાઉ તેની પાસે આવ્યું હતું. તેનું જીવન તેની સમક્ષ ખુલ્લું કરવામાં આવ્યું ત્યારે બેન્ગટે પોતાની સમર્પિત ખ્રિસ્તી સેવાના પોતાના વર્ષોનું મૂલ્યાંકન કર્યું. અને તેમાંનું કેટલું ખરેખર અનંતકાળ સુધી ટકશે તે વિશે વિચારવા લાગ્યો.

ખૂબ ગંભીરતા સાથે બેન્ગટે મને કહ્યું કે, તેને અનુભવ થયો કે મંડળીની બોર્ડ મિટીંગો, મિશનરી કાઉન્સીલ મિટીંગો અને મંડળીની તેની અનેક પ્રવૃત્તિઓ જો કે તેણે આનંદથી સ્વીકારી હતી છતાં તેણે ખરેખર તો પોતાના શારીરિક બળમાં તેના પોતાના તાલંતો અને કાર્યક્ષમતાઓમાં કરી હતી અને પવિત્ર આત્માના ભરપૂરીપણાના પરિણામે કરી નહોતી તેવો અહેસાસ તેને થયો હતો.

બેન્ગટે કહ્યું કે, તે દસ દિવસોમાં ઈશ્વરે તેને દર્શાવ્યું કે આવી "યોગ્ય" લાગતી પ્રવૃત્તિઓ કેવળ "ઘાસ અને ખૂંપરા" જેવી જ હતી. (આપણા જીવનના તે દિવસો અને કાર્યોનો ઉલ્લેખ કરતાં બાઈબલ જે રૂપકોનો ઉપયોગ કરે છે કે જે વિશ્વાસીઓ માટેના ન્યાયાસન આગળ અગ્નિમાં બાળી નંખાશે અને તેથી અનંતકાળ માટે તેની ગણના કરવામાં આવશે નહિ.)

બેન્ગટ માટે તે ભયાવહ અનુભવ તેના જીવનમાં ખરેખર જાગૃતિ લાવનાર અનુભવ બની ગયો. અમારામાંના જેઓ તેને પ્રેમ કરતા હતા અને ઘણાં વર્ષોથી તેને ઓળખતા હતા અને ઈશ્વરના કામમાં ઓતપ્રોત થવામાં તેના ઉત્સાહની ખૂબ પ્રશંસા કરતા હતા પણ તે હવે પછી આ બધાનો અર્થ શું થતો હતો તેની સમજણ મેળવી ચૂક્યો હતો. કારણ કે તેના હવે પછીના વર્ષો અર્થસભર બની ગયા, તેણે જ્યાં કંઈ સાક્ષી આપી ત્યાં તેના જીવન મારફતે તેની પોતાની કાર્યક્ષમતાઓ અને શક્તિઓના અર્થમાં નહિ પણ ઈશ્વરના આશીર્વાદ અને પરાક્રમના અર્થમાં એક નવી લહેર વહેતી થઈ.

**સઘળા વિશ્વાસીઓ** માટે તૈયાર કરેલા ન્યાયાસન સમક્ષ આપણે સર્વ ઊભી રહીશું. તે યાદ રાખવાનો ખ્રિસ્તીઓ માટે ગંભીર વિચાર છે. આ ન્યાયાસન ન્યાયના મોટા શ્વેત રાજ્યાસન વચ્ચે અવશ્યપણે ભેદ દર્શાવનાર છે. મોટું શ્વેત રાજ્યાસન એવું સ્થાન છે કે જ્યાં સઘળા અવિશ્વાસીઓનો ન્યાય થશે. અને અનંતકાળની શિક્ષા થશે, જ્યારે વિશ્વાસીઓ માટેનું ન્યાયાસન એવું સ્થાન છે કે જ્યાં વિશ્વાસથી નહિ કરવામાં આવેલું સઘળું બાળી નાખવામાં આવશે અને વિશ્વાસ સાથે કરવામાં આવેલું સઘળું ઈશ્વરના મહિમામાં સદાકાળ સુધી ટકશે. કારણ કે તેમણે પોતે કાર્ય કર્યું છે ! તે દિવસે ઘણાં ખ્રિસ્તીઓ એ જાણીને દુ:ખી થશે કે મંડળીમાં તેઓનું વ્યસ્તપણું અને ધાર્મિક ક્ષેત્રોમાં તેઓની ખ્યાતિ, જે તેઓના જીવન દરમિયાન તેઓને સંતોષ આપનારી હતી, તેને પ્રામાણિક આધ્યાત્મિક સેવા તરીકે ઈશ્વરની દૃષ્ટિમાં ગણવામાં આવશે નહિ.

## *કોરા કાગળો*

મારી આગળ સંપૂર્ણ સફેદ રંગના બે કાગળ છે. બંને કોરા કાગળ છે. કોઈપણ વ્યક્તિએ તેમાં લખાણ લખ્યું નથી કે તેમાં ચિત્ર દોર્યું નથી. જો તમે તેમાં દૃષ્ટિ કરો તો તમે તેમાં કોઈક વ્યક્તિના વિચારો છાપેલા જોઈ શકો નહિ. કે કોઈપણ સુંદર ચિત્ર જોઈ શકો નહિ. પરંતુ તેની સાથે સાથે કોઈનીય ભૂલ તેમાં જોઈ શકો નહિ ! તેમાં ન તો કોઈ સુંદરતા કે પછી ન તો કોઈ છેકો કે ડાઘ જોઈ શકો. **ફક્ત સફેદ કાગળો; તેનાથી કાંઈ વધારે કે સહેજેય ઓછું નહિ.**

તમારા અને મારા જીવનમાં અનેક દિવસો તે કોરા સફેદ કાગળો જેવા જ છે. જો કે એક વખતે તે પાપથી ખરડાયેલા હતા, પણ હવે ઈશ્વરની અદ્‌ભુત દયાના કારણે અને ઈસુના પ્રાયશ્ચિતના રક્ત





મારફતે વિશ્વાસી માટે જીવનના પ્રત્યેક પૃષ્ઠ શુદ્ધ કરવામાં આવ્યાં છે. તેમાં કશું જ રહ્યું નથી પણ તે ''હિમ કરતાં શ્વેત'' (યશાયા ૧ : ૧૮) જેવું છે. ખ્રિસ્તી તરીકે જ્યારે હું મારા જીવનના કેટલાંક પાના તરફ પછવાડે દૃષ્ટિ કરું છું ત્યારે મને દુ:ખ સાથે યાદ આવે છે કે બુદ્ધિચાતુર્ય મારફતે કે બુદ્ધિચાતુર્ય વિના મેં પાપ કર્યા હતા અને પવિત્ર આત્માને દુ:ખ પહોંચાડ્યું હતું. ઈસુના રક્ત વિના તો તે સફેદ પાનાઓ પાપના અને સ્વાર્થીપણાના વિકૃત ડાઘાઓ સાથે કાયમને માટે કલંકિત રહ્યા હોત. ઈશ્વરે કેવી અદ્‌ભૂત દયા અને કૃપા મારા પ્રત્યે દર્શાવી કે જેથી એક વખત તો પાનાઓ પાપથી ખરડાયેલા હતા પણ હવે હિમ સરખાં શ્વેત થયા છે ! **સફેદ કાગળો પરંતુ ઈશ્વરની સ્તુતિ થાઓ, કોઈ જ ડાઘ કે છેકો નહિ !**

તેમ છતાં મારે પણ એ ગંભીર વિચારને યાદ રાખવાની જરૂર છે કે, મારી મારફતે પવિત્ર આત્માએ જે કર્યું **નથી** તે અનંતકાળના લેખે ગણવામાં આવશે **નહિ.** પ્રેરિત પાઉલના શબ્દોમાં જીવનના તે દિવસોનું વર્ણન ''અગ્નિમાંથી બચેલા જેવા'' (૧ કરિંથી ૩ : ૧૫) કહી શકાય. જો કે મારા પાપો માફી આપનાર મારા ઈશ્વર દ્વારા ભૂંસી નાખવામાં આવ્યા છે તો પણ જ્યારે મારા જીવનમાંથી પવિત્ર આત્માનું કોઈ જ ભરપૂરીપણું ન હોય ત્યારે એવું કાંઈ જ સિદ્ધ થતું નથી જે અનંતકાળ માટે ગણતરીમાં લેવામાં આવે. **કોરા સફેદ કાગળો, પણ દુ:ખ સાથે તેનાથી કાંઈ જ વધારે નહિ !**

જો કે જીવનના કેટલાક પાનાઓ તો કાયમને માટે કોરા-સફેદ જ રહેશે. અન્ય કેટલાક પાનાઓ મનોહર, સુંદરતાના ભૂંસાય નહિ તેવા ચિત્રો નોંધવામાં આવશે - તેમના પોતાના પ્રેમના વિંધાયેલા હાથો દ્વારા તે પાનાઓને રંગેલા હશે - તે કાયમને માટે તેમને મહિમાવંત કરશે - પ્રત્યેક વિશ્વાસીને માટે આ મહિમાવંત પાનાઓ એ દિવસોથી

નોંધતા હશે કે જ્યારે આપણે ઉપલબ્ધ એવા પાત્રો મારફતે અનંતકાળીક ઈશ્વરને પોતાનું અનંતકાળીક કાર્ય કરવા માટે સમર્થ બનાવ્યા હતા. **હા, સફેદ કાગળો; પરંતુ ઈશ્વરની સ્તુતિ થાઓ, તે કરતાં પણ કાંઈક વધારે !**

## *વેડફેલા વર્ષો*

"આવો અને ભોજન કરો" એવું કહેનાર ઈશ્વર દ્વારા જેઓને દરરોજ આમંત્રણ આપવામાં આવ્યું છે તેઓ પોતાના પ્રભુ સાથે સદાકાળની ગહન સંગતનો આનંદ કરવા અને તારનારને પ્રસન્ન કરવાને બદલે પોતાના જીવનોના વર્ષોને વેડફી નાખે તે કેવું દુઃખદ છે.

જ્યારે હું ઉંમરવાન વ્યક્તિનો વિચાર કરું છું કે જેમણે જીવનના ઉપરછલ્લા આનંદ માટે વર્ષોને વેડફી નાખ્યા છે અને તકોને ગુમાવવાનું નુકશાન વેઠવા દ્વારા તેઓના તારણને જ કલંકિત કર્યું છે ત્યારે મારું અંતઃકરણ ખેદિત આનંદથી ભરાય જાય છે. મારો નવો જન્મ થયો તે પછી તરત જ તાજેતરમાં ખ્રિસ્તનો સ્વીકાર કરેલા એવા અન્ય કેટલાંક યુવાનો સાથે મળીને હું સ્થાનિક હોસ્પીટલમાં ધર્મસેવા માટે ગયો હતો. પ્રત્યેક પખવાડિયે શનિવારની રાત્રે અમે હોસ્પિટલમાં વોર્ડમાંથી કદી જ રજા મેળવવાના નથી એવી આશા ગુમાવી દીધેલા કેટલાંક ઉંમરવાન લોકોને સુવાર્તાનો સંદેશો પહોંચાડ્યો હતો અને તેઓ સાથે પ્રાર્થના કરી હતી. એક વિશેષ સાંજે હું એક ઉંમરવાન માણસની પથારી પાસે ગયો હતો અને અમે બીજી વખત શનિવારે રાત્રે મુલાકાત કરીશું તે અગાઉ તે મરણ પામ્યો હશે એવી વાત સાંભળીને હું લાગણીવશ થઈ ગયો હતો.

બાઈબલનો અમારો ટૂંકો સંદેશો સાંભળ્યા પછી તે લાગણીવશ થયો હતો અને તેની આંખોમાંથી વહેતાં આંસુ સાથે સંકોચ સાથે જાહેર કર્યું : "હું જાણું છું કે મારું તારણ થયું છે અને હું સ્વર્ગમાં જવાનો છું." મેં પ્રત્યુત્તર આપતાં કહ્યું, 'તે વાત અદ્‌ભુત છે." હું





વધુમાં કાંઈ બોલું તે અગાઉ તે ડૂસકાં ભરવા લાગ્યો, તે ડૂસકાં વધારે આનંદના નહિ પણ આંતરિક જખમના દુઃખ સાથેના ડૂસકાં હતા. ધીમા અવાજ સાથે તે ગણગણ્યો : "હા - પણ સંપૂર્ણપણે નહિ - તમે જુઓ છો કે હમણાં મેં ઈકોતેર વર્ષ પૂરાં કર્યાં છે અને મારા જીવનના સીત્તેર વર્ષો વેડફી નાખ્યા છે !"

તાજેતરમાં જ નવો જન્મ પામેલો હું તેનો શો પ્રત્યુત્તર આપી શકું ? મેં તેમને કેવી રીતે દિલાસો આપ્યો તે હું જાણતો નથી પણ મને યાદ છે કે તે રાત્રે હું ઘરે ગયો હતો, મારા ઘૂંટણો પર નમ્યો હતો અને પ્રભુને આવું કાંઈ કહ્યું હતું : "હે પ્રભુ, અત્યારે જીવનમાં હું ભવિષ્ય તરફ દૃષ્ટિ કરું છું પણ એક દિવસ આવશે કે જ્યારે હું ભૂતકાળનો વિચાર કરીશ. સ્વર્ગમાં આવવાનો મારો સમય થશે ત્યારે મારા જીવનના વર્ષો વેડફીને કેવળ તારણ પામેલા વ્યક્તિ તરીકે હું ત્યાં આવવા ઈચ્છતો નથી. આજે રાત્રે હું ફરીથી મારું જીવન તમને સોંપું છું. અનંતકાળ માટે તેને ધ્યાનમાં રાખવામાં આવે તેવું તેને બનાવશો એજ મારી પ્રાર્થના છે."

જૂના કરારમાં હબાક્કૂકે ચેતવણી આપી હતી કે, આપણી બધી જ શક્તિઓ ખર્ચી નાખવી અને પછી આપણે જે કર્યું તે વિસાત વિનાનું છે તેવું દુઃખ સાથે અનુભવવું શક્ય છે. જ્યારે તેણે પોતાના સમયના લોકોને માહિતી આપી, "ન્યાયી પોતાના વિશ્વાસથી જીવશે." (હબા. ૨ : ૪) ત્યારે તેણે તેઓને ચેતવણી પણ આપી કે જીવનની પ્રવૃત્તિઓમાં ઈશ્વર પર સંપૂર્ણ આધારિત બનવાના વિશ્વાસના સિદ્ધાંતનું જેઓ લાગુકરણ કરતા નથી તેઓ "અગ્નિને સારૂં શ્રમ કરે છે. (હબા. ૨ : ૧૩) ઈશ્વરથી સ્વતંત્ર રહીને પોતાના શહેરોની સ્થાપના જે લોકોએ કરી હતી તે કારણે રાખ અને તે સિવાય કશું જ બચ્યું નહોતું. આ પ્રમાણે આપણે જે કાંઈ કરીએ તે પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઉપર સંપૂર્ણપણે આધારિત નથી તો એક દિવસ ઈશ્વરની ભસ્મ કરનાર સમક્ષતામાં તે કશું જ ટકશે નહિ.

પછીથી નવા કરારમાં પાઉલ આજ રીતે ચેતવણી આપે છે.

*"પણ જો આ પાયા પર [પ્રભુ ઈસુ ખ્રિસ્તના પાયા પર] કોઈ સોનું, રૂપું, મૂલ્યવાન પાષાણ, કાસ્ટ, ઘાસ કે ખૂંખરા બાંધે; તો દરેકનું કામ [કેવું છે તે] પ્રગટ કરવામાં આવશે; કેમ કે તે દિવસ તેને ઉઘાડું પાડશે, કેમ કે અગ્નિથી તે પ્રગટ કરવામાં આવશે; અને દરેકનું નામ કેવું છે એ અગ્નિ જ પારખશે. કોઈએ તે [પાયા] પર જે બાંધકામ કર્યું હશે, તે જો ટકશે તો તેને બદલો મળશે. જો કોઈનું કામ બળી જશે, તો તેને નુકશાન થશે; પણ તે જાતે જાણે કે અગ્નિમાંથી બચેલા જેવો થશે." (૧કરિંથી ૩ : ૧૨-૧૫)*

દવાખાનામાં દાખલ થયેલો ઈકોતેર વર્ષની ઉંમરનો માણસ તારણ પામ્યાને લીધે હર્ષ અનુભવતો હતો પણ "અગ્નિમાંથી બચેલા જેવો" તે હતો તેનું તેને દુઃખ હતું. તેના જીવનના કાષ્ટ, ઘાસ અને ખૂંખરા જે અગ્નિ ભસ્મ કરનાર હતો તે જ અગ્નિ જેઓની મારફતે ઈશ્વરની પોતાની અવિનાશી ઈમારત સાથે બાંધવામાં પવિત્ર આત્માને સ્વતંત્રતા હતી તેઓના સોના, રૂપા અને મૂલ્યવાન પાષાણોને પણ શુદ્ધ કરશે.

### *સનાતન પ્રકાશ*

સનાતન ઈશ્વર પ્રત્યેક ખ્રિસ્તી જે ખ્રિસ્તને વળગી રહે છે, પોતાના વિશ્વાસનું જતન કરે છે અને પોતાના જીવનમાં ઈશ્વરના વચનનું લાગુકરણ કરે છે તેની મારફતે પોતાનું અનંતકાળીક કાર્ય કરશે. આવા વિશ્વાસીઓ પ્રત્યેક નવા દિવસને આશાસહિત આનંદ સાથે વ્યતિત કરવા તૈયાર થશે અને ખાતરીપૂર્વક સાક્ષી આપશે : "માટે કંપાવવામાં નહિ આવે એવું રાજ્ય પ્રાપ્ત કરીને આપણે (ઈશ્વરનો) ઉપકાર માનીએ, જેથી ઈશ્વર પ્રસન્ન થાય એવી રીતે આપણે તેની સેવા આદરભાવથી તથા ભયથી કરીએ." (હિબૂ.





૧૨:૨૮) ઈશ્વરની સાથેનો નિયમિત અને અસરકારક શાંત-સમય આપણા દેહના સામર્થ્યમાં નહિ પણ પવિત્ર આત્માના પરાક્રમમાં ચાલવા આપણને ઉત્તેજન પૂરું પાડશે.

એક દિવસ સઘળું શોધનાર એવા ઈશ્વરની પવિત્ર સમક્ષતાના પ્રકાશમાં જે લોકો જીવતા ઈશ્વરના કાર્ય માટે ઉપલબ્ધ સાધનો બન્યાં છે. તેઓ ભરપૂરપણે આનંદ કરશે. હા, જેમ આપણે દિવસે દિવસે તેમના લગ્નજમણની મેજ પાસે આવીએ છીએ તેમ ઈશ્વરનો પ્રકાશ અને પ્રેમ તેમની સાથેની પારદર્શક સંગતનો આનંદ લેવા આપણને આમંત્રિત કરે છે. આ રીતે આપણે અંધકાર અને સ્વાર્થથી ભરેલા જગતમાં તેમના પ્રકાશ અને પ્રેમની નહેર સમાન બનીશું.

## આધ્યાત્મિક તપાસ

૧. હું વર્તમાન સમયમાં જે રીતે જીવું છું તે રીતે સતત જીવતો રહું તો ખ્રિસ્તના ન્યાયાસન પાસે મારા જીવનમાં કોઈ ફળ જોવા મળશે ?

૨. હું પ્રાર્થના કરું છું ત્યારે સનાતન પ્રકાશ તરીકે હું ઈશ્વર પાસે આવું છું કે પછી સ્વર્ગમાં પ્રવેશવાના મારા વ્યક્તિગત લાભ તરીકે જ હું તેમની ગણના કરું છું ?

૩. હવે, શું મારે દાઉદની પ્રાર્થના કરવાની જરૂર છે : "તારા વચન પ્રમાણે મને જીવાડ." (ગીતશાસ્ત્ર ૧૧૯ : ૨૫) ?

*હે પાવન પ્રભુ ! તું તોડી દે મને*
*આ જિંદગીની રોટી; જેમ*
*સાગર નિકટ તેં તોડ્યા રોટી અનેકઃ*
*પાવન પાનની પાર દેખું*
*તને, પ્રભુ, દેખું હું તો*
*ઓ જીવંત વચન તને જ.*

*ઝંખે મારો આત્મા આ*
*છે તું જ રાહ જીવનતણી*
*પ્રભુ ! મારે કાજ,*
*તવ પાવન વચન સત્ય*
*સતત સંરક્ષે મને*
*દે રજા તજી સંગ સ્વર્ગે*
*જીવવાને આરોગવા*
*તવ સત્યને ચાહતા શીખવી દે.*

*કેમ કે તું જ સ્નેહ, સ્નેહ જ,*
*હે પ્રભુ ! મુજ પાસ દે ભેજી*
*તારા આત્માને, કે જેથી;*
*સ્પર્શે તે મુજ નેત્ર,*
*અને શીખવાડે નીરખતાં*
*તારા વચન ભીતર છુપેલાં*
*સત્યને દેખાડ આજ તું*
*અને તારા ગ્રંથમાં પ્રગટેલા*
*દેખું હવે પ્રભુને !*

*મેરી એન લાથબરી*



**પ્રકરણ ૮**

# આવો અને ભોજન લો

ગાલીલ સરોવરના રેતાળ કાંઠે ઈશ્વરના ઉત્થાન પામેલા દીકરા એકલા અને નોંધ લીધા વિનાના ઊભા હતા. થાકેલા શિષ્યોની આંખોએ તેમની ભવ્ય સમક્ષતાની આસપાસ વિંટળાયેલા સવારના ધુમ્મસને કારણે તેમને ન જોયા હોય તેવું સંભવિત હતું અથવા ઈસુના વધસ્તંભ પર થએલા ક્રૂર મૃત્યુના પરિણામરૂપે તેઓની આધ્યાત્મિક આંખો પર પડદો પડી ગયો હોય તેવું પણ શક્ય છે.

નિરાશ થએલા શિષ્યો કિનારાથી થોડે જ દૂર આવેલી માછલી પકડવાની નાની હોડીમાં જેમ તેમ કરીને એકઠાં થયેલા હતા. તેઓએ માછલી પકડવામાં હમણાં જ હતાશ કરે તેવી રાત્રી પસાર કરી હતી અને તે દરમિયાન એક પણ માછલી પકડાઈ નહોતી. જખમ ઉપર કોઈક મીઠું નાખતું હોય તે રીતે કોઈકે કહ્યું, “બાળકો, તમારી પાસે કાંઈ ખાવાનું છે ? ત્યારપછી કાંઠે દૂર ઊભેલા વ્યક્તિના હોઠોમાંથી બધા જ જાણી શકે તેવી સ્પષ્ટ આજ્ઞા આપી હતી : “હોડીની જમણી તરફ જાળ નાખો અને તમને મળશે.”

રાતના ઉજાગરાની મૂઢતામાંથી જાગૃત થઈને યોહાને પરિચિત અવાજને પ્રત્યુત્તર આપ્યો અને આનંદપૂર્વક જણાવ્યું : એ તો પ્રભુ છે ! પુનઃજીર્વિત આશા સાથે શિષ્યો પોતાના પ્રભુની દોરવણીને

આધીન થયા હતા અને તત્કાળ તેઓની જાળો માછલીના મોટા જથ્થાથી ભરાઈ ગઈ હતી ! પિત્તર સમુદ્રમાં કૂદી પડ્યો અને તરીને કિનારે આતુરતાપૂર્વક પોતાના માલિક પાસે આવ્યો. (યોહાન ૨૧:૧૧)

કિનારા ઉપર બીજું કોઈ નહિ પણ ઉત્થાન પામેલા મહિમાના પ્રભુએ પોતે કોયલાનો દેવતા સળગાવ્યો હતો. જ્યારે બધા જ શિષ્યો એકત્રિત થયા ત્યારે ઈસુએ માછલીઓમાંથી થોડી મંગાવી અને થોડી જ વારમાં તેમણે તૈયાર કરી અને શેકીને પોષણયુક્ત આહાર તૈયાર કર્યો. ભૂખ્યા છતાં આનંદિત એવા આ માણસોને ઈસુએ પોતાનું કૃપાવંત આમંત્રણ પાઠવ્યું હતું : "આવો નાસ્તો કરો." (યોહાન ૨૧:૧૨).

આ એજ કૃપાવંત આમંત્રણ બે હજાર વર્ષથી હાકલ કરી રહ્યું છે. પ્રતિ સવારે ઈસુ પ્રભુ તેમણે કાળજીપૂર્વક તૈયાર કરેલા સ્વર્ગીય ભોજનમાં આપણે ભાગીદાર થઈએ તે માટે અનંતતાના કિનારાઓ ઉપર ઊભા રહીને હજુય આમંત્રણ આપી રહ્યાં છે. હા, તે ઈશ્વર પોતે આપણા પ્રભુ અને તારનાર ઈસુ જેમણે કાળજીપૂર્વક આપણા માટે પ્રત્યેક દિવસનું ભોજન તૈયાર કર્યું છે, તે આપણા વિશ્વાસના આહાર છે; તે ઈશ્વરનું વચન છે, તે બાઈબલ છે.

ઈશ્વર સાથેના મારા શાંત-સમયમાં સામેલ થએલા વચન તરફ ફરું ત્યારે એક કે બે ક્ષણોમાં જ "તે સાંભળવા" માટે હું તમને આમંત્રણ આપીશ. આ વ્યક્તિગત પ્રાર્થના સમયની નોંધ કરવાનું કારણ **એટલું** જ છે કે, તમે "આવો અને ભોજન કરો." એવું કૃપાવંત આમંત્રણ આપનાર તમારા માલિકને તમે નિયમિત રીતે પ્રતિભાવ આપો ત્યારે તે તમારા માટે વ્યવહારિક ઉત્તેજન અને અમૂલ્ય સહાય આપનાર પૂરવાર થઈ શકે. બે સંપૂર્ણપણે ભિન્ન એવા સ્ત્રોતોમાંથી વાસ્તવિક જીવન





'ઈશ્વરની સમક્ષતામાં વ્યતિત કરેલો શાંત સમય' તમારી સમક્ષ પ્રસ્તુત કરવાની પ્રેરણા સાંપડી છે.

**પ્રથમ :** અગાઉના પ્રકરણોની હસ્તપ્રદ ધીરજપૂર્વક વાંચનાર મારા મિત્રએ મને આમ કરવું એ જ આ પુસ્તકનું યોગ્ય સમાપન છે. તેમ આગ્રહપૂર્વક જણાવ્યું હતું.

**બીજું :** વખતો વખત અનેક વર્ષોના સમય દરમિયાન મેં વિવિધ જૂથો અને મંડળીઓને એકત્રિત કરીને ઈશ્વર સાથેના શાંત-સમયમાં દોરવણી આપી હતી ત્યારે ઈશ્વરે કઈ વિશેષ રીતે લોકોને આશીર્વાદિત કર્યા તેની સાક્ષી આપવાની મને તક મળી છે.

આવા પ્રસંગોએ કોઈપણ વ્યક્તિ હાજર રહીને સહભાગી બની શકે; શાંત પ્રાર્થનામાં પવિત્ર આત્મા સિવાય કોઈનેય પ્રશ્ન પૂછી શકતો નથી. અને કોઈ જ ઉપદેશ કરવામાં આવતો નથી ! સંગતના પ્રત્યેક સમયે પવિત્ર આત્મા અમારા શિક્ષક બને તેની સાથે મળીને પ્રાર્થના કરવા દ્વારા અમે શરૂઆત કરી હતી. ત્યારપછી એક સાથે અમે બાઈબલનો પસંદ કરેલો ફકરો મોટા અવાજે વાંચતા. તે પછી અમે તે ફકરાના પ્રારંભમાં પાછા ફરતા અને સાથે મળીને તેની પ્રથમ કલમનું વાંચન કરતા. બીજી કલમ તરફ આગળ વધતાં પહેલાં ત્રીસ સેકન્ડ અમે શાંત રહેતા. તે શાંત સમય દરમિયાન પ્રત્યેક વ્યક્તિ અમે વાંચેલી કલમનું મનન-ચિંતન કરતી અને આ પ્રકરણમાં એવા કોઈ પ્રશ્નો આપેલા છે કે જેનો પ્રત્યુત્તર તે કલમ મારફતે આપી શકાય કે નહિ તેનો નિર્ણય કરતી. પ્રાર્થના અને મનના શાંત સમય પછી પ્રત્યેક વ્યક્તિ તે ભાઈ કે બહેનના અંતઃકરણમાં તે કલમનું લાગુકરણ પવિત્ર આત્માએ કઈ રીતે કર્યું છે તેની રજૂઆત સભા સમક્ષ કરવાને મુક્ત રહેતી. આ પછી પ્રત્યુત્તરની પ્રાર્થના સભામાં રજૂઆત કરી હતી તે

વ્યક્તિ દ્વારા કે સભાજનોમાંથી અન્ય કોઈક સભ્ય દ્વારા કરાવવામાં આવતી હતી.

**સ્વાભાવિક રીતે, ઈશ્વર સાથેનો સામૂહિક શાંત-સમય રાખવામાં આ પધ્ધતિ સૌથી વધુ લાભકારક છે તેમ હું માનું છું. જૂથ અભ્યાસમાં આ પુસ્તકનો ઉપયોગ કરનારા સર્વ વાંચકોને પણ હું આગ્રહભરી વિનંતી કરું છું કે, ઉપર દર્શાવેલા સૂચનોનું લાગુકરણ કરવાના હેતુ માટે આવનાર સમયમાં અનેક સભાઓની ગોઠવણ કરશો. [વધુ સહાય માટે પરિશિષ્ટ-ક માં પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા છે.]**

ઈશ્વર સાથેના સામુહિક શાંત-સમય(મનન)નો વિચાર પ્રથમ બ્રિટીશ સુવાર્તિક મરહૂમ થોમસ બી. રીઝ દ્વારા યંગ પીપલ્સ હોલીડે કોન્ફરન્સ સેન્ટરમાં જ્યાં ખ્રિસ્ત પર મેં વિશ્વાસ કર્યો હતો ત્યાં રજૂ કરવામાં આવ્યો હતો.

ટોમે અમારા પ્રત્યુત્તર માટે પ્રશ્નો પૂછ્યા હતા તેમાં ફેરફાર કરીને ઈશ્વરની સમક્ષતામાં શાંત - સમય (મનન) પ્રકરણમાં અગાઉ આપણે સૂચવી દીધા છે.

તે સમયથી લઈને ઘણાં લાંબા વર્ષો સુધી મેં આ રીતે અનેક સભાઓનું આયોજન કર્યું છે. તેમાં ઈશ્વરની સમક્ષતાની અસામાન્ય અનુભૂતિ થઈ છે. અને અનેક જીવનો તથા અંતઃકરણો સાથે પવિત્ર આત્માએ વ્યવહાર કર્યો છે. આ પ્રકારની સભા કેનેડાના વિક્ટોરીયામાં આવેલા બેપ્ટિસ્ટ ચર્ચમાં થઈ હતી તે પછી પાળકે ટીકાટીપ્પણી કરતાં કહ્યું, "મારી સમગ્ર ધર્મસેવાના સમય દરમિયાન મેં કદી જ ભાગ લીધો ન હોય તેવી આ સૌથી આશીર્વાદિત અને યાદગાર સભા હતી."

આ જ પ્રમાણે યરુશાલેમના જૂના શહેરમાં (આ સમય દરમિયાન કેટલાંક દિવસોએ મેં આ સિદ્ધાંતોનું શિક્ષણ આપ્યું હતું અને અન્ય





દિવસોએ ઈશ્વરની સમક્ષતામાં સામુહિક શાંત-મનનનું આયોજન કર્યું હતું.) આરબો માટે ક્રિશ્ચિયન એન્ડ મિશનરી અલાયન્સ ચર્ચમાં અનેક દિવસોની સભાઓ પછી કેનેડીયન બાઈબલ કોલેજના નિવૃત્ત પ્રિન્સીપાલ, જે તે સમયે આ પુરાણા શહેરમાં વસવાટ કરતા હતા તેમણે ટીકાટીપ્પણી કરતાં કહ્યું, "અમે યરુશાલેમમાં અહીં આ પ્રકારની વાસ્તવિક આધ્યાત્મિક જાગૃતિનો ઘનિષ્ઠ રીતે કદી જ અનુભવ કર્યો નથી !"

મંડળીની સભાઓમાં, ઘરની સંગતોમાં, બાઈબલ કોન્ફરન્સોમાં અને યુથ કન્વેન્શનોમાં આવનાર આ લોકોમાંના દરેકને આશીર્વાદિત કર્યા છે. અને સાથે સાથે ઈશ્વરના વચન પાસે વ્યક્તિગત રીતે આવવાનું પણ શીખવ્યું છે.

તેમ છતાં હું ઉલ્લેખ કરવાની ઈચ્છા રાખું છું કે જ્યારે મેં ઈશ્વર સાથેના મારા પોતાના શાંત-મનન સંબંધી લેખન કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે મેં અનુભવ્યું કે, ખાનગીમાં કે પછી જાહેર સભાઓમાં આ પ્રકારના આનંદનો અનુભવ કરવો તે કરતાં પ્રભુ સાથેની વ્યક્તિગત સંગતના મારા સમયની વાસ્તવિકતા, તેના ધબકારા અને તેની પ્રેરણાને પકડીને છાપેલા અક્ષરોમાં મૂકવું તે કાંઈક વધારે પડતું મુશ્કેલ છે.

આજે પ્રભુની સમક્ષતાના મારા શાંત-મનન (સમય)ની મુખ્ય બાબતો તમારા માટે નોંધવામાં ઈશ્વર મારી સહાય કરે તેવા કેટલાંક મૂળભૂત નિયમો મેં પોતાના માટે તૈયાર કર્યા જે નીચે મુજબ છે :

**પહેલું :** મેં બાઈબલમાંથી મનગમતા કે સૌથી જાણીતા ફકરાની પસંદગી કરતા પોતાને રોક્યો છે ! ઈશ્વરની સમક્ષતામાં મારા દૈનિક શાંત-સમય (મનન)માં હું કરિંથીઓને લખેલા પાઉલ પ્રેરિતના બીજા પત્રનું વાંચન કરું છું.

**બીજું :** નીચે નોંધવામાં આવેલો નિર્ધારિત આજનો શાસ્ત્રભાગ પ્રત્યેક કલમનો ખુલાસો આપવાનો ઈરાદો રાખતો નથી.

**ત્રીજું :** ઈશ્વરની સમક્ષતાના મારા શાંત-મનન (સમય)ના આ વર્ણનને શક્ય હોય તેટલો સ્વાભાવિક (અલૌકિક) બનાવવા પવિત્ર આત્માએ આજે મારા અંતઃકરણમાં જીવંત બનાવી છે તે કલમો હું તમારી સમક્ષ રજૂ કરીશ.

**ચોથું :** અગાઉ સૂચવેલા કેટલાંક પ્રશ્નોનો ઉપયોગ કરવા દ્વારા જ્યારે હું પ્રાર્થનાપૂર્વક ઈશ્વરના વચન ઉપર મનન કરતો હતો ત્યારે ઈશ્વરની વાણી મારા વ્યક્તિગત ધ્યાનમાં કેવી રીતે આવી તે હું તમારી સમક્ષ રજૂ કરીશ.

હું મારું મનન-ચિંતન તમારી સમક્ષ રજૂ કરું છું ત્યારે ઈશ્વર સાથેનો કોઈપણ શાંત-મનન (સમય) આતુરતાપૂર્વકનો વ્યક્તિગત અનુભવ હોય છે તે તમે સમજી શકશો. તમારી આજની પરિસ્થિતિ મારા જેવી જ એક સરખી નથી તે વિશે હું સજાગ છું. મારી આજની પરિસ્થિતિ છ મહિનાઓ પછી પણ એક સરખી જ રહેશે નહિ તે વિશે પણ હું સજાગ છું. તેમના મહાન પ્રેમમાં ઈશ્વર આપણે ક્યાં ગયા છીએ, કે પછી ક્યાં જઈશું, કે અન્ય વ્યક્તિ ક્યાં છે તે નહિ પણ આપણે જ્યાં છીએ ત્યાં આપણી મુલાકાત કરે છે, આપણે જ્યાં છીએ ત્યાં તે આપણી સાથે વાતચીત કરે છે ! તમે નીચેના વર્ણનનું વાંચન કરશો ત્યારે તમે મારા કરતાં સંપૂર્ણ ભિન્ન એવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા હશો. કારણ કે ઈશ્વર તમારી પોતાની જરૂરીઆતો અને પરિસ્થિતિઓના સંદર્ભમાં તમારી સાથે **વાતચીત કરશે.** આવો અને ભોજન કરો તેવું તમને પોતાને વ્યક્તિગત રીતે અને દરરોજ આપવામાં આવેલું પ્રભુ દ્વારા આમંત્રણ છે.





ચોક્કસપણે બાઈબલ આપણા અંતઃકરણો માટે ઈશ્વરનું **જીવંત** અને **પરાક્રમસભર** વચન છે. એટલું જ નહિ પણ તે આપણ પ્રત્યેક માટે તેમનું **વ્યક્તિગત** વચન છે ! **"કેમ કે ઈશ્વરનો શબ્દ જીવંત, સમર્થ છે...અને હૃદયના વિચારોને તથા ભાવનાઓને પારખનાર છે."** (હિબ્રૂ. ૪ : ૧૨). તેના કરતાં બીજં શું વધારે વ્યક્તિગત હોઈ શકે ?

આજના મારા બાઈબલ મનન-ચિંતનમાં હું બાઈબલ વાંચુ છું. હવે હું ૨કરિંથી અધ્યાય ૧ વાંચુ છું. તે સાંભળવા હું તમને આમંત્રણ આપું છું. મારી સાથે તમારું બાઈબલ ખુલ્લું રાખવા વિનંતી છે.

**અત્યારે સવારના ૫-૦૦ વાગ્યા છે. ઈશ્વર સાથે એકાંતમાં સમય પસાર કરવા મેં ઓરડીના દરવાજા બંધ કર્યા છે. અને મારું બાઈબલ ખુલ્લું કર્યું છે.**

ઈશ્વરની સમક્ષતામાં ખુલ્લું બાઈબલ અને ખુલ્લા અંતઃકરણ સાથે હું આવ્યો છું. ત્યારે આજે મારા જીવનની આસપાસ કેટલીક પરિસ્થિતિઓ વિંટળાયેલી છે :

- ડૉરોથી જે સતત સહન કરી રહી છે અને તેમાં વધારો થતો રહ્યો છે તે દુઃખાવા સંબંધી મારી વિશેષ ચિંતા છે. આ છેલ્લા અઠવાડિયાઓમાં તેમાં ઘણો વધારો થયેલો છે.
- આ પાનખર ઋતુમાં અમે આયોજન કરેલી ધર્મસેવાના કાર્યક્રમોને નિશ્ચિત કરવામાં તેણીની તંદુરસ્તી નિર્ણાયક પરિબળ બનશે કે નહિ તેની મને ચિંતા છે. ભૂતકાળમાં અમારી લાંબી કષ્ટદાયક મિશનરી મુસાફરીઓને કારણે મેં ડૉરોથીને સૌથી અસામાન્ય રીતે દુઃખ સહન કરતા નિહાળી હતી ત્યારે મેં તેણીને કહ્યું હતું, "ડૉરોથી, આ પ્રકારની પરિસ્થિતિમાં ફરીથી હું તને કદી જ લાવીશ નહિ." પણ છતાં એક યા બીજી રીતે ઈશ્વરે અમારી

સંયુક્ત ધર્મસેવા ઉપર પોતાના આશીર્વાદો રેડી દીધા છે. અને અમે એક સાથે એમ કહ્યું છે, "આ ખરેખર મહિમાવંત રીતે અર્થસભર રહ્યું છે !" પ્રભુ, આ સમય સંબંધી શું ?

- પાછલા દિવસોમાં કેન્યાની પરિસ્થિતિમાં ઈશ્વરે અમારી ધર્મસેવાનો ઉપયોગ કરવાનું પસંદ કર્યું તે વાત આજે પણ મારા અંતઃકરણમાં મહત્ત્વપૂર્ણ રીતે અંકિત થએલી છે. ત્યાં ફુગાવાનો દર ખૂબ ઊંચો હોવા સાથે પ્રદેશની સંપૂર્ણ પરિસ્થિતિ અત્યંત અસ્થિર છે. ત્યાં ખ્રિસ્તની વિશ્વાસુપણે સેવા કરનાર ઘણા સ્થાનિક સેવકો માટે અમે વધુ કંઈક કરવાની ઈચ્છા રાખીએ છીએ.
- ડૉરોથીના અને મારા બંનેના પક્ષે એવા કુટુંબના સભ્યો છે કે જેઓ કોઈના મૃત્યુથી નીપજેલી ખોટ અનુભવે છે અથવા ટૂંકી માંદગી ભોગવી રહ્યાં છે. અમારા જટીલ અને કેટલીક વખત અણધાર્યા કાર્યક્રમોને લીધે અને ડૉરોથીની ગંભીર તથા અત્યંત શારીરિક મર્યાદાઓને લીધે અમે પોતાને અસમર્થ તરીકે નિહાળીએ છીએ કે અમે તેઓની કેટલી બધી કાળજી રાખીએ છીએ તે વ્યવહારિક અર્થમાં તેઓને જણાવી શકતા નથી.

### *પ્રાર્થના*

*હે પિતા, આજે સવારે અસામાન્ય રીતે મને વહેલો ઉઠાડ્યો તે માટે હું તમારી સ્તુતિ કરું છું. હું માનું છું કે, તમે વિશેષ રીતે મારા અંતઃકરણ સાથે વાતચીત કરવાની ઈચ્છા રાખો છો એટલું જ નહિ પરંતુ આપણે સાથે વ્યતિત કરેલા સમય સંબંધી અને તમારા વચન મારફતે તમે મને જે કહો છો તે*





*વિશે તેઓ આવનાર દિવસોમાં સાંભળે ત્યારે તેઓ પ્રત્યેક વ્યક્તિ આશીર્વાદ પામે તેવી પણ તમારી ઈચ્છા છે.*

*પ્રિય પ્રભુ, હું જાણું છું કે, હું કેવળ તમારી સમક્ષતાથી સભાન હતો તેવા મારા મનના આ વર્ણન સંબંધી આગળ જતાં વાંચન કરશે તેવા લોકોને વીસરી જવાનું મારા માટે સરળ નથી. તેથી પણ આગ્રહ સાથે હું પ્રાર્થના કરું છું કે તમે મારા અંતઃકરણને, મારા મન-વિચારને અને મારી પેન્સીલને પારદર્શકતા, વાસ્તવિકતા સાથે અને તમારી સાથે વ્યક્તિગત નિકટતાના સાચા ભાવ સાથે અભિષિક્ત કરો.*

*હું તમારી સમક્ષતામાં ફરીથી ખાતરીપૂર્વક જાહેર કરું છું કે, મારું જીવન ઈશ્વરમાં ખ્રિસ્ત સાથે ગુપ્ત રખાયેલું છે. આવી અદ્ભુત ખાતરી માટે હું તમારો આભારી છું. પ્રિય પ્રભુ, હું તમારી સ્તુતિ કરું છું કે અહીં પૃથ્વી પર મારા હાથોએ લખાયેલી આ નોંધ મારા પોતાના દૃષ્ટિકોણ પ્રમાણે તો મનનો દુઃખદ ઝોક હશે. પણ સ્વર્ગમાં તમે મારા મહાન પ્રમુખયાજક છો. અને મારી પ્રાર્થનાઓ અને સ્તુતિ તમે પોતાના સંપૂર્ણ જ્ઞાન અને ઈચ્છા પ્રમાણે ઈશ્વરપિતાના રાજ્યાસન સમક્ષ રજૂ કરશો. તેથી આનંદ સાથે સ્વીકાર કરતાં હું આજે સવારે તમારા વચન તરફ ફરું છું. તમારા વચનની આશ્ચર્યકારક વાતો હું નિહાળી શકું માટે આજે તમે મારી આંખો ઊઘાડો.*

વ્હાલા વાચકો, આજે મેં ૨કરિંથી અધ્યાય એક ખુલ્લો કર્યો છે અને પછી આખો અધ્યાય ધીમે ધીમે મોટા અવાજે વાંચુ છું. હું આ સ્પષ્ટ અવાજ સાથે અને વિરામ લીધા વિના કરું છું. તમે પણ એવું

જ કરો તેવું આમંત્રણ હું તમને આપું છું.

એક કે બે મિનિટ અગાઉ આ રીતે મેં અધ્યાયનું વાંચન કર્યું ત્યારે ખ્રિસ્તના સેવક તરીકે પાઉલના નમૂનારૂપ વર્તન વિશે હું ખૂબ સભાન બન્યો હતો. હવે મને લાગે છે કે, પ્રભુ સાથેના મારા આજના સમયે આ પ્રશ્નનો પ્રત્યુત્તર મને મળશે. **શું આ કલમમાં અનુસરણ કરવા માટે કોઈ નમૂનો છે ?**

સમગ્ર અધ્યાયના મારા પ્રથમ વાંચનથી મારું અંતઃકરણ પાઉલના ઉમદા નમૂનાઓનું અનુસરણ કરવા માટે પવિત્ર આત્મા દ્વારા નમાવવામાં આવ્યું છે. હું મારા પ્રભુનો વધારે સારો સેવક બનવાની ઇચ્છા રાખું છું. હવે અધ્યાયની એક પછી એક કલમ ઉપર મનન-ચિંતન કરવામાં હું આગળ વધુ તે અગાઉ હું પ્રભુને તે વિશે જણાવીશઃ

### *પ્રાર્થના*

*પ્રભુ ઈસુ મેં હમણાં જ વાંચન કર્યું તેમાં પાઉલની સાક્ષીનો અહેસાસ થયો તેવા જ એકસરખા સંતોષ સાથે તમારા માટેની મારા જીવનની સેવા ઉપર હું પ્રામાણિકપણે ચિંતન કરવાની ક્ષમતા મેળવવાની ઇચ્છા રાખું છું. મારા જીવનમાં હજારો રીતે તમે પોતાના આશીર્વાદો રેડી દીધા છે. અને તેનો આભાર માનતા હું દુઃખ અનુભવું છું કે, અનેક વખત તે બધું જ જાણે કે એકતરફી હતું. તમારી સાથેની સંગત મેળવવા મારી પ્રામાણિક ઇચ્છાને અભિવ્યક્ત કરવાનો બોજ મારા અંતઃકરણમાં વધતો જાય છે. પરંતુ પછીથી જ્યારે તમે પોતાના દુઃખોની સંગતના સહભાગી બનવાની તક આપો છો ત્યારે હું નામર્દની માફક થરથર કાંપુ છું. આ કલમો ઉપર હું ફરીથી મનન-ચિંતન કરવાની શરૂઆત કરું છું ત્યારે*





*તમારી સમક્ષતા અને તમારા પરાક્રમથી મને ઢાંકી દો. અને જીવન પરિવર્તન કરે એવા નવા જીવનથી મારા જીવનને સ્પર્શ કરો કે, જેથી તમારા પોતાના પ્રેમાળ નામની ખાતર મારી સ્વાર્થી આદતો-શૈલી કાયમી અને ક્રાંતિકારી રીતે પરિવર્તન પામે તેવી વિનંતી છે.*

હવે હું આ જ અધ્યાયની એક પછી એક કલમ, એક વિચાર પછી એક વિચાર તરફ ફરીને તેનું વાંચન કરીશ. હું તેમ કરું છું ત્યારે હું સતત પ્રાર્થના કરતો રહીશ કે ઈશ્વર મારી પ્રાર્થનાઓના પ્રત્યુત્તરમાં જે સંદેશો મારા અંતઃકરણ સુધી પહોંચતો કરવાની ઇચ્છા રાખે છે તે હું ચૂકી ન જાઉં માટે પવિત્ર આત્મા મારી મદદ કરો. આ રીતે ઈશ્વર સાથે મારો દ્વિમાર્ગી વાતચીતનો પ્રારંભ થશે. હું પોતાને એ પણ યાદ કરાવું છું કે, પ્રત્યેક કલમ ઉપર હું મનન કરું છું ત્યારે મારી જાણીતી કોઈપણ કલમ છોડી દઈને ઉતાવળ નહિ કરવાની મારે અવશ્ય કાળજી રાખવી જોઈએ. આજે ઈશ્વર તે કલમને નવી અને વિશેષ રીતે મારા અંતઃકરણમાં જીવંત બનાવવાની ઇચ્છા રાખે છે તેવી પણ સંભાવના છે. તેથી હું પ્રશ્ન પૂછું છું : **શું આ ફકરામાં ઈશ્વરપિતા સંબંધી કોઈક નવો જ વિચાર છે ?**

### *વાંચન*

**કલમ-૩ :** "બાપ, જે કરુણાનો પિતા તથા સર્વ દિલાસાનો ઈશ્વર છે."

આજે મેં વિશેષ રીતે નોંધ્યું કે, ઈશ્વરના પિતૃત્વ સંબંધીનું આ વિધાન કલમ બીજીમાં ઈશ્વરના પિતૃત્વ સંબંધી મળતા અન્ય સંદર્ભ દ્વારા દર્શાવાયું છે. કલમ બીજીમાં મેં જે વાંચ્યું તેનો અનુવાદ આ રીતે થઈ શકે : "આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના ઈશ્વર તથા પિતા." તેનો

કેવળ વિચાર કરો. પ્રભુ ઈસુ ખ્રિસ્તના ઈશ્વર તથા પિતા કરુણા અને દિલાસો આપનાર મારા પણ પિતા છે. મારા દિલાસા માટે સ્વર્ગમાંના મારા પિતાએ પોતાની કૃપા અને શાંતિ મારા સુધી વહેતા કર્યા છે.

### *પ્રાર્થના*

*હે પિતા, આભાર અને સ્તુતિ સાથે હું તમારી સમક્ષ મારું મસ્તક નમાવું છું. હું તમારી 'કૃપા' માટે તમારો આભાર માનું છું. અનંતકાળ સુધી તમારી છે - એવી તમારી 'શાંતિ' તમે મારા અંતઃકરણમાં વહેતી કરી છે. તમારી કૃપા મારફતે - શાંતિ, સ્વસ્થતા અને સાતત્યતા જે તમે છો તેમાં સદાકાળનું સ્થાન ધરાવે છે તે આજે મારાં બન્યાં છે ! હાલેલૂયા ! તમારા પવિત્ર આત્મા દ્વારા મારા ગભરાટ અનુભવતા અંતઃકરણમાં કાર્ય કરો એવી હું પ્રાર્થના કરું છું. હું તમારી પવિત્ર સમક્ષતામાં નમ્યો છું ત્યારે મારા જીવનને તમારી પ્રગાઢ શાંતિથી અને તમારી પોતાની હાજરીની શાંતિથી ભરપૂર કરો એ જ મારી પ્રાર્થના છે.*

### *વાંચન*

**કલમ-૪ :** *તે અમારી સર્વ વિપત્તિમાં અમને દિલાસો આપે છે, જેથી અમને પોતાને ઈશ્વર તરફથી જે દિલાસો મળે છે, તે વડે જેઓ ગમે તેવી વિપત્તિમાં હોય તેઓને અમે દિલાસો આપવાને શક્તિમાન થઈએ.*

પાઉલની આ સાક્ષી ઉપર હું મનન-ચિંતન કરું છું ત્યારે પોતાના સ્વર્ગીય પિતા પાસેથી તેણે પ્રાપ્ત કર્યો છે તે 'દિલાસા'ના સંદર્ભમાં તેણે ઉપયોગ કરેલા બીજાં કેટલાંક શબ્દો મારા ધ્યાનમાં આવ્યા. તે શબ્દો "વિપત્તિ", "સંકટો", "દુઃખો" અને "મરણદંડ" છે. પવિત્ર





આત્મા એ હકીકત તરફ મારું ધ્યાન દોરતા હોય તેવું મને લાગ્યું કે, 'દિલાસા'ના સામાન્ય વિચારમાંથી આ અનુભવો ઘણા દૂર કરવામાં આવ્યા છે.

હું આગળ વાંચુ છું ત્યારે મારા ધ્યાનમાં આવે છે કે પાઉલ પણ સાક્ષી આપે છે કે, જીવનની સઘળી મુશ્કેલીઓને એક ચોક્કસ હેતુ માટે ઈશ્વર દ્વારા મંજૂરી આપવામાં આવે છે : કે આપણે પોતાની શક્તિઓ પર નહિ પણ મૂએલાંઓને જીવતાં કરે છે તેવા ઈશ્વરમાં ભરોસો રાખવો જોઈએ. મેં અવલોકન કર્યું કે, કલમ ચારમાં ઈશ્વર પોતાનો દિલાસો પાઉલને આપવાની ધર્મસેવા કરે છે તેનું કારણ પાઉલ દિલાસો પામે એટલું જ નહોતું પણ તે અન્યને દિલાસો આપનાર બને તે હતું. આ એક વિચાર માટે મારે પ્રાર્થના કરવી આવશ્યક છે !

### *પ્રાર્થના*

*હા, પ્રભુ તમે મારા જીવનના તે સમયોને જાણો છો કે જ્યારે હાનિ પામેલા લોકાને દિલાસો અને શાંત્વન આપવાની હું પ્રામાણિક ઈચ્છા રાખતો હતો. ડૉરોથી પોતાના શરીરમાં સતત અને તીવ્ર માંદગીનો અનુભવ કરી રહી છે ત્યારે તેણીને તમારો દિલાસો આપવાની ધર્મસેવા કરવાની મારી ઈચ્છા હતી.*

*લગભગ અનેક વખત મેં તેણી પાસેથી ઘણી બધું મેળવ્યું છે અને તેણીને દિલાસો અને શાંત્વન આપવા માટે તમારી કૃપા અને શાંતિની ધર્મસેવા મેં ભાગ્યે જ કરી છે તેવું મને લાગે છે. મારી સ્વાર્થી રીતો માટે મને ક્ષમા કરો અને સેવા કરાવવા નહિ પણ સેવા કરવા માટેની નવીન ઈચ્છાથી મને ભરી દો.*

*એકલવાયા અને મુશ્કેલ પરિસ્થિતિમાં જીવન જીવે છે તેવા હાનિ પામેલા લાખો લોકો, જેઓમાં ભૂખમરો, રોગચાળો અને મરણ વ્યાપક બનેલાં છે તેઓનો વિચાર પણ કરું છું ત્યારે તમારી કૃપા અને શાંતિ મારા અંતઃકરણમાં એટલી બધી વિસ્તૃત થાય કે મારા જીવનમાં તમારી સમક્ષતા દૃશ્યમાન બને અને તે અન્યોના બોજ ઊંચકવામાં તથા આવી ભયજનક સ્થિતિમાં વસવાટ કરે છે તે લોકોને દિલાસો આપવામાં તેનો ઉપયોગ થઈ શકે તેવી મારી પ્રાર્થના છે.*

*વળી પ્રભુ ઈસુ, હું પ્રાર્થના કરું છું ત્યારે હું વધારે સ્પષ્ટતાપૂર્વક સમજી શકું છું કે તમારો દિલાસો જીવનની પ્રત્યેક મુશ્કેલીમાં સહાય કરે છે. પછી ભલેને તે ખૂબ કઠિન કેમ ન હોય. અને તમારા પ્રેમાળ અંતઃકરણ દ્વારા તેને મંજૂરી મળી છે કે જેથી હું મારી પોતાની શક્તિઓ પર નહિ પણ તમારામાં ભરોસો રાખી શકું.*

હવે આ તબક્કે ઈશ્વરનું વચન મારા માટે વેધક પરાક્રમ ધરાવનારું બને છે. પાઉલને પણ તેના સ્વનિર્ભરપણામાંથી સુધારવા મુશ્કેલીઓની નિસ્તેજ યાદી દ્વારા તેની ધર્મસેવા કરવામાં આવી હતી તેવું મેં અનુભવ્યું. તો પછી ઈશ્વર મારા અભિમાનને દૂર કરવા મૂંઝવણ અને વિપત્તિઓને મંજૂરી આપવા દ્વારા મારી પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપવાનું તેમના પ્રેમમાં પસંદ કરે તો શા માટે મારે ફરીયાદ કરવી જોઈએ ?

### ***પ્રાર્થના***

*હા, પ્રભુ મારા જીવનમાં પ્રેમની તમારી ધર્મસેવા માટે હું*





*તમારો આભાર માનું છું. જો કે અન્ય લોકો વાંચન કરે તે માટે આ પ્રાર્થનાની નોંધ કરવી મુશ્કેલ છે. તો પણ પાઉલ જેઓના ઉપર પ્રેમ કરતો હતો તેઓ સમક્ષ પોતાના અનેક ઘણા સંકટો સંબંધી પારદર્શક હતો તેથી મને ઉત્તેજન મળ્યું છે. તેણે પોતાની સાક્ષી જીવનની સારી વસ્તુઓ સુધી જ સીમિત રાખી નહિ. તેથી આજે મારા હૃદયના અભ્યંતરમાંથી તમારા પ્રત્યેની મારી સેવામાં અનુભવેલી પ્રત્યેક એકલવાઈ ક્ષણોને માટે હું તમારી સ્તુતિ કરીશ. કારણ કે પ્રત્યેક અઘરા સમયોને તમે મારા જીવનમાં આવવાની મંજુરી આપી, એવા દરેક સમય કે જ્યારે મારા સંબંધી ગેરસમજણ થઈ, મારા જીવનની પ્રત્યેક મૂર્ખાઈ અને પાપમય ગંભીર ભૂલો થઈ, પ્રત્યેક કચડી નાખનારી પરિસ્થિતિમાં હું નિષ્ફળ ગયો તેનું કારણ એટલું જ હતું કે, તમારા પર વિશ્વાસ કરવાને બદલે મેં પોતાની શક્તિઓ પર ભરોસો રાખ્યો હતો. હવે પ્રભુ ઈસુ તમારી પવિત્ર હાજરીમાં હું પાઉલ સાથે ખાતરીપૂર્વક કહું છું કે, હું મારા પોતાના પર નહિ પણ તમારા ઉપર ભરોસો રાખીશ.*

*પ્રભુ, એક દિવસે મેં પાઉલના શબ્દો વાંચ્યા હતા : અમારી પૂર્ણતા તો પ્રભુથી છે. આજે સવારે વિશ્વાસ સાથે હું ખાતરીપૂર્વક કહું છું કે, તમે અને તમે એકલા જ મારી પર્યાપ્તતા છો. વ્હાલા પ્રભુ, બાઈબલના શબ્દો મારી સમક્ષ ખુલ્લા છે. હું તમારી સ્તુતિ કરું છું કે, **મારા પોતાપણામાંથી** - તમે મને છોડાવ્યો છે. અને **તમે** મને છોડાવતા રહ્યાં છો. અને ભવિષ્યમાં પણ **તમે** છોડાવશો. આવા મહાન તારણ માટે પ્રભુ ઈસુ **તમારો** આભાર.*

*હવે પ્રભુ, તમારા દિલાસાથી પવિત્ર આત્મા મારા અંતઃકરણને સમર્થ બનાવે છે ત્યારે આજે તમે વ્યવહારિક અને પ્રેમાળ રીતે જેઓને તમારા પ્રેમની જરૂર છે તેઓનો મને આજે ભેટો થાય તેઓને તમારી સહાય અને દિલાસો આપી શકું માટે મારો ઉપયોગ કરો. તેવી અપેક્ષા સાથે મારી વિનંતી છે !*

### *વાંચન*

**કલમ - ૧૧ :** *"તમે પણ તમારી પ્રાર્થનાથી અમને સહાય કરજો કે ઘણાં માણસો....*

જો ઘણાં માણસો પાઉલને માટે ઈશ્વર સમક્ષ પ્રાર્થના કરતા ન હોત તો તેની ધર્મસેવા કેવી હોત તે વિશે મને વિચાર આવે છે. તેવી જ રીતે મારા અનેક મિત્રો જેઓ સાથે મળીને પ્રાર્થના કરે છે તેઓની હાજરી ન હોત તો આજે હું ક્યાં હોત તેવો મને વિચાર આવે છે.

### *પ્રાર્થના*

*હે ઈશ્વરપિતા, ડૉરોથી અને મારા માટે તમારા વ્હાલા અનેક બાળકોના અંતઃકરણમાં તમે બોજ મૂક્યો છે. અને તેમ કરવામાં હું તમારા મહાન પ્રેમને કળી શકતો નથી. આવા મહાન પ્રેમ માટે હું કઈ રીતે તમારા પ્રત્યે મારી આભારની લાગણી વ્યક્ત કરી શકું ?*

હવે, હું આ મિત્રોમાંના કેટલાંકને મધ્યસ્થીની પ્રાર્થનામાં ચોક્કસપણે ઈશ્વરની સમક્ષ લાવું છું. હું આ પ્રમાણે કરું છું ત્યારે પવિત્ર આત્મા મારા પોતાના અંતઃકરણ અને જીવનમાં જે અસર કરી રહ્યા છે તેના વચનના પ્રકાશમાં હું તેઓ માટે પ્રાર્થના કરવાનો પ્રયત્ન કરું છું. અને તેઓ ઈશ્વર પર સંપૂર્ણપણે ભરોસો રાખે છે ત્યારે





તેઓના અંતઃકરણો અને જીવનોમાં ઈશ્વર પોતાનો દિલાસો (સામર્થ્ય) આપે તેવી તેમને વિનંતી કરું છું."

### *વાંચન*

**કલમ : ૧૫, ૧૭-૧૮ :** *તમારી પાસે આવવાનું મન હતું....જે કરવાનો હું મનસૂબો રાખું છું તે શું સાંસારિક કારણોને લીધે રાખું છું ....? અમારું બોલવું હાની હા ને નાની ના એવું નહોતું."*

હું આ વિચારની ગતિવિધિ વિશે મનન કરતો હતો. પાઉલે સાક્ષી આપી હતી કે બીજી વખત કરિંથ જવાનો તેનો હેતુ એટલો જ હતો કે તે જેઓને પ્રેમ કરતો હતો તેવા સંતોને તે 'દિલાસો' અને 'શાંત્વન' અને 'લાભ' આપવાની ધર્મસેવા કરે તેઓ પાસેથી કાંઈક મેળવવા માટે ત્યાં જવાની તે ઈચ્છા રાખતો નહોતો, બલકે તે તેઓને આપવાની ઈચ્છા રાખતો હતો. તેણે પોતાની મુસાફરીનું આયોજન ગંભીરતા વિના કર્યું નહોતું. તે વિશે પણ તેણે સાક્ષી આપી હતી. (તેની મુસાફરીનો ખર્ચ કોણ ચૂકવશે અને તેના જવામાં ખર્ચનો કોઈ જ ઉલ્લેખ નહોતો તેની મેં નોંધ કરી છે.) કરિંથ જવાના તેના નિર્ણયમાં ચોક્કસપણે કોઈ જ વ્યક્તિગત લાભ સમાયેલો નહોતો.

### *પ્રાર્થના*

*તમારા આત્મા દ્વારા અને તમારા વચન મારફતે પ્રિય પ્રભુ, તમે મારા અંતઃકરણમાં રહેલા કોઈપણ અયોગ્ય હેતુઓ વિશે મને જણાવો, કે જેથી આવનાર આ પાનખર ઋતુમાં મારે કઈ જગ્યાએ ધર્મસેવા કરવી જોઈએ તે સંબંધી તમારી શું ઈચ્છા છે તેનો હું નિર્ણય કરું ત્યારે તમારા પવિત્ર આત્માના કાર્યને હોલવનાર એવો હું ન બનું. મારા પ્રભુ, મને લાગે છે કે, પાઉલે પોતાની મુસાફરીની યોજનામાં પરિવર્તન કરવાનો*

*અસામાન્ય નિર્ણય કર્યો ત્યારે કરિંથના ખ્રિસ્તીઓમાં ગેરસમજણ થઈ હતી તો પણ તમારા આત્માની દોરવણી દ્વારા જ તેણે સમજણ મેળવી હતી. પરંતુ પ્રભુ તમારો આભાર માનું છું કે, પાઉલે હા કહ્યું હતું. અને પછી પોતાના પ્રયાસ માટે તેણે નાનો પ્રત્યુત્તર આપવાનું પરિવર્તન કર્યું હતું. તો પણ વચનના તેના ઉપદેશમાં તેણે કદી જ હા અને પછી ના કહ્યું નહોતું, કારણ કે ખ્રિસ્તમાં હંમેશાં હા અપરિવર્તનીય અને અનંત હોય છે. પ્રભુ તમારા અંતઃકરણમાં કોઈ જ વિકાર નથી; પાઉલે જે વચનનો ઉપદેશ કર્યો હતો તેની કસોટી તમારા દ્વારા કરવામાં આવી છે. હે પ્રભુ, મારા વિશ્વમાં - મારું વિશ્વ જ્યાં પરિસ્થિતિઓ ઝડપભેર બદલાતી રહે છે, જ્યાં આયોજનો કરવામાં આવે છે ખરા પણ કેટલીક વખત તેમાં પરિવર્તનો થાય છે તેવા મારા વિશ્વમાં આ અચળ ખડક બનવા બદલ હું તમારો આભાર માનું છું. પ્રભુ, મારે તમારી યોજનાઓ જાણવાની જરૂર છે. અનુકૂળતાઓમાંથી અથવા તક સાધવામાંથી ઉદ્‌ભવતા નિર્ણયોમાંથી મારો બચાવ કરો. પ્રતિદિન તમારી સાથે સંગતમાં જીવન જીવવા મારી સહાય કરો એવી મારી પ્રાર્થના છે.*

## ***વાંચન***

***કલમ - ૨૦ :*** *કેમ કે ઈશ્વરનાં વચનો ગમે તેટલાં હશે, તો પણ તેનામાં હા છે, અને* ***અમારી મારફતે*** *ઈશ્વરનો મહિમા વધે એ માટે તેના વડે આમેન પણ છે.*

---

★ મધ્યસ્થીની પ્રાર્થના કરવામાં તમને સહાયરૂપ થાય તેવા વધુ સૂચનો માટે "દૈનિક પ્રાર્થનાસૂચિ" (પૃષ્ઠ નં. ૧૭૦) જુઓ.





હું અવલોકન કરું છું કે, ઈશ્વરના વચનો "આપણી મારફતે" વ્યક્તિગત બને છે. હું પ્રશ્ન કરું છું : **આ કલમોમાં શું એવું કોઈ વચન છે જેનો દાવો હું કરી શકું ?**

## **પ્રાર્થના**

*પ્રભુ શું અમારી મારફતે ? ઈશ્વરના વચનો - અમારી મારફતે!* ***ખ્રિસ્તમાં*** *ઈશ્વરના વચનો (Promises) ?* ***ખ્રિસ્તમાં ઈશ્વરના સઘળા વચનો,*** *પ્રભુ ? હા, પ્રભુ તમારો આભાર. આજે સવારે તે માટે તમારી પવિત્ર હાજરીમાં હું મારી પોતાની હા અને આમેન નોંધવાની ઈચ્છા રાખું છું. પ્રભુ ! હે ઈશ્વર,* ***ખ્રિસ્તમાં તમે*** *મને આપ્યું છે તે* ***સઘળાની*** *હું સમજણ મેળવી શકતો નથી. ખરેખર વ્હાલા પ્રભુ, તમારા વિના મારું જીવન કેવું ખાલીખમ હશે તેની હું કલ્પના કરી શકતો નથી. આજે પ્રભુ ઈસુ, દિવસની તકો, તેની કસોટીઓ અને તેના નિર્ણયોની માંગનો હું સામનો કરું ત્યારે મારે જેની જરૂર છે તે સઘળું તમે જ છો તેવું હું જાહેર કરું છું.*

હવે જ્યારે મારા અંતઃકરણમાં મેં તેમની ઊભરાતી શાંતિનો અનુભવ કર્યો છે ત્યારે મારા પ્રભુની સ્તુતિ અને આરાધના કરવામાં થોડો સમય પસાર કરું છું. મારી પ્રાર્થના વિનંતીઓના ચોક્કસ પ્રત્યુત્તરો હું જાણતો નથી. છતાં તેની ખરેખર કાંઈ જ ચિંતા કરવાની જરૂર નથી. કારણ કે મારા અંતઃકરણમાં ઈશ્વરની શાંતિ છે. મારા પ્રભુ સાથે મેં અર્થપૂર્ણ રીતે શાંત-મનન કર્યું છે. પ્રભુની સ્તુતિ થાઓ! હવે આજના દિવસનો પ્રારંભ કરું છું ત્યારે ઈશ્વરે તેમના વચનમાંથી

મને અમૂલ્ય ખોરાક આપ્યો છે જેના ઉપર પછીના કલાકોમાં મારે જે વાતોનો સામનો કરવો પડશે તેમાં હું મારા મન-વિચાર અને અંતઃકરણમાં તેનું ચિંતન કરી શકીશ.

તેથી આપણે સતત યાદ રાખીએ કે પ્રતિ સવારે પ્રથમ અને મૂળભૂત ફરજ આપણે પ્રત્યેકે અદા કરવાની છે તે આ છે : ‘‘ઈશ્વરની સમક્ષ આપણા આત્મામાં આનંદિત સ્થિતિમાં આવીએ.’’

પ્રત્યેક દિવસે પ્રભુ ઈસુ પોતે તમને વ્યક્તિગત રીતે તેમનું આમંત્રણ આપે છે તે જાણવું કેટલું અદ્‌ભુત છે. તમારું નામ દઈને તે તમને બોલાવે છે. **‘‘આવો અને ભોજન કરો.’’** તેવું કૃપાવંત આમંત્રણ તે તમને આપે છે.

અપરિવર્તિત અન્ય નહિ સદાય તકતું,
પાડે સાદ તને તે સહુને તું તારે.
શોધે સદા તને ને સહુ ને તું ભલો.
પામે તે સહુને તે, તો સર્વસ્વ.

ઓ જીવંત રોટી અમે ચાખીએ તને
અને હજીય ઝંખીએ તવ મિજબાની,
હે ઉદ્‌ભવ સ્થાન જમતા, તને જ અમે પીએ.
અને અમ આત્મની તૃષા તું જ છીપાવી દે.

ક્લેર્વોક્સના બર્નાડ



## પરિશિષ્ટ-ક

**નોંધ :** જો કે નિશ્ચિત બાઇબલ અભ્યાસ પ્રતિ દિવસે સંપૂર્ણપણે અત્યાવશ્યક નથી પરંતુ તમારી આધ્યાત્મિક વૃધ્ધિ માટે ઈશ્વરની સમક્ષતામાં શાંત-મનન (સમય) આજ્ઞારૂપે છે.

### *બાઈબલ અભ્યાસ*

તમે બાઇબલના જે ફકરાઓનું વાંચન કરશો તેના સંબંધમાં તમે પૂછી શકો એવા કેટલાંક પ્રશ્નો અહીં આપેલા છે. કે જેથી તમે સાચે જ અર્થપૂર્ણ રીતે નિશ્ચિત બાઇબલ અભ્યાસ કરી શકો :

બાઇબલનો ફકરો કઈ વ્યક્તિ વિશે વાત કરે છે ?
બાઇબલનો ફકરો કોને પ્રત્યક્ષ રીતે ઉદ્દેશે છે ?
લેખક કયા વિશેષ શબ્દોનો ઉપયોગ કરે છે ?
આ કલમોનું લેખન કયા સમયે થયું ?
કયા સ્થળેથી આ લેખન કરવામાં આવ્યું ?
કયા હેતુ માટે આ કલમોનું લેખન થયું ?
કઈ પરિસ્થિતિમાં આ કલમોનું લેખન થયું ?

આ ફકરો આગળ જે કહેવામાં આવ્યું છે તેની સાથે અને આ ફકરા પછી જે લખવામાં આવ્યું છે તેની સાથે કઈ રીતે બંધબેસે છે.

*ઈશ્વર તારા કાર્યની પરીક્ષા કરે. ત્યારે જેને શરમાવાને કોઈ કારણ ન હોય, એવો વિશ્વાસુ સેવક બન. ઈશ્વર તને શાબાશી આપે એવો સખત પરિશ્રમ કર અને ઈશ્વરનાં વચનોનો અર્થ સમજ. (૨ તિમોથી ૨ : ૧૫).*

## *ઈશ્વરની સમક્ષતામાં શાંત-મનન (સમય)*

તમારા દરરોજના બાઈબલ વાંચનમાં તમે પ્રત્યેક કલમ ઉપર મનન-ચિંતન કરો છો ત્યારે તમે પૂછી શકો એવા કેટલાંક પ્રશ્નો અહીં આપેલા છે :

**શું આ કલમમાં :**

નકાર કરવા જેવું કોઈ પાપ છે ?

સ્વીકાર કરવા જેવી ચેતવણી છે ?

આધીન થવા જેવી આજ્ઞા છે ?

અનુસરણીય સારો નમૂનો છે ?

દૂર રહેલા જેવો અયોગ્ય નમૂનો છે ?

ઈશ્વર પિતા સંબંધી નવો વિચાર છે ?

ઈશ્વર પુત્ર સંબંધી નવો વિચાર છે ?

ઈશ્વર પવિત્ર આત્મા સંબંધી નવો વિચાર છે ?

શેતાનના વ્યક્તિત્વ સંબંધી નવી આંતરસૂઝ છે ?

શેતાનના ક્રૂર લક્ષ્યાંકોની નવી આંતરસૂઝ છે ?

શેતાનની કપટયુક્ત તરકીબોની નવી આંતરસૂઝ છે ?

*પણ તમે વચનના પાળનારા થાઓ, પોતાને છેતરીને કેવળ સાંભળનારા જ નહિ. પણ જે છૂટાપણાના સંપૂર્ણ નિયમમાં નિહાળીને જુએ છે અને તેમાં રહે છે, જે સાંભળીને ભૂલી જનાર નહિ, પણ કામ કરનાર થાય છે, તે જ માણસ પોતાના વ્યવહારમાં ધન્ય થશે. (યાકૂબ ૧ : ૨૨, ૨૫)*





## દૈનિક પ્રાર્થના સૂચિ

અમારી દરરોજની મધ્યસ્થીની પ્રાર્થનામાં મારી પત્ની ડૉરોથી મને મદદરૂપ થાય માટે અમે દૈનિક શ્રેણીનું અનુસરણ કરવાનો યત્ન કર્યો જેનું સૂચન સુવાર્તિક થોમસ બી. રીઝ દ્વારા ખ્રિસ્તમાં મારો નવો જન્મ પચાસ વર્ષ અગાઉ થયો હતો તે સમયે તેમણે પ્રથમ કર્યો હતો. અંગ્રેજી ભાષા પ્રમાણેની શ્રેણીમાં M એટલે મિશનરીઓ એ મુજબ.

ઈશ્વરના વચન વડે અમારા આત્માઓને પોષણ આપ્યા પછી અને અમારા હૃદયમાંથી ઈશ્વરના હૃદયમાં પહોંચે તેવી રીતે પ્રાર્થના કર્યા પછી વિનંતીઓ રજૂ કરતી પ્રાર્થના દૃશ્ય સ્વરૂપ ધારણ કરે છે. ઉપરછલ્લી રાબેતા મુજબની દૈનિક પ્રાર્થના કરતાં અન્ય માટેની વિનંતીઓ માટે આભારસ્તુતિ, મધ્યસ્થી અને કાળજીનો લંબાવેલો અને તાજગીભર્યો સમય બને છે. જો કે આ રીતે પ્રાર્થનાની વિનંતીઓની યાદી લેખિત સ્વરૂપમાં આપણી પાસે રહેતી નથી. પણ આપણે પવિત્ર આત્મા તેઓની જે કાંઈ તત્કાળ જરૂરીઆતો છે તે સઘળી પ્રાર્થનામાં સમાવીને આપણા પ્રાર્થનાના સમયને વિસ્તારે એવો ભરોસો તેમના પર રાખીએ છીએ.

*કોઈપણ બાબતની ચિંતા ન કરો, પણ દરેક બાબત માટે*
*પ્રાર્થના કરો અને તમારી માંગણીઓ ઈશ્વરને જણાવો.*
*જવાબ મળતાં પ્રભુનો આભાર માનો. (ફિલિપી ૪ : ૬)*

નોંધ : **દૈનિક પ્રાર્થના સૂચિનું** અનુસરણ વ્યક્તિગત સ્વરૂપની વિનંતીઓ માટે પ્રાર્થના કરવી અથવા દૈનિક ધોરણે ઊભી થએલી વિનંતીઓ માટે પ્રાર્થના કરવી તેની અવગણના કરતું નથી.

## દૈનિક પ્રાર્થના સૂચિ

| | |
|---|---|
| **M**onday<br>**M**issonaries | મિશનરીઓ કે જેઓની ધર્મસેવાઓમાં ઈશ્વર અભિરુચિ ધરાવે છે અને આપણને સામેલ કર્યા છે. |
| **T**uesday<br>**T**hanksgiving | ઈશ્વર જે સર્વ કાંઈ છે, તેમણે જે સર્વ કર્યું છે, ભવિષ્યમાં તે સર્વ કાંઈ કરશે અને તેમણે જે સર્વ આપ્યું છે તે માટે આભારસ્તુતિ અને આરાધનાનો વિશેષ સમય |
| **W**ednesday<br>**W**orkers | પાળકો, સુવાર્તિકો, બાઇબલ શિક્ષકો અને ખ્રિસ્તી કાર્યકરો. |
| **T**hursday<br>**T**asks | પ્રાદેશિક જવાબદારીઓ, ધર્મ સેવાકીય ફરજો, નાણાંકીય જવાબદારીઓ વગેરે. |
| **F**riday<br>**F**amily | આપણું પોતાનું નાનું કુટુંબ અને વધારે વિશાળ કુટુંબ જેમાં આપણા સગા-સંબંધીઓ અને ખ્રિસ્તમાં ડૉરોથી અને મને પોતાના બાળકો અને પૌત્ર-પૌત્રીઓ જે વ્હાલા બનાવ્યા છે તેઓ બધાનો સમાવેશ. |
| **S**aturday<br>**S**inners | "ઈશ્વર માટેની તમારી ઝંખના" ની વૈશ્વિક ધર્મસેવા, આપણે રસ્તામાં જેઓની મુલાકાત કરી અને સાક્ષી આપી અને ખ્રિસ્તને નહિ ઓળખનાર કૌટુંબિક સભ્યો વગેરે. |
| **S**unday<br>**S**aints | ઈસુને તારનાર તરીકે તાજેતરમાં જ સ્વીકાર્યા છે તેવા લોકોને આપણે જાણીએ છીએ તેઓ માટે; આપણા જીવનોને જેઓની મારફતે સમૃદ્ધ કરવામાં આવ્યા છે તેવા પ્રાર્થના મિત્રો માટે; સતાવણી પામતી મંડળી - સંબંધી આપણે વિગતવાર માહિતી મેળવ્યાનો પ્રામાણિક પ્રયાસ કરીએ છીએ અને આજના દિવસોમાં મંડળીમાં ધર્મજાગૃતિ આવે. |






**જો તમે ઉદ્ધાર સંબંધીના ઈશ્વરના માર્ગની સંપૂર્ણ વધુ સમજણ મેળવવાની ઈચ્છા રાખો છો. તો લેખકે આ પુસ્તકનું લેખન કર્યું છે.**

# ઈશ્વર માટે તમારી ઝંખના

**ઈશ્વર માટે તમારી ઝંખના સુવાર્તા પ્રચાર કરવા તમને સાધનરૂપ પણ બની શકે છે.**

"આ એવું પુસ્તક છે કે જેના માટે મેં વીસ કરતાં વધારે વર્ષો સુધી પ્રાર્થના કરી છે."
***– જ્યોર્જ વર્વર, સ્થાપક, ઓપરેશન મોબિલાઈઝેશન***

સત્તાવન ભાષાઓમાં ત્રીસ લાખ કરતાં વધારે પ્રતોનું મુદ્રણ

**www.ccim-media.com**